कर भला होगा भला

- છગનભા



વર્ષ : 5 ◆ અંક : 6
નવેમ્બર-ડિસેમ્બર 2015
સળંગ અંક : 30


માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

'જ્ઞાનપીઠ એવોર્ડ-2015'થી વિભૂષિત



શ્રી રઘુવીર ચૌધરી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરની શુભેચ્છા મુલાકાતે
તા. ૪ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ પધારેલા અમેરિકા સ્થિત આપણા દાનવીર શ્રેષ્ઠીશ્રીઓ – મહેમાનશ્રીઓ.







માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૫, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૫; સળંગ અંક : ૩૦

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : 'જ્ઞાનપીઠ ઍવૉર્ડ-૨૦૧૫'થી વિભૂષિતશ્રી રઘુવીર ચૌધરી — મણિભાઈ પ્રજાપતિ ૧
- શ્રદ્ધાંજલિ : સ્વ. પ્રો. ડૉ. મહાવીરસિંહ ચૌહાણ ૭

૧. A Prototype Model of a National Ranking Tool for India's Universities.... — Dr. D. A. Ghanchi ૯

૨. વતનનો વૈભવ — ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ ૧૮

૩. જોહન નૅશ — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૧

૪. ગ્રંથ સૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૦

– સુભાષિત સૌરભ

- શ્વેતકેશી મિતર : નરોત્તમ પલાણ અભિવાદન ગ્રંથ

૫. સંસ્થા સમાચાર

– યુનિવર્સિટી/કૉલેજ વિભાગ ૩૫

– શાળા વિભાગ ૪૨


**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,

**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,

સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫

e-mail : manibhaiprajapati@gmail.com

ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### 'જ્ઞાનપીઠ ઍવૉર્ડ-૨૦૧૫'થી વિભૂષિત શ્રી રઘુવીર ચૌધરી

'જ્ઞાનપીઠ ઍવૉર્ડ-૨૦૧૫'થી અલંકૃત થઈ ગુજરાત અને ગુજરાતી ભાષાને ગૌરવપ્રદાન કરાવનાર પ્રબુદ્ધ સર્જક શ્રી રઘુવીરભાઈને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલય પ્રેસિડન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર આ ઉચ્ચતમ સિદ્ધિ હાંસલ કરવા બદલ ગૌરવ અને ધન્યતાની લાગણી અનુભવી હૃદયના ભારે ઉમળકાથી હાર્દિક અભિનંદન પાઠવે છે. ઉલ્લેખનીય છે કે ભારતીય જ્ઞાનપીઠ, નવી દિલ્હી દ્વારા પ્રતિવર્ષ ભારતીય સાહિત્યની શ્રેષ્ઠકૃતિ માટે અથવા સમગ્ર કૃતિત્વને ધ્યાને લઈ ઉત્કૃષ્ઠ પ્રદાન બદલ 'જ્ઞાનપીઠ પુરસ્કાર' એનાયત કરવામાં આવે છે. આ ઍવૉર્ડ અન્વયે સર્જકને રૂપિયા ૧૧ લાખ, સરસ્વતીની પ્રતિમા અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવે છે. ભારતમાં સાહિત્ય ક્ષેત્રે એનાયત કરવામાં આવતો આ સર્વોચ્ચ ઍવૉર્ડ છે. જેની શરૂઆત ઈ. સ. ૧૯૬૫થી કરવામાં આવી છે. આ પૂર્વે ગુજરાતી ભાષા-સાહિત્યમાં ઉમાશંકર જોશી (૧૯૬૭), પન્નાલાલ પટેલ (૧૯૮૫) અને રાજેન્દ્ર શાહ (૨૦૦૧) ને આ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

*

શ્રી રઘુવીર ચૌધરી ગુજરાતી ભાષાસાહિત્યના બહુમુખી પ્રતિભાસંપન્ન સર્જક તથા માનવીય ગૌરવ,

શીલ અને સૌંદર્ય તથા સાહિત્યપદાર્થના પરમ ઉપાસક છે. તેમણે સાહિત્યનાં વિવિધ સ્વરૂપો જેમ કે, નવલકથા, ટૂંકી વાર્તા, નાટક, એકાંકી, કવિતા, વિવેચન, રેખાચિત્રો તથા સાહિત્યિક પત્રકારત્વ, ધર્મદર્શન વગેરેમાં ૧૨૫થી અધિક સત્ત્વશીલ કૃતિઓ આપીને જે તે સ્વરૂપમાં બળૂકું પ્રદાન કર્યું છે. આ ઉપરાંત એક સારા અનુવાદક પણ ખરા ! તેમણે પોતાની કેટલીક પ્રસિદ્ધ કૃતિઓ જેમ કે ‘અમૃતા’, ‘આવરણ’, ‘ઉપરવાસ કથાત્રયી’ વગેરે, ઉમાશંકર જોશી કૃત ‘નિશીથ’ અને ‘પ્રાચીના’, પન્નાલાલ પટેલની કેટલીક રચનાઓ વગેરેના હિન્દી અનુવાદો આપીને ગુજરાતી સાહિત્યને ગુજરાતના સીમાડાઓ બહાર ગુંજતું કરવામાં મુખ્ય ભૂમિકા નિભાવી છે. સાથે સાથે હિન્દીમાંથી કેટલાક ગુજરાતી અનુવાદો પણ આપ્યા છે. એક શિષ્ટ અને સમર્થ સાહિત્યકાર તથા શીલવાન અને તેજસ્વી અધ્યાપક ઉપરાંત અનેકવિધ સાહિત્યિક અને સામાજિક સંસ્થાઓને સમર્થ નેતૃત્વ પૂરું પાડીને જીવંત રાખવામાં તેમનું મૂઠી ઊંચેરું પ્રદાન રહ્યું છે. સવિશેષતઃ ગુજરાતી સાહિત્ય પરિષદના વિકાસમાં તેમનું સીમાચિહ્નરૂપ પ્રદાન રહ્યું છે. તેમણે કાલિદાસ, ટાગોર, ગાંધીજી, ગોવર્ધનરામ ત્રિપાઠી, ક.મા. મુનશી, પન્નાલાલ પટેલ, પ્રેમચંદ, અજ્ઞેય, વિદ્યાનિવાસ મિશ્ર, ટી. એસ. ઇલિયટ વગેરેના સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો છે અને તેમના ચાહક પણ રહ્યા છે.

સ્પષ્ટ કથન, વ્યવહારપટુતા અને સ્વાભિમાન એ તેમના આગવા ગુણો છે. સાચી વાતને વ્યક્ત કરતાં સહેજ પણ ખચકાતા નથી. ગુજરાતમાં નવનિર્માણ આંદોલન સમયે તથા ભારતમાં કટોકટી લાદવામાં આવી ત્યારે એક જવાબદાર નાગરિક તરીકેનું કર્તવ્ય પણ તેમણે અદા કર્યું હતું. એક જાગરૂક શિક્ષક અને સાહિત્યકારનું દાયિત્વ હંમેશાં તેમની નજર સમક્ષ રહ્યું છે અને કોઈની પણ શેહમાં આવ્યા સિવાય નિર્ભીકપણે નિભાવ્યું છે. માનવ ગૌરવ સતત તેમની નજર સમક્ષ રહ્યું છે, કે જે તેમના વ્યવહારમાં અને કૃતિઓમાં અભિવ્યક્ત થયેલું જોવા મળે છે. તેમની ખાસિયતો અંગે તેમના માધ્યમિક શિક્ષણના શિક્ષક રહી ચૂકેલા શીલભદ્ર સારસ્વત પદ્મશ્રી ભોળાભાઈ પટેલે તેમનાં સંસ્મરણો તાજાં કરતાં નોંધ્યું છે કે, “આજે જે લક્ષણો વ્યક્તિ રઘુવીરમાં સ્પષ્ટ તરી આવ્યાં છે, તેમના અણસાર એમની છાત્રાવસ્થામાં પણ. આમ તો મને બહુ માને, પણ બીજા શિક્ષકોને તો એ સૂચના આપતા હોય કે તેઓ કેમ ભણાવે તો સારું.” આ જ વાત સેંટ ઝેવિયર્સ કૉલેજમાં અધ્યાપન દરમિયાન તેમના અધ્યાપક રામદરશ મિશ્રે પણ અનુભવી છે. તેમણે પણ નોંધ્યું છે કે “उनमें प्रतिभा थी किन्तु चालाकी नहीं थी, वे अक्खड थे। वे जो अनुभव करते थे, कहते थे। जो अच्छा लगा उसे अच्छा कहा, जो बुरा लगा उसे बुरा कहा। जिसके साथ मन रमा उसके साथ होलिए, जिसके साथ मन नहीं रमा या जहाँ चालाकी और झूठ देखा यहाँ नहीं जुडे। इस कारण वे बहुतों के अप्रिय हो उठते थे। बहुत से शिक्षक उनसे नाराज हो उठते थे जिनके लिखाये गये नोट वे क्लास में नहीं लिखते थे या जिनसे वे कोई असुविद्यापूर्ण सवाल कर देते थे और कुछ बहस जो जाती थी। जो भी हो रघुवीरने थोडे ही दिनों में पूरे कालेज में अपनी उपस्थिति दर्ज करा ली थी।” એમના સન્મિત્ર ચંદ્રકાન્ત શેઠે પણ અનુભવ્યું છે કે, “તપ અને એમનો તાપ – બંનેય ઉગ્ર લાગે તો નવાઈ નહીં; પરંતુ એ ઉગ્રતા પાછળ સુકુમારતા પણ હોય છે જ... છળ જાણે, મુત્સદ્દીગીરી સમજે, પટલાઈના પેચ ને સંસારના દાવપેચ પણ સમજે ને એ સમજદારીનો સર્જનાત્મક રીતે લેખન-સર્જનમાં - વાસ્તવિક એવાં કથા-ગુંફનમાં સર્જનાત્મક રીતે પૂરો લાભ ઉઠાવે, પણ રઘુવીર પોતાનું રઘીવુરપણું વહી જવા દે, અળપાવા દે એવી માટીના જ નહીં.”

**પ્રારંભિક જીવન**

જન્મ : વતન બાપુપુરા, તા. માણસા, તા. ૫-૧૨-૧૯૩૮ના રોજ. પિતા દલસિંહ, માતા જીતીબહેન, પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ માણસામાં. ઉચ્ચ શિક્ષણ વિસનગર અને અમદાવાદમાં. અભ્યાસમાં પ્રારંભથી જ તેજસ્વી અને અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યા છે. સેવાદળની પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેતા. અનેક સુભાષિતો, ભર્તૃહરિનું નીતિશતક અને કાલિદાસનું મેઘદૂત પણ કંઠસ્થ. છંદોનું પણ સરસ જ્ઞાન. ભોળાભાઈ પટેલે જણાવ્યું છે કે, “સંસ્કૃત સુભાષિતોનો મને શોખ, તો છાત્ર રઘુવીરે મારા કરતાં સવાયો શોખ સંસ્કૃત સુભાષિતોનો કેળવ્યો.” ગુજરાત યુનિવર્સિટીમાંથી બી. એ. (૧૯૬૦)ની પદવી હિન્દી-સંસ્કૃત સાથે પ્રથમ વર્ગમાં પ્રથમ અને ત્યાર બાદ આ જ વિષયોમાં એમ. એ. (૧૯૬૨)ની પદવી મેળવી. ૧૯૭૯માં “हिन्दी और गुजराती की क्रियात्मक

**धातुओं का तुलनात्मक अध्ययन.''** વિષય હેઠળ શોધપ્રબંધ તૈયાર કરીને પીએચ.ડી.ની પદવી મેળવી. જેનું પ્રકાશન લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે.

### વ્યવસાયિક કારકિર્દી

બી. એ. થયા બાદ તુરત જ સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ફેલો તરીકે નિયુક્ત થયા હતા. એમ. એ. (૧૯૬૨) થયા બાદ ગૂજરાત વિદ્યાપીઠ (૧૯૬૨-૧૯૬૫), થોડાક માસ માટે ભો. જે. અધ્યયન વિદ્યાભવન (૧૯૬૫), સરસપુર આર્ટ્સ કૉલેજ (૧૯૬૬-૬૭), બી. ડી. આર્ટ્સ કૉલેજ (૧૯૬૭-૭૦), અને એચ. કે. આર્ટ્સ કૉલેજ (૧૯૭૦-૭૭)માં હિન્દીના વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી. ૧૯૭૭માં ગુજરાત યુનિવર્સિટીના હિન્દી વિભાગમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા અને નિવૃત્તિપર્યંત (૧૯૯૮) સેવાઓ આપી. ૧૯૯૪થી ૧૯૯૮ દરમિયાન વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષપદે પણ રહ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ ૧૩ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી મેળવી છે. અધ્યાપન ઉપરાંત 'ગુજરાત સાહિત્ય પરિષદ'ના મંત્રી અને પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે અને હાલમાં તેના ટ્રસ્ટી, તેમજ 'શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન'ના ટ્રસ્ટી અને 'આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ'ના અધ્યક્ષ છે. બાપુપુરા કેળવણી મંડળના પ્રમુખ તરીકે તેમજ માણસા કૉલેજના ટ્રસ્ટી તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. 'નક્ષત્ર ટ્રસ્ટ', 'શબ્દલોક ટ્રસ્ટ' તથા 'રેખા સહકારી પ્રકાશન'માં આપેલ સેવાઓ પણ નોંધપાત્ર છે.

### સાહિત્યસર્જન : એક ઝલક

લેખનનો પ્રારંભ દસ વર્ષની વયે કવિતાથી થયો. એનું નિમિત્ત તેઓશ્રી ગામની ભજન મંડળી અને ભગત પિતાજીની ગરબીઓ તથા ભજનો રચવાની, ગાવાની અને ગવડાવવાની પ્રવૃત્તિને આપે છે. કિશોરવયથી જ તેમની સર્જનશક્તિ વણથંભી વિકસતી રહી છે. એમને કવિતા પ્રત્યે ભારે પક્ષપાત છે. તેમણે 'કુમાર' અને 'સંસ્કૃતિ'માં કવિતાઓ છપાયા બાદ જ અન્ય સામયિકોમાં મોકલવાનું કાચી ઉંમરે ઠરાવ્યું હતું. તેમના જ શબ્દોમાં 'હું ચાહું છું કવિતાને અને એથીયે વિશેષ પદ્યનાટકોને.' તેમના 'તમસા' 'ફૂટપાથ અને શેઢો' વગેરે કાવ્યસંગ્રહો પ્રગટ થઈ ચૂક્યા છે. તેમાં ગીત, ગઝલ, છાંદસ, અછાંદસ કાવ્યો છે. 'તેમનામાં કવિ અને કૃષિકાર વચ્ચે પાકો સુમેળ છે અને એવો જ સુમેળ ગામ અને નગરનો સાધવાની તેમની ઘટના જોવા મળે છે.' ઉલ્લેખનીય છે કે ૧૪-૧૫ વર્ષની વયે સ્ફુરેલી પંક્તિ- 'ખીલતા ફૂલને કદીએ મ્લાન મેં દીઠું નથી' - 'કુમાર'માં સુભાષિત તરીકે છપાયેલી.

નવલકથા સાહિત્ય સ્વરૂપમાં તેમનું બળવત્તર-પ્રદાન રહ્યું છે. તેમની પ્રથમ નવલકથા 'પૂર્વરાગ' (૧૯૬૪) કે જેમાં તેમણે મુગ્ધ પ્રણયકથાની સાથે હૉસ્ટેલ અને યુનિવર્સિટીઓમાં ચાલતા રાજકારણને વાચા આપી છે. જીવનદર્શન વ્યક્ત કરતી ચિંતનપ્રધાન, પ્રયોગશીલ અને બહુચર્ચિત નવલકથા 'અમૃતા' માત્ર ૨૭ વર્ષની વયે આપી. 'એકલવ્ય'માં વર્તમાન શિક્ષણ પ્રણાલી ઉપર વ્યંગ્ય છે, તો 'વેણુવત્સલા'માં લેખકની પરિપક્વ જીવનદૃષ્ટિ અને કલાશક્તિનાં દર્શન થાય છે. સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા પુરસ્કૃત 'ઉપરવાસ-સહવાસ-અંતરવાસ' કથાત્રયી તેમની યશોદાયી કૃતિ છે. લેખકે તેને 'વતનની આત્મકથા', 'વતનની માયાની વાત' તરીકે ઓળખાવી છે, અને તેમનો ઇરાદો 'સગી આંખે જોયેલું કહેવાનો ને લોહીના લયમાં અનુભવેલું જગત રજૂ કરવાનો સંકલ્પ' રહ્યો છે. આ એક જાનપદી નવલકથા છે કે જેમાં વિસનગર-માણસા તાલુકાની આસપાસના આંજણા સમાજની કથા છે. 'રુદ્રમહાલય' (રુદ્રમહાલયની કર્પૂરમંજરી, બીજી આવૃત્તિ) અને 'સોમતીર્થ' તેમની ઐતિહાસિક નવલકથાઓ છે કે જેમાં તત્કાલીન યુગીન ઇતિહાસ અને સંસ્કૃતિનાં તેમણે કરેલાં ગહન અધ્યયન સંશોધનની સાક્ષાત્ પ્રતીતિ થાય છે, એ વિષયક આપેલ ૩૭ સહાયક ગ્રંથોની સૂચિ વાચકોને ઉપકારક બની રહેશે. તેમની અન્ય સુપ્રસિદ્ધ નવલકથાઓ છે : 'લાગણી', 'શ્રાવણ રાતે', 'શ્યામસુહાગી', 'સમજ્યા વિના છૂટાં પડવું', 'એક ડગ આગળ - બે ડગ પાછળ' વગેરે. તેમના ૧૧ ટૂંકી વાર્તાના સંગ્રહો પણ પ્રગટ થયા છે.

રંગમંચ સાથે તેમને વિશેષ નિસબત રહી છે, પરિણામે રંગમંચની ક્ષમતાવાળાં 'અશોકવન', 'ઝૂલતા મિનારા', 'સિકંદરસાની' જેવાં નાટકો અને કેટલાંક એકાંકીઓ મળ્યાં છે. 'બારીમાંથી બ્રિટન' અને 'તીર્થભૂમિ ગુજરાત' તેમના સાંસ્કૃતિક પ્રવાસગ્રંથો છે. અહીં તેમણે જે પ્રદેશનાં કલા, સંસ્કૃતિ અને સાહિત્ય તીર્થોની લીધેલ

મુલાકાતોનો અભ્યાસનિષ્ઠ અને હૃદયંગમ પરિચય કરાવ્યો છે. આ ઉપરાંત 'ચીન ભણી' અને 'અમેરિકા વિશે' પણ ગ્રંથો પ્રગટ થયા છે.

'સહરાની ભવ્યતા' અને 'તિલક ભાગ ૧ અને ૨'માં સમાજના વિવિધસ્તરના ૨૨૪ સારસ્વતો, કર્મશીલો, સર્જકો વગેરેનાં ચરિત્રોનું સુપેરે રેખાંકન કરવામાં આવ્યું છે. આટલી બધી વ્યક્તિઓને નજીકથી ઓળખવી અને તેમની ગુણરાશિનાં દર્શન કરવામાં લેખકની સર્જકશક્તિ અને માનવમાં રહેલી આસ્થા 'માણસની ભલાઈ જોવાનો રાજીપો'નાં દર્શન થાય છે. આ રેખાચિત્રો સંબંધી લેખકના જ શબ્દો : 'દોષ પર હસી લેવું ને ગુણ પર મુગ્ધ થવું ને ગુણ પર મુગ્ધ થવું એટલે તિલક કરવા પ્રેરાવું. મનમાં તીર્થનું વાતાવરણ સર્જવું.... કશા હેતુ વિના શુભને વખાણવું એ ચાહનાનું જ એક રૂપ છે. કંઈક આવી મૂડી આ રેખાચિત્રોમાં રોકાયેલી છે... અહીં માત્ર રેખાચિત્રો નથી, આસ્વાદો અને પરિચયો પણ છે.' સાહિત્ય વિવેચન ક્ષેત્રે 'અદ્યતન કવિતા', 'વાર્તાવિશેષ', 'દર્શકના દેશમાં' વગેરે તેમના નોંધપાત્ર વિવેચન ગ્રંથો છે.

રઘુવીરભાઈની વિવિધ વિષયક કૃતિઓ પૈકી ૪૨ નવલકથા, ૧૧ ટૂંકી વાર્તા સંગ્રહો, ૨ રેખાચિત્ર સંગ્રહો, ૪ નાટક, ૨ એકાંકી સંગ્રહો, ૪ કવિતા સંગ્રહો, ૧૦ વિવેચન સંગ્રહો, ૪ પ્રવાસ વર્ણનો, ૫ સંસ્કૃતિ અને ધર્મચિંતન, ૬ નિબંધ સંગ્રહો, ૧૦ અનુવાદો અને ૫૦થી અધિક સંપાદનો પ્રગટ થયાં છે.

લેખકનાં ધર્મપત્ની શ્રીમતી પારુબહેન ઊંડી સૂઝ અને સમજશક્તિ તથા સરસ આતિથ્ય ભાવના ધરાવે છે. પારિવારિક જવાબદારીમાંથી રઘુવીરભાઈને મુક્ત રાખીને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે તેમના સાહિત્ય સર્જનમાં મદદરૂપ નીવડ્યાં છે. તેમની કોઠાસૂઝ દર્શાવતું નીચેનું ઉદાહરણ તેમના વ્યક્તિત્વને ઓળખવા માટે પર્યાપ્ત છે : રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત પ્રસંગે ઝીણાભાઈ દેસાઈ તેમના ઘેર પધાર્યા હતા તે સમયે તેમણે શ્રીમતી પારુબહેનને પૂછેલું કે 'રઘુવીરભાઈનું વાંચો છો ?' તુર્ત જ પ્રત્યુત્તર પાઠવેલ કે 'મારું બોલેલું તો એ લખે છે પછી શું કામ વાંચું ?' આ છે પારુબહેન !

ઉલ્લેખનીય છે કે તેમના સમગ્ર કૃતિત્વને આવરી લેતો 'રઘુવીર ચૌધરી અધ્યયનગ્રંથ : 'અમૃતાથી ધરાધામ', ૨ ખંડ (૨૦૧૪)નું સંપાદન દૃષ્ટિ પટેલ અને સુનીતા ચૌધરી દ્વારા કરવામાં આવ્યું છે. પ્રસ્તુત ગ્રંથ રઘુવીર ચૌધરીના સર્જકત્વ અને વ્યક્તિત્વને પામવા માટે પ્રમુખ આધારસ્રોત બની રહેશે. આ પૂર્વે ડૉ. આલોક ગુપ્તા સંપાદિત અભિનંદન ગ્રંથ 'ભારતીય ઉપન્યાસ કી અવધારણા ઔર રઘુવીર ચૌધરી કા સૃજન (૧૯૯૯) શીર્ષક હેઠળ પણ પ્રકાશિત છે.

### માન-સન્માન અને ઍવૉર્ડ

શ્રી રઘુવીરભાઈને તેમના બહુશ્રુત પ્રદાન માટે ગુજરાત અને દેશની અનેકવિધ વિદ્વત્ સંસ્થાઓ દ્વારા વિભૂષિત કરવામાં આવ્યા છે. તેમને એનાયત કરવામાં આવેલા કેટલાક ઍવૉર્ડ, પારિતોષિક નીચે મુજબ છે.

૨૦૧૫ : જ્ઞાનપીઠ ઍવૉર્ડ
૨૦૧૩ : સાહિત્ય અકાદેમી, નવીદિલ્હીની ફેલોશિપ
૨૦૧૦ : 'મહાપંડિત' રાહુલ સાંકૃત્યાયન પુરસ્કાર.
૨૦૧૦ : નર્મદ સુવર્ણચંદ્રક
૨૦૦૧ : સાહિત્ય ગૌરવ પુરસ્કાર (ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર)
૧૯૯૭ : ગોવર્ધનરામ ત્રિપાઠી પુરસ્કાર ('સોમતીર્થ' માટે)
૧૯૯૫ : ક. મા. મુનશી સુવર્ણચંદ્રક
૧૯૯૫ : નંદશંકર મહેતા ચંદ્રક ('કાચાસૂતરના તાંતણે')
૧૯૯૪ : શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન ઍવૉર્ડ
૧૯૯૧ : આનર્ત ઍવૉર્ડ
૧૯૮૯ : સૌહાર્દ સન્માન (ઉત્તર પ્રદેશ સરકાર)
૧૯૭૭ : સાહિત્ય અકાદમી, નવીદિલ્હી, દ્વારા પુરસ્કૃત ('ઉપરવાસ કથાત્રયી' માટે)
૧૯૭૫ : રણજિતરામ સુવર્ણચંદ્રક
૧૯૬૫ : કુમારચંદ્રક

આ ઉપરાંત ૧૯૯૨માં School of Oriental and African Studies, University of London દ્વારા Visiting Fellow તરીકે નિમંત્રિત, ૧૯૯૧ અને ૨૦૦૦માં American Literary Acedemy દ્વારા વ્યાખ્યાનો આપવા માટે નિમંત્રિત તથા ૧૯૮૪માં ગુજરાત સાહિત્ય અકાદમી, લંડનના આમંત્રણથી શ્રી દર્શક સાથે બ્રિટનની સાંસ્કૃતિક યાત્રા, કેન્દ્રીય સાહિત્ય અકાદમી, નવીદિલ્હીની કારોબારી સમિતિના સભ્ય

(૧૯૯૮-૨૦૦૨) તરીકે સેવાઓ આપી છે.

**સારસ્વતઓએ આમ કહ્યું -**

ભાઈ રઘુવીરે 'દર્શકના દેશમાં' લખવાનું વિચાર્યું એમાં એક ઔચિત્ય છે. પોતાની અગાઉના સમકાલીન કલાકાર વિશે લખવાના ઉપક્રમો આવકારપાત્ર છે. પોતે એવા પુરાગોમીનો કોઈક પ્રભાવ પણ અનુભવ્યો જ હોય અને એનાથી પોતાની શૈલી પોતાનો અભિગમ, પોતાની આખી કલા - ઇબારત જુદાં જ હોય છે. અને છતાં પુરોગામીની કલાને અન્યાય ન થાય એ રીતે એ નવી રજૂઆત કરવી એ એક કરવા જેવું વિવેચનકાર્ય છે. શ્રી રઘુવીર ચૌધરીએ 'દર્શક'નો સતત સથવારો કર્યો છે. પહેલાં એમની નવલકથાઓનો સંક્ષેપ કર્યો, એ નવલકથાઓના મૂલ્યાંકનનો પ્રયાસ કર્યો, હવે આખા દર્શક-લોકમાં વાચકને એ ફેરવે છે અને આની પછી પણ કશુંક નહીં આવે એમ કેમ કહેવાય ? જીવતા સર્જકોમાં આવો રસ લેવો એ સાહિત્ય પ્રવૃત્તિઓની સજીવતાની નિશાની છે. એવો રસ લઈ શકાય એવા સર્જકોની કદી કમી ન હશો.

**ઉમાશંકર જોશી**

*

મારે મન 'અમૃતા' એક આહ્‌લાદક કૃતિ હતી, પરંતુ તે યૌવનની સર્જકતાનું ફળ હતું. એમાં યુવાન પ્રેમના ઉલ્લાસનું અને યૌવને કલ્પેલી જીવનની ઉદાત્તતા અને કરુણતાનું દર્શન હતું. 'વેણુ વત્સલા' એ જ લેખકની પરિપક્વ બનતી જીવનદષ્ટિ અને કલાશક્તિનું ફળ છે એમ મને લાગ્યું છે. એમાં 'અમૃતા'ની રોચક ભાવનાશીલતાની સાથે સાથે જીવનની સંકુલતા, આંતરિક જીવનની વિષમતાઓ તથા એનાં ભયસ્થાનોની ઊંડી સૂઝનું દર્શન મને થયું છે. 'અમૃતા'ના ચાહકો 'વેણુ વત્સલા'માં પ્રગટ થતા રઘુવીરની સર્ગશક્તિના નવા રૂપને પણ હૃદયથી આવકારશે એવી મને શ્રદ્ધા છે.

**ચી. ના. પટેલ**

*

રઘુવીર ચૌધરી લગભગ સર્વતોમુખી સર્જક છે. અહીં એમનું ત્રિઅંકી નાટક 'સિકંદર સાની' પ્રગટ થાય છે. એમાં ભૂતકાળ અને વર્તમાનનો તથા સાહિત્ય અને રંગભૂમિનો સફળ સમન્વય સિદ્ધ થાય છે. એમાં મોહ (અલાઉદ્દીન) અને પ્રેમ (કુન્તલ) વચ્ચેનો સંઘર્ષ પ્રગટ થાય છે. કોઈ પણ યુગમાં કોઈ પણ ધનલોલુપ, સત્તાલોલુપ, કીર્તિલોલુપ અને અહીં વધુમાં સૌંદર્યલોલુપ - મનુષ્યની જે ગતિવિધિ થાય એ આ નાટકના કેન્દ્રમાં છે. એમાં મોહની અનિવાર્ય નિષ્ફળતા અને વિશેષ તો નિઃસારતાનું દર્શન છે. અહીં નાયકનું ઇતિહાસકારની દૃષ્ટિએ નહિ પણ કવિની દૃષ્ટિએ દર્શન કર્યું છે. એથી એમાં 'પીછો'માં તેમ વિધિવક્રતાને કારણે કટાક્ષ તો છે જ પણ મનુષ્યની આ કરુણતા પ્રત્યે કરુણા પણ છે. પાત્રાલેખન, વસ્તુવિધાન, સંવાદ, નાટકમાં નાટક, પેજન્ટ આદિને કારણે આ નાટક માત્ર સાહિત્યરસિકોને માટે જ નહિ પણ રંગભૂમિના કલાકારોને માટે પણ આકર્ષણરૂપ છે.

**નિરંજન ભગત**

हठात् याद आते है तुलसीदास :

**साधु चरित सुभ चरित कपासू ।**
**निरस विसद गुनमय फल जासू ॥**
**जोसहि दुःख पर छिद्र दुरावा ।**
**वंदनीय जेहिं जग जस पावा ॥**

निश्चय ही वे [रघुवीर] कपास की तरह विमल है, गुणी है, परदुःख कातर है । स्वयं दुःख सहकर भी दूसरों के छिद्र ढंकते हैं । इस प्रकार उनके चरित को सुभ और साधु कहना ही पडेगा ।

**नामवर सिंह**

*

રઘુવીર ચૌધરી બહુમુખી પ્રતિભાના સાહિત્યકાર છે. કવિતા, વાર્તા, નવલકથા, નાટક, વિવેચન, રેખાચિત્ર, વ્યંગ્ય, વિનોદ, પત્રકારત્વ - આ બધાં ક્ષેત્રોનું એમણે મબલખ ખેડાણ કર્યું છે... આજે એ કહેતાં આનંદ થાય છે કે 'સરસ્વતીચંદ્ર' જેવી આપણી નવલકથાના પ્રથમ મૂર્ધન્ય રચનાકાર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના નવલકથા વારસાને રઘુવીર ચૌધરીએ પોતાની અનેકવિધ અને અનેક નવલકથાઓથી સમૃદ્ધ કર્યો છે... ગોવર્ધનરામના ઉત્તમ ગોત્રજ છે, એમાં સંદેહ નથી.

**ભોળાભાઈ પટેલ**

*

मनुष्यता इनके लेखन को शक्ति देती है । उनका लेखन केवल भाव-विलास नहीं हैं, वह उनके मनुष्य होने के साथ जुडा है, इसलिए मनुष्य होने की अनुभूति को दूर तक संचरित करता है । बिना किसी समाजवादी दावे के उन्हें अभिशप्तों के लिए, मानवीय सिद्धांतोके लिए लडते देखा

है, झूठ का जमकर प्रतिवाद करते देखा है... रघुवीर का होना रघुवीर का होना है... रघुवीर बडे कद के लेखक है, बडे कद के मनुष्य है और बडे कद के शिष्य है।

**रामदरश मिश्र**

*

रघुवीर चौधरी विचार या अनुभव की किसी पूर्वनिर्धारित लीक पर चलनेवाले रचनाकार नहीं है उनके साहित्यमें बोध और संवेदना का वैविध्य है। उनके लिये काल की अनंतता का अनुभव उतना ही महत्त्वपूर्ण है जितनी महत्त्वपूर्ण क्षण की अनुभूति। उनके साहित्य में जहाँ एक और व्यक्ति की आत्मपहचान के लिये चलने वाले संघर्ष का निरूपण है वहीं दूसरी और समष्टि की अपराजेय चेतना की ऐतिहासिक भूमिका का बखान आधुनिकता और परंपरा, यथार्थ और स्वप्न, नगर बोध और आंचलिकता, संपत्ति और जाति पर आधारित विषमता और आर्थिक असमानता तथा सामाजिक न्याय के लिये चलनेवाले संघर्ष रघुवीर चौधरी के साहित्य मैं जीवन की अर्थवत्ता की तलाश के लिये उपर्युक्त सामग्री प्रस्तुत करते हैं।

**महावीरसिंह चौहान**

*

રઘુવીરમાં ગાંધીજી ને સાર્ત્ર, પ્રેમચંદ અને અજ્ઞેય, નરસિંહ ને નિરંજન - આ સૌનો સહવાસ માણવાની સહજ ફાવટ છે. કોદાળી ને કલમ વચ્ચેનું અંતર એમને અનુકૂળ લાગતું નથી. દૈન્ય ને પલાયન એમની રુચિમાં નથી. એમને તો મશાલ લઈને નીકળેલો માણસ પથ્થર લઈને આવ્યાની અપાર વેદના છે ને છતાં આ જ માણસ માટે તેમણે અપાર શ્રદ્ધા છે, કેમ કે તે અજવાળાની ઓળખ ધરાવે છે. રઘુવીર એ અજવાળાની ઓળખવાળા માનવીના સ્વયંનિયુક્ત પ્રવક્તા છે. રઘુવીર એ રીતે પોતાની પિછાણ આપવામાં બિનધાસ્ત ગૌરવ અને આનંદ અનુભવે એવું એમનું શીલ છે, પોત છે, એવો એમનો ઢાળો છે.

**ચન્દ્રકાન્ત શેઠ**

*

રઘુવીરભાઈની વાણી મધુર ખરી, પણ સત્યથી કદી વેગળી નહીં જે કહેવાનું હોય તે મોઢામોઢ કહી દે. અલબત્ત, એ કથનમાં પણ કશુંક આગવું રઘુવરીય લક્ષણ હોવાનું, જે હોય તે, પણ એ કદી વાણીવિવેકન ન ચૂકે, એમની વાણીની લાક્ષણિકતાનું મહત્ત્વ અંગ-માર્મિક વ્યંગ, એ વ્યંગમાં હેતુપૂર્વક નિરૂપેલો ખાસ અર્થબોધ હોય.

**મોહનલાલ પટેલ**

રઘુવીરભાઈનો ઉછેર અને કામગીરી એવાં રહ્યાં છે કે સાહિત્ય પછીનું તેમના રસનું સૌથી પ્રબળ કેન્દ્ર શિક્ષણ રહ્યું છે. ગાંધી-વિનાબાને તેમણે પચાવ્યા છે, એટલે તાત્વિક સ્પષ્ટતા પણ સારી. રઘુવીરભાઈની સામાજિક નિસબત પ્રબળ છે. તેમાં સક્રિય રહેવું એ પોતાના હોવાની સાર્થકતા છે એમ માનનારા સર્જક, વિચારક, કાર્યકર છે, એટલે તેમનાં આ કાર્યોમાં વ્યાપ અને ઊંડાણ બંને છે. ગુજરાતી સાહિત્યમાં આવા સર્જક હોવા એ ખુશનસીબી ગણાય.

**મનસુખ સલ્લા**

*

**નારી કેલફ્ળ-શા વ્યક્તિત્વનો માલિક**
**મને એની ખાલીખાલી લાગ્યા કરે બીક.**

**રમેશ પારેખ**

*

છેલ્લાં દસેક વર્ષમાં રઘુવીરભાઈની જાહેરક્ષેત્રની કામગીરીને નજીકથી જોવાનું બન્યું છે. અંગત કામ માટે કદાચ ક્યાંય સમાધાન ન કરે એવું આત્મગૌરવ ધરાવતા આ સર્જકને મેં અનેક વખત વિરોધોને શમાવી દઈને, સૌને સાથે રાખવાનો સફળ પ્રયત્ન કરતા જોયા છે. સંસ્થા માટે એમણે ગાંઠના પૈસા ખર્ચ્યા છે પરંતુ અંગત લાભ માટે ક્યારેય સત્તાનો ઉપયોગ કર્યો નથી. એમની આ કાર્યપદ્ધતિમાંથી મને મૂલ્યોને ટકાવવા માટેના સંઘર્ષનું બળ મળતું રહ્યું છે.

**ઉષા ઉપાધ્યાય**

વાર્તા હોય, નવલકથા હોય કે અન્ય કોઈ કલાપ્રકાર હોય પણ મનમાં રઘુવીર વિશે એક એવી મુદ્રા અંકિત થઈ છે કે રઘુવીર મૂલ્યોના માણસ છે. આ વાત એમની કૃતિમાં સહજપણે ઊપસી આવે છે. એમના આલેખનમાં આંધળી ભાવુકતા નથી પણ સહજ સ્વાભાવિકતા છે અને એટલે એમાં પ્રચારશૂન્ય રમ્યતા અને ધન્યતા બંનેનો અનુભવ થાય છે.

**સુરેશ દલાલ**

**– મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

# સ્વ. પ્રો. ડૉ. મહાવીરસિંહ ચૌહાણ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પૂર્વ-ઉપકુલપતિ, હિન્દી ભાષા-સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન અને આજીવન વિદ્યાર્થી – સંશોધક, માનવીય ગૌરવ, શીલ અને સદાચારના ઉપાસક તથા વિદ્યાર્થી સમાજના વત્સલ ગુરુવર્ય પ્રો. ડૉ. મહાવીરસિંહ ચૌહાણસાહેબ (૧૯૩૯)નું ગાંધીનગરમાં તા. ૨ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ અવસાન થતાં વિદ્યાજગતમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી ગઈ. ગાંધીનગરમાં તેમની ઉપસ્થિતિ એક વિદ્યા-પીઠ સમાન હતી. તેઓશ્રી વિદ્યાજગત અને સવિશેષતઃ હિન્દી સાહિત્યના જિજ્ઞાસુઓ તથા સંશોધકોની આસ્થાનું કેન્દ્ર હતા. પ્રસન્નવદને આતિથ્યભાવ સાથે સૌની જિજ્ઞાસાઓનું શમન કરવા હરહંમેશાં સમર્પિત રહેતા. તેઓશ્રી નિવૃત્તિ બાદ ખરા અર્થમાં ગાંધીનગરમાં કુલપતિત્વ શોભાવી રહ્યા હતા. તેમના નિધનથી વિદ્યાપ્રેમીઓએ એક આશરો ગુમાવ્યો છે.

આધુનિક હિંદી કવિતા, કથાસાહિત્ય, તુલનાત્મક સાહિત્ય ઉપરાંત સવિશેષતઃ ભારતીય નવજાગરણયુગીન સાહિત્ય – ભારતેન્દુ તથા નર્મદ યુગીન સાહિત્ય એ તેમના અધ્યયન – અધ્યાપન – સંશોધનના રસના વિષયો રહ્યા હતા. તેમની આગવી ધ્યાનાકર્ષક અને અનુકરણીય વિદ્યાપ્રવૃત્તિ એ રહી કે તેમણે પીએચ. ડી. ડિગ્રી હેતુ પસંદ કરેલ સંશોધન વિષય "દયારામ ઔર ઉનકી હિન્દી કવિતા"ની સાથે સમગ્ર દયારામ અને ગુજરાતી સાહિત્ય તેમના વિદ્યાવ્યાંસગનો આજીવન વિષય બની રહ્યો. અર્થાત્ સઘન અધ્યયનશીલ પ્રકૃતિના કારણે તુલનાત્મક સાહિત્ય ક્ષેત્રમાં હિન્દીના માધ્યમથી ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવામાં – ગુજરાતી ભાષા–સાહિત્યની કેટલીક શ્રેષ્ઠ રચનાઓને હિંદીમાં અનુવાદિત કરીને હિંદી સાહિત્ય-જગતને ગુજરાતી સાહિત્યની ઉપલબ્ધિઓથી સુપરિચિત કરાવવામાં ઘણું મોટું યોગદાન આપ્યું છે. આ સાથે ગુજરાતી દલિત સાહિત્યને વિવિચન અને અનુવાદના માધ્યમથી આગવી ઓળખ અપાવવામાં તેના હામી બની રહ્યા હતા. તેમના દ્વારા સ્થાપિત ગુર્જર ભારતી અકાદમીના માધ્યમથી તેમણે ગુજરાતી-હિન્દીની ઘણી નોંધપાત્ર સેવા કરી છે. તેમના આ બધા કાર્યોની નોંધ હિન્દી – ગુજરાતીના શીર્ષસ્થ વિદ્વાનો ડૉ. રામદરશ મિશ્ર, ડૉ. નામવરસિંહ, પ્રો. સિતાંશુ યશશ્ચંદ્ર, પ્રો. ભોળાભાઈ પટેલ, શ્રી રઘુવીર ચૌધરી, પ્રો. ચન્દ્રકાન્ત મહેતા વગેરેએ પોતાનાં લખાણો / વક્તવ્યોમાં સગર્વ લીધી છે.

તેમની અનુવાદ – પ્રવૃત્તિ તથા તેમના નવજાગરણ યુગીન સાહિત્ય ક્ષેત્રના પ્રદાનને યથાતથ ઉજાગર કરતાં ડૉ. અનુપા ચૌહાણના શબ્દો "મહાવીરસિંહ કે લિયે ગુજરાતી સાહિત્ય કે અધ્યયન કા અર્થ હૈ ગુજરાતી ભાષા ઔર સાહિત્ય મેં રચે બસે ઉન ગતિશીલ સાંસ્કૃતિક તત્ત્વોં કા સાક્ષાત્કાર જિસે હમ ગુજરાત કી અસ્મિતા કે રૂપ મેં પહચાનતે હૈં. ઉન્હોને અપને અધ્યયન કે દ્વારા જહાઁ એક ઔર ગુજરાતી સાહિત્ય મેં અંતર્ભુક્ત લોકજીવન કે ભાવ સૌંદર્ય કી પહચાન કરાઈ હૈ વહી દૂસરી ઔર યુગ કી અસંગતિયોં ઔર અતર્વિરોધોં કે બીચ જન્મ લેનેવાલી આધુનિક મનુષ્ય કી આધ્યાત્મિક રિકતતા કે વિરુદ્ધ જૂઝતે ગુજરાતી રચનાકાર કે આત્મ સંઘર્ષ કી ઔર ભી નિર્દેશ કિયા હૈ. યૂ ગુજરાતી કે રચનાકારોં ઔર ગુજરાતી સાહિત્ય કી પ્રવૃત્તિયોં કે વિશ્લેષણ મેં ઉનકી દૃષ્ટિ તુલનાત્મક રહી હૈ લેકિન દોનોં ભાષાઓં કે નવજાગરણ કાલીન સાહિત્ય કે અધ્યયન મેં ઉસ તુલનાત્મક આલોચના દૃષ્ટિ કા વિશેષ સમાહાર હુઆ હૈ. ઉનકી માન્યતા હૈ કિ નર્મદ કા સામાજિક ઔર સર્જનાત્મક સંઘર્ષ ગુજરાત કી સાંસ્કૃતિક ચેતના કે ઉન તત્ત્વોં કી ઔર નિર્દેશ કરતા હૈ જિન્હેં ગાંધીજી કે વિચારો મેં વ્યાપક રાષ્ટ્રીય સ્વીકૃતિ પ્રાપ્ત હુઈ" તથા સિતાંશુ યશશ્ચંદ્રના શબ્દો : One of the most distin-

guished practitioners of Comparative Literature in India today, Professor Mahavirsingh Chauhan is best known as an able interpreter of Gujarati and Hindi literatures for the rest of India. His studies in the nineteenth century century Indian Renaissance are subtle and profound. His hermenutic study of major texts by Bharatendu Harishchandra and Kavi Narmad and their cultural contexts, brings out inherent links between inter-regional literary and cultural forces of that period. His pioneering theortical work in this area is ably substantiated by his sensitive and lucid translations of some major Gujarati texts into Hindi. His studies of and translation from early modern Gujarati literature the nineteenth century, extend into the twentieth century and reach innoatively into our present times, through his studies of and translations from contemporary poets including Rajendra Shah and Sitanshu Yashashchandra'' તેમની પ્રતિભાના દ્યોતક બની રહે છે તેમનાં મૌલિક પ્રકાશનો પૈકી : ૧. દયારામ ઔર ઉનકી હિન્દી કવિતા (૧૯૮૨), ૨. નયી કવિતા કી પ્રબંધ ચેતના (૧૯૮૪), ૩. કવિ રામદરશ મિશ્ર (૧૯૯૦), ૪. રામદરશ મિશ્ર એક સર્જનયાત્રા (૧૯૯૯). સંપાદન : ૧. તુલનાત્મક સાહિત્ય : સિદ્ધાન્ત ઔર સમીક્ષા (૧૯૯૪), ૨. ભારતીય નવજાગરણ ઔર ભારતેન્દુ ઔર નર્મદ યુગ કા સાહિત્ય (૧૯૮૬), ૩. હિન્દી ઔર ગુજરાતી કે ગ્રામ કેન્દ્રિત ઉપન્યાસ (૧૯૯૭), ૪. નવજાગરણકાલીન ગુજરાતી સાહિત્ય (૧૯૯૬), ૫. દયારામ સતસઈ. અનુવાદ : મહાપ્રસ્થાન : ઉમાશંકર જોશી (૧૯૯૭) ભારતીય કવિતાયેં (ભારતીય જ્ઞાનપીઠ કે લિયે ગુજરાતી કી કવિતાઓં કા ચયન ઔર અનુવાદ, ૧૯૮૯-૯૦-૯૧) સિતાંશુ યશશ્ચંદ્રની પસંદગીની કવિતાઓને હિંદી અનુવાદ (હસ્તપ્રત તૈયાર) વગેરે ઉલ્લેખનીય છે.

ઉલ્લેખનીય છે કે ડૉ. ચૌહાણસાહેબનું મૂળ વતન ઉત્તરપ્રદેશ, જ્યારે ગુજરાતની ભૂમિ તેમની ઉચ્ચ શિક્ષણદાયી, કર્મભૂમિ અને સર્જનભૂમિ રહી. હિન્દીના અધ્યાપક તરીકેની કારકિર્દીનો પ્રારંભ મોરબીની કૉલેજમાંથી કર્યા બાદ પિલવાઈની કૉલેજમાં કેટલાંક વર્ષો અધ્યાપન કર્યું. અહીં વિદ્વાન અધ્યાપક-સંશોધક તરીકે ગુજરાતમાં છવાઈ ગયા. રઘુવીરભાઈએ નોંધ્યું છે કે પિલવાઈ જેવા ગ્રામ્યવિસ્તારની કૉલેજમાં સાથી અધ્યાપક-મિત્ર શ્રી કિરણ માથુર વગેરેના સહકારથી સાહિત્યિક આબોહવાનું નિર્માણ કરીને કૉલેજને આગવી ઓળખ તેમણે અપાવી હતી. પિલવાઈની આસપાસના કાંઠા વિસ્તારમાં શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે તેઓશ્રી સતત કાર્યશીલ રહ્યા હતા. જીવનના ઉત્તરાર્ધમાં ગુજરાત યુનિવર્સિટીના ભાષા-ભવનમાં હિન્દી વિભાગમાં જોડાયા. અહીં પ્રો. ભોળાભાઈ પટેલ, શ્રી રઘુવીર ચૌધરી અને તેમની ત્રિમૂર્તિએ વિદ્યાર્થીઓમાં હિન્દી ભાષા-સાહિત્યના અધ્યયન પ્રતિ ભારે આકર્ષણ પેદા કર્યું, તેમ જ સવિશેષતઃ સમકાલીન હિન્દી સાહિત્યના અધ્યયન માટે પ્રેરિત કરવામાં અહમ્ ભૂમિકા નિભાવી હતી. તુલનાત્મક સાહિત્યના અધ્યયન – અધ્યાપનમાં વિશેષ રસ-રુચિના કારણે કારકિર્દીના અંતિમ તબક્કામાં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરમાં તુલનાત્મક સાહિત્યના પ્રોફેસર તરીકે જોડાઈને સેવાનિવૃત્ત થયા હતા. અહીં તેમણે પોતાની મૂળભૂત કામગીરી ઉપરાંત યુજીસીના વિશેષ અનુદાનની યોજના અંતર્ગત બે મોટા રિસર્ચ પ્રોજેક્ટના ડિરેક્ટર તરીકે પણ સેવાઓ આપી હતી. આ ઉપરાંત ભારતીય જ્ઞાનપીઠ, કેન્દ્રિય હિન્દી નિદેશાલય (નવી દિલ્હી), ભારત સરકારના કપડા મંત્રાલયની કેન્દ્રિય હિન્દી કાર્યાન્વયન સમિતિ, હિન્દી સાહિત્ય અકાદેમી (ગુજરાત રાજ્ય) વગેરેમાં તેના સભ્ય / સલાહકાર / તજ્જ્ઞ તરીકે પોતાની બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

આવા ગૌરવશીલ સ્વનામધ્ય પ્રો. મહાવીરસિંહ ચૌહાણના અવસાનથી કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર દિવંગત આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે તેવી આર્ત સ્વરે પ્રાર્થના કરે છે, તેમ જ શોક સંતપ્ત પરિવારને દિલસોજી પાઠવે છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

# A PROTOTYPE MODEL OF A NATIONAL RANKING TOOL FOR INDIA'S UNIVERSITIES: A FUNCTIONAL INSTRUMENT FOR SUSTAINABLE IMPROVEMENT IN THE SYSTEM

Dr D. A. Ghanchi

**Introductory:** With the inauguration of the age of L.P.G. in India in the last decade of the 20th century and the subsequent onset of the Knowledge Age in the first decade of the 21st century, the scenario of education in general, and that of higher education in particular, has been marked by an increasing consciousness on the part of the policy makers , of the stake holders and of the practitioners of higher education of serious deficiencies in the system, which prevent the institutions in the system from making a modest breakthrough in the citadel of the world rankings of universities being done by agencies like the T.H.E. and others.

There prevails in the country a pervasive feeling of dissatisfaction with the overall performance of our system of higher education leading to unacceptable levels of wastage of resources, ,and robbing the country its legitimate share in the pie of the world rankings of universities. It has been complained by leading organizations like the I.C.C., Assocham and others that the average graduate product of the system of higher education is found to be not only not-job-ready but also not- life -ready .This reality of defective productivity of the country's higher education system has been diagnosed by special investigative bodies like the N.K.C. chaired by the eminent techno-educationist, Dr Sam Pitroda and the committee for renovation and rejuvenation of higher Education chaired by the stalwart educational activist Dr. Yashpal. The air in the country seeths with intense impatience of the nation with the deficient working of the system.

The nation's mood of doom is further aggravated by the world rankings of universities announced by the T.H.E. (2014) that has placed not a single university from the country among the first 200!!! And, if that was not enough, it's been made gloomier with the T.H.E. Releasing its Report: Reputation Ranking of world's top University (2015) "in March 2015 declaring that no Indian university is placed in the first 100 most reputed universities of the world! The discomfiture, thus, stands further thickened.

This has spurred the powers that be, notably the M.H.R.D., to think seriously about the urgent need to introduce the systemic innovation of a national ranking system in the field of higher education in order to, among other things, promote all-round improvement in the system so as to build up world -class quality that should raise the standards of institutional performance that, in turn, should win a place for a couple of among the top ones in the world ranking.

"Better late than never" goes the famous adage, and it applies in equal measure to the educational scenario of India. It should be put into action by pursuing a well planned strategy. Let the country heed the call given by the M.H.R.D. and undertake a close introspectional exercise and chalk out a programme of rebuilding the country's higher education system with a very clear goal of developing world- class quality that should entitle the system to obtain a place among the top institutions in the world rankings done by agencies like T.H.E., Q.S., and others.

The Existing Ranking Protocols : The A.I.U. has , through its journal, University

News , Vol. 52, No. 49 Dec. 8 - 14 , 2014 , provided nine documents that describe the world ranking procedures and methodologies being used by the respective evaluating agencies .Each provides the philosophical perceptions of the agency concerned, the areas of evaluation selected , the indicators for evaluation followed , the weightage given to each, the methodology of calculations adopted and the limitations of the findings. Thus, they provide a reasonable ground for a comparative study and possible implications for and application to India's case. Hence, its value to all serious minded investigators and analysts with a view to helping them to evolve a feasible and viable national ranking system for the institutions of higher education in India.

Of course, it can be nobody's say for an outright wholesale adoption and application of anyone or several of the nine systems the documents represent. There is always a scope for suitably partial application with necessary modifications, rather than for one in toto of a scheme developed by any outside agency, with the necessary caveats required in the best interests of the host country.

A Comparative View: It would be of immense reference value to examine the nine ranking systems that are presently in vogue in the world's .Of course, they are not universally adopted as each has its specific strength and practical applicability. A comparative description of each will offer a comprehensive perspective so as to enable the Indian academia to develop their own architecture of a national ranking system for use in the country, particularly for the improvement of the quality of higher education as can satisfy the ultimate beneficiaries viz. students, parents, society, businesses, employers et.el. Let's, in short, examine the specific features of the nine systems one by one.

I. T.H.E. World University Ranking: This is a very choosy system in selecting the universities for ranking purposes. For example, universities that do not teach undergraduate courses are excluded. Similarly those universities that teach only a single narrow subject are also excluded. Besides such exclusion, those universities that register a research output of fewer than 200 articles per year are also excluded. Moreover, only the following core areas are accepted for evaluation.

1. Teaching
2. Research
3. Knowledge transfer
4. International outlook

These areas have specific indicators for evaluation as listed below along with their respective weightage.

1. Teaching, learning, and environment 30%

2. (a).Research, output of articles, volume, reputation and income from research 30%

(b). Citation of research articles in core journals of world -class standing, impact of research 30%

3. Industry relations, income, innovation 2.5%

4. International outlook, students and faculty representation 7.5%

Thus the system is highly research dominated as compared to the role of the Universities in India in general.

**II.Q.S. Quaquarelli Symonds World University Ranking:** This system is also widely prevalent in the world; ranking positions of universities. The areas of ranking adopted by the system for evaluation are as under:

1. Research
2. Teaching and Learning
3. Employability of Students
4. International Outlook

The performance indicators and their weightage used by the system are as follows:

| | |
|---|---|
| 1. Academic Reputation: | 40% |
| 2. Reputation among Employers: | 10% |
| 3. Student to Faculty Ratio: | 20% |
| 4. Citations of Research Articles per Faculty: | 20% |
| 5. International Faculty Ratio: | 5% |
| 6. International Student Ratio: | 5% |

Obviously, the academic dimension vis-à-

vis the research dimension has been given more weightage .This feature has a lesson and an implied value for developing a national ranking mechanism for India's universities.

**III. ARWU :Academic Ranking of World Universities:** This ranking system is very selective .It includes only those universities in whose faculty there are renowned persons like winners of medals in their specialities.They should have to their credit highly cited research papers published in the most reputed journals. It is found that in the last ranking, about 1000 universities fulfilling these conditions were ranked and the best 500 among them were given publicity. The key areas of ranking are as follows:

1. Academic Performance
2. Research Performance including Nobel Prize winners and medal winners in special areas
3. Research Papers Published in Reputed Journals
4. Research Papers indexed in Major Citation Journals
5. Per Capita academic Performance

The various indicators for evaluation and their weightage are given below:

1. Quality of Education (In terms of alumni winning Nobel Prizes and Field Medals) : 10%

2. Quality of Faculty:

(a). Teachers with Nobel Prizes and Gold Medals: 20%

(b). Highly Cited researchers in 21 broad subject categories: 20%

3. Research Output:

(a).Papers published in Nature and Sciences: 20%

(b). Papers indexed in Science Citation Index and Social Science citation Index: 20%

4. Per capita performance of the institution: 10%

**IV. The Leiden Ranking (The Centre for Science and technology Studies):** This ranking system has ranked 750 universities in the world with the largest contribution to international scientific journals in the period 2009-2012. The ranking is based on data from the Web of science bibliographics data base produced by Thomas Reuters. It consists of Science Citation Index Expanded, Science e Citation Index and Humanities Citations Index. Only those publications are included that have appeared in core international journals.

Here the caveat is that these journals must have been published in English and have an international scope. Moreover, they must have a sufficiently large number of references to other core journals in the web of science database.

Obviously, this system of ranking is highly selective and has tough conditions attached to the process of selecting university for ranking. It appears that it does not have a reasonable ground for application to Indian situation.

**V. (C.H.E): The Centre for Higher University ranking:** This ranking system has been active since 1998. In its first ranking it included 130 general universities and 150 universities of applied science. It included evaluation of 200,000 students and 15,000 professors. The final ranking placed the universities in three groups namely top, middle and bottom based on 40 subjects. Thus the traditional hierarchical ranking procedure was done away with. The method adopted for data collection comprised the following factors:

1. Information received through surveys by questionnaires sent to universities
2. Number of students in a particular subject in a university
3. Number of credits assigned to theory work, practicals, visits abroad etc.
4. Research work done by every department with data

   Pertaining to:

   (a). Number enrolled for Ph.D.

   (b). Funds received from other countries for conducting research

Thus, this ranking system is narrowly conceived, it being subject -specific limited to 40 subjects only. It is, thus, limited in its use for comparing institutions one with another

with the purpose of improving them through ranking.

VI. HEEAC World University Ranking: This ranking system is developed by the Higher Education Evaluation and Accreditation council of Taiwan. Its special features are as follows:

1. It excludes arts and humanities altogether.
2. It follows the Thomson Reuters list of articles/papers.
3. It is based on 21 pre-defined disciplines of study by universities.
4. It carries out ranking of the world's 500 universities through Bibliometric methods.
5. It takes into consideration published research articles and citations that appear in the world class research journals.

The eight indicators for evaluation with weightage of each used by this ranking system are given below:

1. Research output:

   (a). Number of articles in the past eleven years: 10%

   (B). Number of articles in the past two years: 10%

   (2). Research Impact:

   (a). Number of citations in the past eleven years: 10%

   (b). Number of citations in the past two years: 10%

   ©. Average of citations of the past eleven years: 10%

   (3). Research Excellence:

   (a). h-index in the past two years: 20%

   (b). Number of frequently cited publications in the past eleven years: 15%

   ©.Number of articles in high impact journals in the past year: 15%

Thus, there are three criteria for scientific paper performance. Methodologically, the score of the eight indicators is taken into consideration. Moreover, the score is normalized using the T-score, thus ensuring exactness and reliability.

This ranking system is highly selective, that too in choosing the institutions of higher education from the narrow field of science and there too, confining itself to research.

**VII. U-MAP Ranking System:** This system is financed by the European Union. The first ranking is done in 2014. It includes 850 universities of 70countries. It does two types of ranking: one at the institutional level and the other at the level of specific field of study. The ranking done is not exclusively on research but is done in respect of four other areas, making the total five. It does not follow the system of ranking the top universities but places the universities in five performance groups, namely ,Very Good, Good, Average, Below Average and Weak.

The five areas for evaluation and ranking are as follows:

1. Teaching and Learning
2. Research
3. Knowledge Transfer
4. International Orientation
5. Regional Engagement

Thus, the selection of areas for evaluation is fairly comprehensive and inclusive in scope which can be of useful guidance for the Indian situation.

**VIII. U-21 Ranking of National Higher Education System:** This system has been developed by the Institute of Applied Economic and Social Research of the Melbourne University of Australia. It is based on the following areas which have been assigned specific weightage as shown below:

1. Researches: 20%
2. Environment: 20%
3. Connectivity: 20%
4. Output: 40%

The indicators of the areas are detailed as under:

1. Researches: These include funds of different types, government assistance, R& D. expenditure, income generating researches etc.
2. Environment: This includes various factors that directly and indirectly help build up the environment. They include

policy matters, gender balance, representation of social groups, composition of faculty, governance, etc.

3. Connectivity: This includes liaison with N.G.O.s, businesses, industry, international students, journals, faculty, web connectivity, etc.
4. Output: This includes research output, research impact, presence of world class faculty, level of staff participation in various activities, training programmes etc.

**IX. Webometrics Ranking System:** The Cybermetrics Lab has been developing quantitative studies on the academic web since the mid-nineties .The collection of web data from universities in Europe started in 1990. The journal Cybermetrics is devoted to the publication of Webometrics related papers. Ranking is done from publicly available web data of universities. The aim of ranking is to promote academic web presence in order to transfer scientific and cultural knowledge generated by universities. The system maintains that a reliable rank is only possible if the web presence is reliable and trustworthy.Webometrics is the ranking of all the universities of the world. It is continuously researching for improving the ranking, changing or evolving the indicators and their weightage to provide a better classification.

The ranking is based only on scientific research. There is a composite indicator to evaluate research papers that appear in highly cited core journals of international repute. The indicators with their weightage are as under:

1. Visibility of Research: 50%
2. Research Activities: 50%
   (a). Presence (1/3)
   (b). Openness (1/3)
   (c). Excellence (1/3)

It is, thus, entirely based on research. It can have only a partial relevance to the need of ranking of Indian universities.

**The Commonalities of the Existing Ranking Systems:** A comparative study of the nine ranking systems in the context of the following parameters gives a clear guideline to pursue for developing a national ranking system for Indian universities accepting their reality as it is. The parameters are as under.

1. The core areas of ranking
2. The weightage given to each area
3. The indicators for performance evaluation
4. The procedure and methodology for ranking
5. The statistical treatment needed for evaluation
6. The ultimate format of the ranking system to be developed for future use

Keeping these parameters in mind, a model national ranking system for India is tentatively developed hereunder with the hope that it will be helpful in generating a nationwide debate among the major stakeholders of the huge education system and that a consensus will emerge to develop a national ranking system for use for at least a decade ahead.

**The rationale for a Model:** Ranking of universities the world over is being done to, ultimately, carry out a SWOT analysis of the system with a view to improving the system so that it may meet the local, national and global needs of human resource required to ensure efficient, equitable and sustainable development of various domains of life-political, social, cultural, economic moral and spiritual. In essence, the idea of ranking is based on the assumptions like the following:

1. Human behavior is multi dimensional.
2. It is possible to bring about a positive change in human behavior through the input of education, training, counseling, remedying, enriching and similar other inputs.
3. Prime movers of human action like comparison, contrast, competition, cooperation, collaboration, compulsion etc.function as promoters of change in human behavior and they should be judiciously employed.
4. The better planned an attempt to modify human behavior is, the better its result is in the form of desired behaviour in human beings on a rising curve.

5. Educational institutions owe it to society to ensure a continuous rise and improvement in the learning behavior of the students, teachers and other functionaries so as to contribute to constant increase in the quality of life on a sustainable basis, and, thereby, ensure the human race's all-round welfare in the world, particularly the world of the 21st century.

And certainly is modern India as a member of the world community, duty bound to contribute to the welfare of the family of man through, among other endeavours, its system of education. And for this noble purpose, India's higher education system must have a world-class quality of the cutting-edge fineness. A viable national ranking system is, therefore, of utmost requirement now and here to ensure an ever rising sustainable quality to its entire educational enterprise.

As far as the higher education system is concerned, its present structure is of the following configuration as recorded in 2014

Table-I

| No. | Type of university | Number |
|---|---|---|
| 1. | Central University | 4 |
| 2. | State University (Public) | 318 |
| 3. | State University (Private) | 182 |
| 4. | Deemed to be University (Public & Private) | 130 |
| 5. | Institutions of national Importance | 50 |
| 6. | Institutions of state importance | 05 |
| | Total | 729 |
| | Colleges | 37,000 |

**Guidelines for Developing a National Ranking System:** In order to develop a viable ranking system for India's higher education, we need to keep before us certain cardinal principles; the vital ones of them are listed below:

1. We should learn a lesson from the contemporary ranking systems so as to make the national ranking system relevant, comprehensive, focused and practically implementable.
2. We should take cognizance of the nation's ground realities, its strengths and weaknesses and its potentials vis-à-vis the global realities in matters educational, economic, social, political and administrative.
3. Our approach to ranking should be promotive of quality in education ensuring the effective instrumentality of the ranking system.
4. We should see to it that the procedure and methodology of ranking is both scientific and simple to facilitate its fault free adoption and guarantee its credibility the world over.
5. Lastly, recurrent training of operators and updation of data should be a regular and ongoing feature of the entire business.

**The Inclusion-Exclusion Parametres:** The various ranking systems select universities for ranking according to their needs. Similarly, looking to Indian realities, we may include or exclude institutions of higher education as per the following parameters:

1. We exclude the deemed to be universities.
2. We also exclude those universities that have not completed five years of their existence before the commencement of the academic year 2009-2010.
3. We exclude those universities that are not recognized under section 2(f) and 12 (B) of the UGC Act and are similarly not recognized under similar provisions of all other apex bodies like the MCI, BCI and others.
4. We exclude those universities that have not been accredited at least once by the relevant national agencies of assessment and accreditation like the NAAC, NBA and similar others.
5. We exclude those universities that do not provide for post-graduate as well as Ph.D. programmes of study.
6. The rest of the universities, after the exclusions as per parameters 1 to 5, shall be included for ranking.
7. The first ranking may be done for the years 2010-2011 to 2014-2015 , that is five years, during the academic years 2015-2016 and 2016- 2017 as the task will require lot of time and energy for preparatory work as well as the

implementation process. The first ranking results may be announced towards the end of the academic year 2016-2017. The subsequent rankings will have to be done on a yearly basis.

All this business of national ranking will necessarily require a national level autonomous agency, like the NAAC , with a statutory status through an Act passed by Parliament providing adequate powers, authority, safeguards and resources to function most efficiently, dispassionately and ethically to discharge the mission of ensuring quality, equity and safety of the enterprise of higher education in India. It should be fully empowered to carry out its functions with all necessary powers to execute the will of the law.

The proposed apex body may be named National Universities Ranking Institute (N.U.R.I.) the acronym NURI (the epitome of divine light) would be aesthetically pleasing and spiritually elevating, besides pragmatically being eye-catching. NURI reminds us of the Sufi dervish of the yore , dancing the circular ( ghummar ) dance to the tune of the enchanting Sufi hymn, " Nurun alaa nur, Allahoo, Allahoo " ( Light divine ,eternal and omnipresent , shining to the glory of God ) It should spur all stakeholders to emulate the Sufi ideals of love, loyalty, dedication and devotion in their mission of realizing world-class quality in education through the ranking of universities.

**Areas of Evaluation:** The areas of evaluation as deduced from a close study of the nine global systems of ranking are as given in the table below.

Table-2

| No. | Area of Evaluation | Weightage |
|---|---|---|
| 1 | Academic Performance | 30% |
| 2 | Research Performance | 30% |
| 3 | Connectivity | 20% |
| 4. | International Orientation | 10% |
| 5 | Governance | 10% |
| | Total: | 100 |

Each area will have to be further subdivided into ten or, if necessary, more subareas. This will be done by the apex body. And each subarea will be further subdivided into ten or more indicators. An illustrative list of indicators for the macro areas is given later in this article for guidance. It may be facilitative of analyzing and evaluation if every subarea and every indicator is separately evaluated on 100 marks and with suitable statistical; treatment the overall score is arrived at through normalization and T-square computation. With the availability of modern ICT and digitization all this complex task of calculation promises to be precise, exact and error-free but, of course, strenuous and time consuming.

For the guidance of this procedural job, a suggestive list of indicators is given herewith. The list could be modified, extended and updated from time to time, for which the lists adopted by the nine world ranking agencies may prove to be of help. It is left to the apex body to work out the sub-areas of each area given in Table No. 2.

**I. Area: Academic Performance:**

(a). curriculum, course, syllabus, credits, teaching materials, methods and techniques of teaching, innovations, experiments, projects etc.

(b).faculty quality, performance, transactional activities, student: faculty ratio, per capita faculty performance, productivity, creativity, quality of teaching performance, classroom environment building, remedial and enrich mental teaching, improvement of teaching through action research

©.student quality, admission procedures, orientation, motivation, self-learning, experiential, reflective, constructivist learning, learning resources, counseling services for learners, learners' training

(d).evaluation of teaching and learning, continuous internal evaluation, reliability and validity of tests, role of evaluation to improve teaching and learning, innovative practices, globality of evaluation to test non-cognitive areas, evaluation and job readiness of students, role of evaluation in institutional brand image

**II. Area: Research Performance:**

research as a component of academic performance, environment for research, promotive and incentivizing conditions,

training for research, research output, volume, research impact, research excellence, publications, citation of research articles and papers in indexed core journals nationally and internationally, reputation of research, research and potential for patentisation, generation of new knowledge through research

**III. Area: Connectivity:**

contribution by the university through knowledge transfer , research, extension and similar activities to society -local, national and global, contribution to social change, and nation's image building, financial assistance to the university for education, research, extension etc by businesses, industries, corporate world alumni and the common citizenry, MOU's by the university with the society and its various organs and agencies, collaborative programmes with the world of work and culture, local as well as global

**IV. Area: International Orientation:**

students and faculty from various countries, admission policy and incentives, courses with global implications and usefulness, international collaboration in education, research, knowledge generation, exchange services, interracial, interethnic and interregional alliances, fund flow from foreign countries and world organizations., exchange of personnel across cultures, projects with universities globally, for publications and dissemination of knowledge and values, investment in mankind for better future and happiness through education

V. **Area: Governance :** policy, rules, regulations and procedures for enlightened management, in theory as well as actual practice, democratic administration by rule of law free from evils like corruption, procrastination, malfeance, nepotism, opaqueness of dealings, inflexibility of approach, gender bias, other biases like communalism, casteism etc, promotion of equity, fairness, justice and human values in administration, getting accreditation and maintaining it with conscious efforts, code of conduct for all stakeholders in actual practice , efficient and objective management of infrastructure, resources and human resources, relations with agencies like government, N.G.O.'s, world bodies like UNESCO, businesses, industries, community in general, alumni, and others

It's a long, endless list leaving one humbled at the enormity of task hovering round macro areas, their respective sub-areas and innumerable indicators for the subareas concerned. Dr Iqbal's following couplet truly reflects the state of the confused as well as humbled mind facing the complex task.

Hajaaron khwaahisheyn aisin
Ki har khwaahish pey dam nikaley,
Bahut nikaley merey armaan
Laikin fir bhee kam niakaley!!

Obviously, the task will require intensive brainstorming for finally selecting those indicators that have the highest relevance to serve the purpose of sharpening the competitiveness of the system to ultimately raise its quality in order to get a place among the top ranking universities of the world. It is suggested that about ten indicators be selected for each of the subareas of the macro areas concerned.

Apparently, the proposed apex body (N.U.R.I.) has a huge task before itself .It will need an intensive , organized effort on an ongoing basis through a series of workshops in which eminent educationists, planners, teachers evaluators, students, alumni, researchers and scholars in the areas of educational philosophy, practice and evaluation will be involved. The prospects are exciting and morally enhancing.

To sum up, let it be remembered that the process of developing a national ranking system is not a one-shot affair with finality of efforts and consequences. It will be a continuous process, year after year, in need of constant updation, repair and reprocessing. Particular attention should be paid to the following cautionary hints.

1. Ranking of universities will need not only expertise, technical and methodological, to do the job, but will also require profound sensitivity to the aspirations and limitations of the client universities. It will have to be a

human exercise in relationship.

2. Data will have to be recurrently gathered from universities through a variety of sources like the following ones:

(a). Web-sites of institutions

(b), Questionnaires

©. Self-study reports

(d). Peer reviews

(e). Personal visits

(f). Records, archives, depositories etc

Of course, this will require patient, well organized team work and highly inspiring proactive leadership of colleagues

3. A very compact and self-motivated apex body (N.U.R.I.) to do the job as a mission.

Yes, the mission is staggering but is worth undertaking. India needs to meet triple challenges as pointed out by the National Knowledge Commission, namely Expansion, Access with Equity and Excellence in all fields of higher education. The national task is meant to spur the universities to acquire world -class quality on a rising curve and attain its rightful place among the top universities of the world.

Conclusion: India's higher education is on the cross roads. It is in a sort of disrepair needing, as the Dr. Yashpal Committee declared, renovation and rejuvenation.

It is hoped that a reliable and efficient tool of ranking the universities of the country, in sync with national and global ground realities, demands, and pressures, can be an effective game changer as it would release, through healthy competition, the hitherto untapped reservoir of energy of the system and its stakeholders.

Let's, therefore, give the required finishing touches to the prototype design of the proposed tool of ranking and start using it as per the time schedule recommended in this article earlier. The nation's journey for the said mission will have all the blessings and goodwill of the great Sanskrit poet Kalidas in his famous play "Abhigyaan Shaakuntalam "in these words:

Shantaanukool pavanaashch,

Shivaastey panthaanaha santu.

[May you have soft, favourable winds during your journey, and may your path be free from all obstacles. Amen! ]

**References**


1. AIU (2014).Documents, University News, Vol.52 No. 49, December 08-14, 2014, pp.46-72.New Delhi: AIU
2. Altbach, Philip, G. (2005). A world-class country without world-class higher education: India's twenty-first century dilemma. International higher education. www.bc.edu
3. Ghanchi, D.A. (2011).The quality quartet for assuring world-class standards in Indian higher education. University news Vol.49, No. 50 Dec 12-15, 2011 pp.14-24. New Delhi: AIU
4. GOI (2009).Report to the nation: Report by the National Knowledge Commission (2009).New Delhi: GOI
5. GOI (2009). Report of the committee on renovation and rejuvenation of higher education in India (2009). New Delhi: GOI
6. SJTI (Shanghai Jiao Tong university (2008) . Academic ranking of world-class universities (2008) . www.arwu.org
7. THES (2014) The Times Higher Education world universities ranking (2014) www.times higher education .co.uk
8. ibid (2015). Reputation ranking of world universities (2015).Reported in Gujarat Samachar column: Story of Delhi 17-03-2015 P.15.Ahmedabad: Guj.Sama.
9. Salmi, Jami ((2009).The challenge of establishing world-class universities. The World Bank. Washington D.C.: WB
10. TOI (2011).Boost higher education sector by making it more competitive. Editorial. TOI (17 June, 2011). Ahmedabad: TOI
11. TOI (2011). Aim for world-class higher education .Editorial.TOI (30 Sept. 2011) Ahmedabad: TOI
12. UGC (2012) Higher Education in five-year-Plan (2012-2017): An approach paper. New Delhi: UGC
13. www.naac.co.in
14. www.ugc.co.in
15. www.world bank.org



(Dr. D. A. Ghanchi, Near Tower,
Kalol, Dist. Gandhinagar, Gujarat)

# વતનનો વૈભવ

ભગીરથ બ્રહ્મભટ્ટ

પ્રત્યેક વ્યક્તિ કેન્દ્રોત્સાહી હોય છે, જ્યારે એ કેન્દ્રગામી બને છે ત્યારે એના વતનમાં પહોંચી જતી હોય છે. પ્રત્યેક જણ પોતાના વતનને ધાવીને ધરાતો હોય છે. છતાં એના ધાવણનો ધરવ એને થતો નથી, અને એનો અસલ સ્વાદ ક્યારેય એ વીસરી શકતો નથી, પછી એ ચૌદ-ચૌદ વર્ષ વનમાં ભટકેલાં રામ-લક્ષ્મણ હોય કે જંગલમાં ચાલ્યા ગયેલા પાંડવો હોય !

મનેય મારું ગામ એવું ને એવું સાંભરે છે. મારા વતને મારા પિંડનું જાદુઈ ઘડતર કર્યું છે, શૈશવમાં મને હિંચોળ્યો છે. હાલરડાં સંભળાવ્યાં છે, સહેજ મોટો થયો ને ભણાવ્યો છે. એથી મોટો થયો. રમતાં-લડતાં-ઝઘડતાં-કલ્લોલ કરતાં, કલરવ કરતાં, ગાતાં, ખાતાં-વાત કરતાં કેટકેટલું શીખવ્યું છે ! મારા અસ્તિત્વનો બધો યશ કંઈ મારાં મા-બાપને ફાળે જતો નથી, કારણ કે અસ્તિત્વનાં મૂળિયાંમાં તો વતનની સજીવ-નિર્જીવ સૃષ્ટિનાં કંઈ કેટલાય સંસ્કારઝરણ વહી રહ્યાં છે. ગામનાં નેળિયાં ને નવેરીઓ, માતાઓ અને ભૂવાઓ, વૃક્ષો અને વેલીઓ, ભેંસો અને પાડાઓ, ગાયો અને બકરીઓ, મિત્રો અને મહેમાનો, વડીલો અને બુઝુર્ગો, સ્ત્રીઓ અને પુરુષો, ગામના મુખીઓ અને ભાંજગડિયાઓ, બ્રાહ્મણો અને વાઘરીઓ, મજૂરો અને ખેડૂતો, ટપાલી અને દરજી, વહુઓ અને વિધવાઓ, વાડાઓ અને મહોલ્લાઓ, રમતો અને વાતો એવું તો કેટકેટલુંય મારા ભાવપિંડમાં બંધાયું છે, સચવાયું છે. હું એ વતનના વૈભવથી સમૃદ્ધ છું.

મારું ગામ નાદરી. એણે પણ મારી જેમ ઓળખાણો બદલી છે. ગઈ સદીમાં એ મહેસાણા જિલ્લાનું કહેવાતું, હવે ગાંધીનગર જિલ્લાનું બન્યું છે. ગઈ સદીમાં એ કલોલ તાલુકાનું ગણાતું, હવે એ માણસા તાલુકામાં ચાલ્યું ગયું છે. એની એક ઓળખ સ્થિર થાય ન થાય ત્યાં નવી ઓળખ ! એ ક્યાં આવ્યું ? પહેલાં એમ કહેવાતું કે ઉનાવા-વાસન રેલવેથી નજીક, વડેચીવાળા રૂપાલની જોડે, તો કોઈ એમ કહેતું કે કલોલ અને માણસાની વચ્ચે. હવે એ ઓળખ નથી અપાતી. હવે એમ કહેવાય છે – ગોઝારિયા રોડ ઉપર. ગાંધીનગરની પાસે. ગામ એનું એ, એની ઓળખાણો બદલાય છે. મારા ગામને અડીને એક બીજું ગામ. એનું નામ આમજા, અને વેંત જ છેટે ત્રીજું ગામ ચાંદીસણા. ત્રણેય ગામની વચ્ચે એક નળી-નેળિયું જ, છતાં નામ જુદાં. અમારું ગામ ગાયકવાડ સરકારનું. આમજા ગામ પેથાપુરના દરબારનું અને ચાંદીસણા વિશે ખ્યાલ નથી. ત્રણેયના માલિક જુદા એટલે નામો જુદા. પંચાયતો અલગ પણ માણસો પરસ્પર ગૂંથાયેલાં. અમારા ગામમાં બ્રહ્મભટ્ટો, આમજા ગામમાં ચૌધરી, પટેલ અને ઠાકોર અને ચાંદીસણામાં ઠાકોર, દરબારની વસતી ઝાઝી.

વતનનાં નામનોય કેવો મહિમા ? 'નાદરી' નામકરણ અંગે એવી ક્વિદંતી છે કે, કોઈ એક સમયે લડાઈ થયેલી, આ ગામની ડોસી કોઈથી ડરેલી નહિ. 'ના-ડર' ઉપરથી 'નાદરી' થયું. એમ વાયકા તો છે. બ્રાહ્મણ, નાઈ, સુથાર, કુંભારનાં ગણનાપાત્ર મકાન. દરેક માણસ સાથે પરિચય. બધા એકમેકને ઓળખે. ઉછીનું-ઉધાર મળે. કામ સચવાય. વટ્ટ-વ્યવહાર રાખવામાં મને-કમને સૌ ઊભાં રહે, સહાય કરે. ખેતી હોય કે મજૂરી પરસ્પર એવાં તો ઉપયોગમાં આવે કે ક્રમશઃ સૌનાં કામો ટપોટપ ઊકલતાં જાય, સારે-માઠે પ્રસંગે સૌ દોડ્યાં આવે.

ઘણા વખતે ગામમાં જવાનું થયું. પ્રવેશતાંની સાથે જ વતનના લીમડા, પીપળા, વડ, વડવાયું જાણે ઓળખીતાં !!... મંદિર, મહાલય, પૂજારી, ચોકિયાત ઘરડાં થઈ ગયાં પણ એમ ભૂલી થોડાં જવાય ? ઝૂંપડાં, નદી-નાળાં, આરા, નેળિયાં-નવેરીઓ, ચૌટાં-ઓડા, ચોરો ખબર-અંતર પૂછવા માંડ્યાં હોય એમ લાગ્યું. મનને ફણગાવવાની માટી જ વતન. નિરાંત ત્યાં મળે, વળે. કળ ત્યાં લેવાય. ગામ તો એનું એ જ, 'ઉત્તર ફરો, દક્ષિણ ફરો, એનાં એ ગામડાં' ઉશનસ્ે અમથું લખ્યું હશે ?

બદલાઈ તો આપણે બહાર જનારાઓ ગયા હોઈએ, બદલાઈ જવાનો આપણને ક્ષોભ થાય પણ વતન તો માફ કરે છે. વતન કોને કહ્યું ? તમારા પૉલિશવાળા બૂટ અને ઇસ્ત્રી ટાઇટ કપડાં વતનને વરવાં લાગે છે. વતન વાસ્તવને ચાહે છે. તમારામાં ફરક પડે પણ વતનની વૃત્તિ તો એની એ. બાળપણ, મિત્રો, રમતો અને એ ક્ષણો હૃદયની દાબડીમાંથી ટપોટપ બહાર આવે.

'વેચાઈ ગયેલું ઢોર તલખે કોઢાર, છૂટ્યું ધણ' જયંત પાઠકની પંક્તિની જેમ હુંય વતનમાં આવી ચઢ્યો છું ઘણાં વર્ષે. વતનની પરિચિતતા મને હાથે-પગે, માથે હાથ ફેરવી ફેરવીને ખબર-અંતર પૂછે છે. શરીર ઉપરથી વસ્ત્રો અને વાણીમાંથી ઔપચારિકતા સરી પડે છે. હું વિવસ્ત્ર થઈ જાઉં છું. ગામની ધૂળનો પાઉડર અંતરને વધારે ઊજળું બનાવે છે. વતનમાં પ્રવેશતાં ઘર-આંગણું – બા યાદ આવે છે. બાળપણ યાદ આવે છે, નાનો થઈ જાઉં છું. વરસતા વરસાદમાં ન્હાવા દોડતો... બા બૂમો પાડે. માટીની ગંધ લઈને દોડતો... ફળિયાના લીમડા નીચે સંતાઈ જતો, લીમડોય સાથ આપે... બા બૂમો મારે. ઘરે જાઉં ત્યારે વરસાદે મારા છાપરાનાં નળિયાં સોનાનાં બનાવી દીધાં હોય ! બાએ ઘરમાં ચૂવા મૂક્યા હોય, નેવે પાણીની ડોલો મૂકી હોય !! મોરલા ટહુકતા હોય, અને આકાશ ડોલતું હોય. વાદળો પણ મોરલાના ટહુકારના ચાળે ચઢ્યાં હોય, મોરપીંછના રંગો જેવાં મેઘધનુ રચાયાં હોય !! જોયાં કરીએ... બસ જોયાં જ કરીએ.

મહોલ્લામાં પ્રવેશું ને પેલા મગનબાપાના આંગણામાં ગાડું જોઉંને મને ખેતરમાંથી મોલ ભરી ગાડે બેસી આવવાના દિવસો યાદ આવે ! ઝીણી આંખો કરી જીજીબા પૂછે : 'કુણ ભઈ ?' હું મારું નામ આપું ત્યાં તો 'અરેરે ભૈ, ઓળસી ન હકી, ચ્યમ ભૈ બૌ દારે ? મજામાં ને ?' એથી સહેજ આગળ આવું ને એ વરવા-બાપા હુક્કો પીતાં દેખાય !! એ કેટલી બધી મીઠી વાતો કહેતા હતા !! મારા ઘરના આંગણે ઊભેલો પેલો લીમડો ટહુકો જ પાડે !... બાએ લીંપેલા આંગણામાં તડકાની હતી તળાવડી... એમાં પગ ઝબોળી જેવો ઉમ્બરે પહોંચું ત્યાં બાનું વાત્સલ્ય-વ્હેણ મને બાથમાં લઈ લે... બાની આંખોમાં એનું એ હેત ટપકતું જોઉં... એના એ કાળા-કાળા ગોખલા અને ચીકણા ચપટ ટોડલા... એની એ કુંભી, એની એ વળીઓ... બા પાણી આપે ને હું બાને પીતો હોઉં ઘટ ઘટા ઘટ, જાણે તાજા વલોણાની છાશ !!

નોકરીએ જવા નીકળેલો ત્યારે બાએ ગોળ ખવડાવેલો. પતરાંની પેટીમાં ગોદડી ને કપડાં નાંખી આપેલાં. બા બિચારાં થઈ ગયેલાં... !! આવક હતી નહિ ને ખાનારાં અમે છ ભાઈભાંડુ. બાપા તો વલોપાત કરતાં બધી જવાબદારી બા પર છોડીને વિદાય થઈ ગયેલાં. હું થોડું થોડું કમાઈ લાવતો, ને બાને ખીચડીમાં મદદ કરતો. ટેકો કરતો. બા ભેંસ રાખે. હું દુકાન ચલાવું. ખેતરે જાઉં, ચાર લાવું. બાને સાચવું ને ભણું. માને નાની ઉંમરમાં સહાયરૂપ થતો એટલે મને વળાવતાં એની આંખોમાં આંસુ હતાં. બહેને ધ્રૂજતા હાથે કપાળમાં ચાંલ્લો કરેલો. માએ માથે હાથ ફેરવ્યો હતો. ઓસરી છોડીને આંગણામાં આવતાં તો જાણે હજારો માઈલની યાત્રા કરી નાખેલી ! જિંદગીનો પહેલો જ અનુભવ હતો ઘરથી જુદા પડવાનો – ગામથી દૂર જવાનો, બાથી વિખૂટા પડવાનો હતો. સૂર્યનું પહેલું કિરણ આંગણે આવીને ઊભેલું. છાપરાની નીચે બેઠેલું કબૂતર ઊડીને બહાર જતું હતું. મહોલ્લાનાં જીજીબા, વરવાબાપા, મગનબાપા, મંગુમા, મિત્રો અને બહેનો સૌએ મીઠી આશિષ આપેલી, પાદરની ધૂળમાં પગલીઓ પાડતો હું ખેંચાયેલો... ખેંચાયેલો... હાથ આંખો લૂછવામાં રોકાયા હતા. એ બધું જ સ્મૃતિના પટારામાંથી એક પછી એક બહાર આવતું જ જાય છે. એ વાડાની વાડ, આંગણાનો લીમડો, આંગણે ઊભેલી ભેંસ અને બા બધાંય જવાની 'ના' પાડતાં હતાં. વળીવળીને એમને જોવાની લાલચ રોકી રોકાતી નહોતી. મહોલ્લો આંખોય, ગામ આખુંય વળાવવા આવેલું. સૌનો ભાવ હજીય સાંભરે છે... એ વતનને વેગળું કેવી રીતે કરું ? પેલાં ખોડિયારમા દૂર બેઠાં બેઠાં હજીય મને બોલાવે છે... ખેતરો, શેઢા, બાવળિયા અને ભીખો... પેલી મંગુ વાઘરણ પણ ખરી... ઉદોજી ઠાકોર, એમનો દીકરો મનુ મારી આંખોમાં એવાં તો ભરાયાં છે કે કોઈ કાળે એ નીકળી શકે એમ નથી. કીકીમાં કેદ થયું છે મારું અકબંધ વતન ! ગામના તળાવમાં નાહ્યો છું – એટલે તો આજેય ભીનો છું.

વતને મને શું નથી આપ્યું ? મારા લોહીમાં ડોલોવાળા કૂવાનું એ પાણી છે ને મારા શ્વાસમાં વતનની ધૂળની મહેક છે. પ્રાથમિક શાળાના ઝવેરભાઈ સાહેબે નિબંધ લખતો કર્યો ને નાથુભાઈએ સોટીઓ ફટકારીને ગણિતમાં પાક્કો કર્યો એમને આજે ક્યાંથી શોધું ? ક્યાં

જઈને હું એમનો આભાર માની આવું ? ફળિયાએ મને સમૃદ્ધ કર્યો છે – અને દાતણ આપનારી સવલીએ મને પ્રેમનો પાઠ ભણાવ્યો છે. રાવજી ભગતે નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં સુધી જવાની કેડી બતાવી છે. દિવાળીના ગરબાએ મને ગાતાં શિખવાડ્યું છે એ ક્યાંથી વીસરી શકું ? વરસતા વરસાદે, વતનની ટાઢે અને વતનના તાપે મને જીવતાં અને જીરવતાં શીખવ્યું છે – એ બધાં મારાં સ્વજનો છે. એમનો કયા શબ્દોમાં આભાર માનું ?

હવે તો ગામ-વતન બદલાવા બેઠું છે. પણ મારાથી એ તદ્દન છેડો ફાડી શક્યું નથી. બેસતા વર્ષનો દિવસ વળી વળીને યાદ આવે છે : વહેલી સવારથી આખા ગામની આશિષ લઈ આવતો અને પછી મંદિરે જતો... હોળીના દિવસોમાં કાદવથી ખરડાઈ જતો. છતાંય એ કાદવનો ગુલાલ શરીર ઉપરથી ક્યાં દૂર કરી શક્યો છું ? ગામમાં આવતી ભવાઈ, રામલીલા, બહુરૂપી, મદારી, બત્રીસ પૂતળીઓ એવી ને એવી યાદ છે. ગોમતી ગોરાણી રાત્રે રામાયણ વાંચે ખૂણામાં બેઠો બેઠો હું સાંભળું એ સંસ્કારે તો મને રામાયણનો અભ્યાસી બનાવ્યો છે. મારે એ ત્રણ નાકાની બોરડીઓનાં બોરનો સ્વાદ ફરી ચાખવો છે – પણ વો દિન કહાં ? એટલે જ તો મને સુંદરજી બેટાઈ યાદ આવે છે. એમનું વતનપ્રેમનું પેલું કાવ્ય જાણે મારી જ વાત કરે છે –

**પાંજે વતનજી વાલ્યુ,**
**અનેરી પાંજે વતનજી વાલ્યુ,**
**દુંદાળા દાદાજી જેવા એ ડુંગરા,**
**ઉજ્જડ છે દેખાવે ભૂંડા ને ભૂખરા**

**છોટી નિશાળેથી મોટીમાં ચાલ્યા,**
**પ... ટ પ..ટ અંગરેજી બોલ બેક ઝાલ્યા**
**ભાઈ ભાઈ કહેવાતા અકડાતા હાલ્યા**
**મોટપણું મ્હોરન્તુ મ્હાલ્યું**
**અનેરી પાંજે વતનજી ઝાલ્યું.**

મારે તો મોટા સૂબા થવું છે, પણ વતન મને મોટા થવા દેતું જ નથી. મારે સાહેબ થવું છે પણ વતન મને સાહેબ થવા દેતું જ નથી... બાળપણના-વતનના ઉજાસે તો હું ઊજળો છું. મારું વતન અને એનાં સ્મરણો મારે મન હોલવાઈ ગયેલાં દીવાનો પ્રકાશ છે અને એનાં અજવાળે મારા જીવતરને બાંધું છે – પણ એ ક્યાં બંધાય છે ? હું બાએ બનાવેલી ચા પીધાં પછી 'હાશ' કહું છું. ત્યાં બા હળવેથી મને કહે છે : 'ધરતીનો છેડો ઘર, નહીં ભૈ ?' ને હું મારાં બાના બોખા મોં પર વ્યાપેલી પ્રસન્નતામાં વતનનો વૈભવ નિહાળી ધન્ય થાઉં છું.

**ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ**
એ/૩, યુનિવર્સિટી સ્ટાફ કોલોની, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦ મો. ૯૮૭૯૫૨૩૨૭૬)

અનામતનો મૂલાધાર એ રહ્યો હતો કે જે ધર્મોમાં ઊંચનીચના ભેદભાવ છે જ નહિ, તે ધર્મમાં કોઈને ધાર્મિક અન્યાય થયો ન કહેવાય. પણ હિન્દુ ધર્મમાં શાસ્ત્રીય રીતે વર્ણવ્યવસ્થા હોવાથી અસ્પૃશ્યતા વગેરે અનેક અમાનવીય અનિષ્ટો વિદ્યમાન છે. આ કારણે જે લોકોને સતત અન્યાય થતો રહ્યો છે, તેમને સૌની સાથે થઈ જવા માટે વિશેષ તકો મળવી જોઈએ. આવા લોકો માટે અનામત વ્યવસ્થા એક જરૂરિયાત છે જ. પણ જેમ જેમ રાજકારણ વધુ ને વધુ મતલક્ષી થતું ગયું તેમ તેમ વધુ ને વધુ જથ્થાબંધ મતો લેવાનાં સાધનો વધતાં ગયાં. આમાંનું એક સાધન તે અનામત છે, જે હવે મત ખેંચવા માટેનું સર્વોચ્ચ સાધન બની ગયું છે. જે લોકો અસ્પૃશ્ય ન હતા, જેમને ભણવા-ગણવાની તથા આગળ વધવાની પૂરેપૂરી તકો હતી છતાં જે સ્વયં પોતે ભણતા નહિ કે આજે પણ ભણતા નથી એટલે પોતાના જ કારણે પછાત રહી ગયા છે, તેમના માટે પણ અનામતોની વ્યવસ્થા કરવી એ પછાતપણાને પુરસ્કૃત કરવા જેવું છે... બીજી તરફ જે વિદ્યાર્થીની બિનઅનામતી હોવાના કારણે એંસી ટકા ગુણાંકે પણ ભણવાની તક છીનવાઈ ગઈ હોય અને પોતાના કરતાં ઓછા ગુણાંકવાળાને એ તક અપાઈ હોય તેના મન ઉપર કેવી અસર થશે? આ તો જાતિગત પુરસ્કાર અને જાતિગત દંડ થયો. પણ આ દંડ પ્રજાએ એ લોકો માટે ભોગવવો જોઈએ જેમને સદીઓથી જાતિગત દંડ આપીને જીવનની ઊજળી તકો છીનવી લીધી હતી. મારી સૂચના દલિતો પ્રત્યે છે. પણ જેમની તકો ઝૂંટવી લેવાઈ નથી, પણ પોતે જ પોતાની અક્ષમતાથી આગળ ન વધ્યા કે નથી વધતા તેમને પુરસ્કૃત કરીને જે પોતાના પુરુષાર્થથી આગળ વધી રહ્યા છે, તેમને દંડવા તે યોગ્ય ન કહેવાય.

**– સ્વામી સચ્ચિદાનંદ**

# જૉહ્ન નૅશ *(John Nash)*

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

(ગત અંક-૨૯નું અનુસંધાન)

### મેક્લીન હૉસ્પિટલ (Mclean Hospital)

મેક્લીન હૉસ્પિટલ માનસિક રોગોની હાર્વર્ડ મેડિકલ સ્કૂલ સાથે જોડાયેલી હૉસ્પિટલ છે. તેની આજુબાજુમાં રહેનારા માનસિક રોગોની હૉસ્પિટલના બદલે સેનિટેરિઅમ્ (Sanitarium) તરીકે ઓળખતા જ્યાં લેખકો, પ્રોફેસરો, કલાકારો આરામ અને મનોરંજન (Rest and Recreation) માટે આવતા. આ માનસિક રોગોની હૉસ્પિટલ ૧૪૦ એકરની જગ્યામાં છે. મોટા ભાગના લોકો આ હૉસ્પિટલમાં જાતે આવતા નથી. નૅશ પોતે આ હૉસ્પિટલમાં જાતે આવવા તૈયાર ન હતા. ઍલિસિયાની રજાથી એમઆઈટીના માનસિક રોગોપચાર વિભાગે એમઆઈટીના પ્રેસિડન્ટ અને ગણિત વિભાગના વડા માર્ટિનની રજા લઈને નૅશને દસ દિવસ માનસિક તપાસ માટે મેક્લીન હૉસ્પિટલમાં રાખવાનો નિર્ણય લીધો. બે પોલીસ ઑફિસરો દ્વારા આ કામ કરાવવું પડેલું, કારણ કે આ કામ તે સિવાય પતે તેમ ન લાગ્યું.

દાખલ થવાની સાથે થોરાઝિનના (Thorazine) ઇન્જેકશને નૅશને ઠંડા કરી દીધા, ઊંઘના ઘેનમાં મૂકી દીધા અને બોલવાનું ઓછું કરાવી દીધું, કેદના જેવું લાગવાના કારણે હોય કે તેમની સ્વતંત્રતા પાછી મેળવવાની તીવ્ર ઇચ્છા હોય, પણ થોડાંક અઠવાડિયાંમાં નૅશના વ્યક્તિત્વ ઉપર અસર કરનાર માનસિક તીવ્ર વ્યાધિ ઓછી થઈ. વૉર્ડમાં શાંત, વિવેકી અને નભાવી લેવાની વૃત્તિથી રહેતા હોવાથી તેમને ઘણીબધી છૂટછાટ મળી. મે ૨૦ના રોજ તેમના પુત્રનો જન્મ થયો. ઍલિસિયા અને તેમના તાજા જન્મેલા પુત્રને જોવા જવાની છૂટ મળી.

આ હૉસ્પિટલમાં તેમની મરજીથી ગયેલા ન હતા. તેમને હૉસ્પિટલમાં મૂકનાર તેમનાં પત્ની અને એમઆઈટી ઉપર તેમનો ગુસ્સો હતો. મે ૨૮ના રોજ લગભગ પચાસ દિવસે હૉસ્પિટલમાંથી ઘેર જવાની રજા મળી. હૉસ્પિટલમાંથી છૂટ્યા પછી ગણિત વિભાગમાં જઈને બધાને મળ્યા અને તેમના હૉસ્પિટલના અનુભવો કહ્યા. ફરીથી બીજા દિવસે ગણિત વિભાગમાં જઈને બધાને પાર્ટી માટે આમંત્રણ આપી આવ્યા. જ્યારે નૅશ હૉસ્પિટલમાં હતા ત્યારે તેમને ઉત્સાહિત રાખવા માટે ઘણા બધા હૉસ્પિટલમાં તેમને મળવા ગયેલા. આ બધાનો આભાર માનવા ઍલિસિયાએ પાર્ટી રાખેલી.

નૅશ તેમને મેક્લીન હૉસ્પિટલમાં દાખલ કરાવવા માટે એમઆઈટી ઉપર ગુસ્સે હતા, આથી તેમણે એમઆઈટીમાંથી રાજીનામું આપ્યું. ઘણા મિત્રો, ગણિત વિભાગના વડા માર્ટિને અને એમઆઈટીના પ્રેસિડન્ટે રાજીનામું ન આપવા સમજાવ્યા, પણ ન માન્યા. તદ્દઉપરાંત પેન્શન ફંડમાં થોડાઘણા પૈસા હતા, તે પણ ઉપાડી લીધા.

### લુપ્ત થયેલાં વર્ષો

નૅશને કૉલેજ ડી ફ્રાન્સનું (College de France) એક વર્ષ તેમના ત્યાં આવીને રહેવાનું આમંત્રણ હતું. આ કૉલેજ ફ્રાન્સનું ગણિતનું કેન્દ્ર છે. નૅશ ત્યાં જવા માટે મક્કમ હોઈને, બંને કેમ્બ્રિજથી તેમની મર્સિડિઝમાં ન્યૂયૉર્ક આવ્યા. તેમના પુત્રને ઍલિસિયાના બાને સોંપ્યો. ગાડી આઈએએસના પાર્કિંગ લૉટમાં મૂકી. બંને જણ દરિયાઈ જહાજ ક્વીન મેરીમાં (Queen Mary) ન્યૂયૉર્કથી બેસીને લંડન આવ્યાં અને ત્યાંથી પૅરિસ આવ્યાં. પૅરિસમાં ફ્લૅટ ભાડે રાખ્યો. નૅશ પ્રિન્સટનમાં જ્યારે વિદ્યાર્થી હતા ત્યારે દુનિયાના બધા દેશોની એક જ સરકાર હોવાના અને બધા માણસો દુનિયાના નાગરિકો હોવાનો વિચાર ખૂબ જ પ્રચલિત હતો. બીજા વિશ્વયુદ્ધ પછી એક જ દુનિયાનો (One World) વિચાર દેશોના લોહીમાં પ્રસરવા માંડેલો અને પ્રિન્સટનમાં આઇન્સ્ટાઈન અને વૉન નૉયમન જેવા હોઈને એક જ દુનિયાની

ચળવળનું કેન્દ્ર પ્રિન્સટન બનેલું. ૧૯૪૮માં બીજા વિશ્વયુદ્ધનો બૉમ્બર પાયલટ અને બ્રોડવેનો એક્ટર ગેરી ડેવિસે (Garry Davis) પૅરિસની અમેરિકન એલચીની ઑફિસમાં અમેરિકન પાસપૉર્ટ આપ્યો અને અમેરિકાના નાગરિત્વનો ત્યાગ કર્યો. તેમણે યુનાઇટેડ નૅશન્સને 'દુનિયાના પહેલા નાગરિક' જાહેર કરવા વિનંતી કરેલી. ડેવિસ લડાઈથી થાકી ગયેલા અને આથી દુનિયાની સરકાર રચવામાં તેમને ખૂબ જ રસ હતો. આના માટે દુનિયાના ઘણા માણસોનો ટેકો હતો. નૅશ ડેવિસને અનુસરવા માગતા હતા.

પૅરિસ આવ્યા પછી અઠવાડિયા પછી નૅશ ટ્રેઈનમાં લૂક્સમબર્ગ (Luxembourg) ગયા અને લૂક્સમબર્ગના સેન્ટ્રલ સ્ટેશનથી ચાલતા ચાલતા અમેરિકન એલચીની કચેરીએ પહોંચ્યા. કચેરીએ પહોંચીને તેમણે જણાવ્યું તેમને અમેરિકાના નાગરિક રહેવું નથી અને તેમનો પાસપૉર્ટ અધિકારીને આપ્યો. અધિકારીએ તેમને સમજાવ્યા કે આ પગલું ડહાપણભર્યું નથી અને પાસપૉર્ટ તેમની પાસે રાખવા કહ્યું. કોણ જાણે તે સમયે તે માની ગયા અને પૅરિસ પાછા આવ્યા.

પૅરિસમાં થોડોક વખત રહ્યા અને નવો વિચાર આવ્યો. સ્વિટ્ઝરલૅન્ડ કોઈ પણ પક્ષ જોડે ન જોડાયેલો દેશ હોઈને ઘણા લોકો તેનું નાગરિકપણું દુનિયાનું નાગરિકપણું ગણે છે. નૅશ પણ તેમ ગણતા હોઈને તેમણે જીનીવા, સ્વિટ્ઝરલૅન્ડ જવાનો વિચાર કર્યો. બંને જણ જીનીવા પહોંચ્યાં. થોડાક વખત પછી ઍલિસિયા ઈટાલી ગયાં અને નૅશ એકલા રહ્યા. તેમને અમેરિકાનું નાગરિકત્વ છોડી દઈને કાયદેસરના શરણાર્થી (refugee) થવું હતું. આ માટે તેમણે ઘણા પ્રયત્નો કર્યા પણ સફળ ન થયા. આખરે થાકીને તેમનો પાસપૉર્ટ ફેંકી દીધો. જ્યારે અમેરિકન કૉન્સ્યુલેટને ખબર પડી ત્યારે તેમણે નૅશને નવા પાસપૉર્ટ માટે અરજી કરવા કહ્યું. નૅશે અરજી કરવાની ના પાડી. આ બધામાં ઘણી વખતે પોલીસ વચ્ચે આવતી અને આખરે પોલીસ દેશપાર કરવાની ધમકી આપી. આખરે ડિસેમ્બર ૧૧, ૧૯૫૯ના રોજ નૅશને પોલીસે ઘણા કલાક પોલીસ કચેરીમાં રાખીને જણાવ્યું કે સ્વિટ્ઝરલૅન્ડ છોડીને અમેરિકા પાછા જાઓ. પણ નૅશ એ માટે તૈયાર ન હતા. આખરે ડિસેમ્બર, ૧૫ના રોજ નૅશની ધરપકડ કરી પણ તે અમેરિકાનું નાગરિકપણું છોડવાનું કહેવા અને અમેરિકા પાછા જવા તૈયાર ન હતા. આ બધું અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટ અને ડૉ. કૉક્સ (Cox) જે પૅરિસમાં અમેરિકન એમ્બેસીમાં હતા તેમને જણાવીને કરેલું. પૅરિસથી ઍલિસિયા અને ડૉ. કૉક્સ રાતની ટ્રેનમાં જીનીવા આવ્યાં. જેલમાં નૅશ અમેરિકા પાછા જવાની ના પાડતા, નવા પાસપૉર્ટ માટે પણ તૈયાર ન હતા અને અમેરિકાનું નાગરિકત્વ સોગંદ લઈને છોડવા તૈયાર હતા.

ઍલિસિયા નૅશને તેમની સાથે પૅરિસ લઈ જવા તૈયાર થયાં. અમેરિકન કૉન્સ્યુલેટ જનરલે ઍલિસિયાને નૅશના નામ સાથેનો નવો પાસપૉર્ટ આપ્યો. નૅશે આનો વિરોધ કર્યો. નૅશ પૅરિસ જવા પણ તૈયાર ન હતા. આખરે પોલીસ જોર કરીને નૅશને રેલવે સ્ટેશને લઈ ગઈ અને જોર કરીને નૅશને ગાડીમાં બેસાડ્યા. રાતના ૧૧:૧૫ વાગે ગાડી ઊપડી. નૅશને સ્વિટ્ઝરલૅન્ડમાંથી કાઢી મૂક્યા પછી ફ્રાન્સે ત્રણ મહિના ફ્રાન્સમાં રહેવાની પરમિટ આપી.

આ સમય દરમિયાન નૅશ વગર પાસપૉર્ટ ઈસ્ટ જર્મની પહોંચ્યા. નૅશે સખત પહેરા નીચે આસરા (asylum) માટે અરજી કરી. અરજીનો નિર્ણય લેવાય ત્યાં સુધી સરકારના મહેમાન બનીને રહ્યા. અરજીનો સ્વીકાર ન થતાં, નૅશ પૅરિસ પાછા આવ્યા.

પૈસાની ખેંચ પડવા માંડી, ગાડી મર્સિડિઝ વેચવા પ્રયત્ન કર્યો, પણ ભાવ થોડોક ઓછો હોવાથી ન વેચી. વાળ અને દાઢી વધ્યાં. તેમણે તેમની બહેન માર્થાને જણાવ્યું કે તે સ્વીડન જવાનો વિચાર કરે છે. ત્યાં જ એપ્રિલ ૨૩ના રોજ નૅશનાં માતા વિર્જિનિયાને સ્ટેટ ડિપાર્ટમેન્ટનો તાર મળ્યો. આ તારમાં નૅશની પૅરિસથી ન્યૂયૉર્કની ટિકિટના પૈસા મોકલવા લખેલું. વિર્જિનિયાએ તારથી પૈસા મોકલી આપ્યા. નૅશને પૅરિસના તેમના ઘેરથી ફ્રેન્સ પોલીસ આવીને ઑર્લી (Orly) એરપૉર્ટ ઉપર લઈ ગઈ. જે રીતે જીનીવા રેલવે સ્ટેશને કરવું પડેલું, તેવું જ ઑર્લી એરપૉર્ટ ઉપર પોલીસોએ કરવું પડ્યું.

તેમની ગાડી આઈએએસના પાર્કિંગ લૉટમાં પડેલી હોઈને તે સીધા જ પ્રિન્સટન આવ્યા જ્યારે ઍલિસિયા અને તેમનો નાનો પુત્ર વૉશિંગ્ટન ઍલિસિયાના માતા જોડે ગયાં. નૅશ પ્રિન્સટનથી તેમની

બા જોડે રહેવા ગયા. આખરે ઍલિસિયાએ પ્રિન્સટનમાં રહેવાનું નક્કી કર્યું જેથી નૅશ બીજા ગણિતશાસ્ત્રીઓને મળી શકે. ઍલિસિયાની બહેનપણી ઑડીટ્ટી (Odette) ખૂબ જ મદદરૂપ હતી. ઑડીટ્ટીના પતિ જોહ્ન ડૅનસ્કિન (John Danskin) નૅશના માટે નોકરી શોધવા ખૂબ જ ગંભીર પ્રયત્ન કરતા. નૅશ તેમનો સમય પ્રિન્સટન યુનિવર્સિટીના ગણિત વિભાગના ફાઈન હૉલ અને તેની કૉમનરૂમમાં પસાર કરતા. ફાઈન હૉલમાં દરેક જણને ખબર હતી કે આ કોણ વ્યક્તિ છે. કપડાં, દાઢી વગેરે જોઈને ગણિત વિભાગની સેક્રેટરીઓને કોઈક વખત થોડોક ડર લાગતો. તેમની સાથે પહેલાંની જેમ નોટબૂક હતી જેના ઉપર લખેલું હતું. ઍબસોલ્યુટ ઝીરો (Aboslute Zero) જ્યાં બધી જ પ્રવૃત્તિઓ બંધ થઈ જાય છે.

ડૅનસ્કિનના પ્રયત્નથી નૅશને ઑસ્કર મૉર્ગેનસ્ટર્ન અને મૉર્ગેનસ્ટર્નમાં કન્સલ્ટન્ટ તરીકેનું કામ એક વર્ષ માટે મળ્યું, પણ નૅશ ફ્રાન્સ પાછા જવાની જ વાત કરે રાખતા. અમેરિકામાં જ્યાં તમે કામ કરતા હોય, ત્યાં તમારા પગારમાંથી સીધે-સીધો સરકારનો ટેક્ષ ભરાય. આને માટે W-૨ ફૉર્મ ભરવું પડે. નૅશ કહે કે તેઓ લૂક્સમબર્ગના નાગરિક હોઈને તેમને ટેક્ષ ભરવાનો નથી.

ફરીથી ઇકોનોમિક રિસર્ચ ગ્રૂપમાં ઑસ્કર મૉર્ગનસ્ટર્ન તરફથી હા પડતાં નોકરી મળી. પણ અરજીના ફૉર્મમાં સોશિયલ સિક્યુરિટી નંબર (Social Security Number) અને અમેરિકાના નાગરિક છો કે નહિ તે માહિતી આપવાની આનાકાની કરતાં તે નોકરી પણ ગઈ.

ઍલિસિયા આ બધાના કારણે નિરૂત્સાહી (Depress) થયેલાં અને આથી માનસશાસ્ત્રીને (Psych iatrist) મળતાં અને માનસશાસ્ત્રીએ નૅશને નૅશની મરજી વિરુદ્ધ માનસિક રોગોની હૉસ્પિટલમાં મૂકવાની સલાહ આપી.

### ટ્રીન્ટન સ્ટેટ હૉસ્પિટલ (Trenton State Hospital)

ન્યૂ જર્સી સ્ટેટની આ માનસિક રોગોની હૉસ્પિટલ છે. આપણી સિવિલ હૉસ્પિટલની જેમ દર્દીઓ વધારે અને ડૉક્ટરો ઓછા. ૧૯૬૧માં ૨૫૦૦ દરદીઓ હતા. આના દક્ષિણ ભાગમાં ૬૦૦ દરદીઓની કાળજી રાખવા ફક્ત છ માનસશાસ્ત્રીઓ હતા જ્યારે એનેક્સ (Annex) ભાગમાં લાંબા ગાળાની માંદગીવાળા ૫૦૦ દરદીઓની કાળજી રાખવા એક જ ડૉક્ટર હતા. આમ છતાંયે મોટા ભાગના દરદીઓ સરેરાશ ત્રણ માસ હૉસ્પિટલમાં રહેતા. ગરીબમાં ગરીબ અને માંદામાં માંદા દરદીઓ ટ્રીન્ટનમાં આવતા.

એક રૂમમાં ત્રીસ કે ચાલીસ દર્દીઓ રહેતા. તમારાં કપડાં ન હોય તે પહેરવાં પડતાં. તમારી વસ્તુઓ જેવી કે સાબુ કે દાઢી કરવાનું ક્રીમ મૂકવાની જગ્યા ન હોય, લૉકર તમારું ન હોય. આપણા ત્યાં સામાન્ય છે, પણ અમેરિકામાં આવું હોય તે નવાઈ ગણાય. નૅશ જેવાને આ રીતે છ મહિના અપરિચિત માણસો જોડે કાઢવા પડ્યા તે કુદરતી કરામત જ ગણાય !! ખરેખર દિલને દુઃખ થાય તેવું છે. આ સમાચાર પ્રિન્સટનમાં ફેલાયા નૅશ જેવા મહાન બુદ્ધિશાળી (Genius) માણસને બહુ ભીડવાળી અને દવાઓ માટે આક્રમક હૉસ્પિટલમાં રાખ્યા છે તે સમાચારથી રૉબર્ટ વિન્ટર્સ (Robert Winters) હચમચી ગયા. તે હાર્વર્ડમાં અર્થશાસ્ત્ર ભણેલા અને પ્રિન્સટન યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના બિઝનેસ મૅનેજર (Business manager) હતા. તેમણે આઈએએસના માનસશાસ્ત્ર વિભાગના વડાને જણાવ્યું કે, ‘‘શક્ય હોય તે બધું કરીને નૅશ જે પહેલાં હતા તેવા કરવા તે દેશના હિતમાં છે.’’ તેમણે ટ્રીન્ટનના મેડિકલ ડિરેક્ટર હેરોલ્ડ મેગ્ગીનો (Harold Magee) સંપર્ક સાધવા કહ્યું. વિન્ટર્સે મેગ્ગી જોડેથી ડૉ. નૅશની માનસિક પરિસ્થિતિનો બરાબર અભ્યાસ કર્યા પછી જ તેમની સારવાર કરશે તેવી બાંયધરી લીધી.

### ઇન્સ્યુલિન યુનિટ (Insulin Unit)

ટ્રીન્ટન સ્ટેટ હૉસ્પિટલનો શ્રેષ્ઠ વિભાગ ઇન્સ્યુલિન યુનિટ છે. આ વિભાગમાં ઘણા ડૉક્ટરો, સારામાં સારી નર્સો અને સારામાં સારું ફર્નિચર હતું. યુવાન અને તંદુરસ્ત દરદીઓને સારવાર માટે અહીં મોકલતા. નૅશને સારવાર માટે આ વિભાગમાં લાવ્યા. આ વિભાગનો આશય તાજી યાદશક્તિનો નાશ કરવાનો છે. બીજા મગજના ભાગને જરાયે ઈજા થવા દેવાનો નથી. આ માટે નીચે પ્રમાણે છ અઠવાડિયાં દરદીને નર્સો કરતી.

વહેલી સવારના નર્સ દરદીને ઉઠાડીને ઇન્સ્યુલિનનું ઇન્જેક્શન આપે. સવારના ૮.૩૦ વાગે ડૉક્ટર આવે તે સમયે (નૅશનું) દરદીનું બ્લડ સુગર લેવલ એકદમ નીચું હશે. આથી દરદી અડધો ઊંઘમાં હશે અને દરદીને આજુબાજુના વાતાવરણનો કોઈ ખ્યાલ નહીં હોય. અને અડધો લવારે ચડેલો હશે અને જાતે વાતો કરશે.

દરદી ૯.૩૦થી ૧૦.૦૦ ઘેનમાં હશે અને દરદી ચેતન વગરનો થયે જશે અને આખરે શરીર અક્કડ થશે અને જામી ગયેલા બરફના જેવું કઠણ થશે તે સમયે નર્સ દરદીના નાકે રબરની નળી લગાડીને ઈસોફેગસ (esophagus) અને ગ્લૂકોસ (Glucose)નું દ્રાવણ (Solution) આપશે. જરૂર પડ્યે ઇન્જેક્શનથી પણ આપશે. આ પછી ધીરેધીરે અને દુઃખી થતાં થતાં દરદી જાગશે. લગભગ ૧૧ વાગે દરદી ચેતનવંતો બનશે. બપોર પછી આ બધા દરદીઓને ચલાવતા અને કોઈ બેભાન થાય કે નબળું લાગે તો તેને જ્યૂસ આપે. આ બધું સોમથી શુક્ર લગભગ છ અઠવાડિયાં ચાલે. આ દરદીઓને પ્રમાણમાં સારું ખાવાનું મળતું અને ભાતભાતનું પણ દરરોજ સાંજે આઇસક્રીમ મળતો. શનિ અને રવિવારે બહાર જવાની છૂટ આપવામાં આવતી. મોટા ભાગના દરદીઓનું વજન વધતું.

સ્કિઝોફ્રેનિઆના રોગ માટે ઇન્સ્યુલિન કોમા ઉપચારનો વિચાર વિએન્નીઝ (Viennese) ડૉક્ટર મેનફ્રેડ સૅકીલનો (Manfed Sackel) હતો. હાલમાં આ ઉપચાર બંધ કરવામાં આવ્યો છે. આ ઉપચારથી ઘણા બધા દરદીઓને કામચલાઉ રાહત લાગતી. નૅશે તેમના સંબંધીને ૧૯૬૭માં કહ્યું, ''પૈસા ખૂટ્યા ત્યારે હું સાર્વજનિક હૉસ્પિટલમાં ગયો અને સારો થયો.'' નૅશ ફરિયાદ પણ કરતા કે તેમને તાજું કંઈ યાદ નથી.

છ અઠવાડિયાં પછી નૅશને ઇન્સ્યુલિનના પ્રોગ્રામની અસર થયેલી જણાતાં છઠ્ઠો વૉર્ડ જે રીહાબ વૉર્ડ તરીકે ઓળખાય છે ત્યાં લઈ ગયા. અહીંયાં બધા ભેગા મળીને રમતો રમતા અને રોગોપચારનું નવું નવું શીખતા. નૅશે અહીંયાં પ્રવાહી વિજ્ઞાનનાં ગતિનાં સમીકરણો ઉપરનું કામ શરૂ કર્યું. નૅશ તેમની જાતના માટે કે અન્યના માટે ખતરારૂપ ન લાગતાં, જુલાઈ ૧૫, ૧૯૬૧ના રોજ નૅશને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી.

નૅશ અને ઍલિસિયા ભેગાં રહેતાં, પણ સંતુષ્ટ ન હતાં. ઍલિસિયાના પિતાની તબિયત સારી ન હોવાના કારણે તે બંને જણ પણ ઍલિસિયાની સાથે રહેવા આવ્યાં. ઍલિસિયાનાં માતા જોહ્ન ચાર્લ્સની (John Charles) કાળજી રાખતાં હોઈને, ઍલિસિયા નોકરી પર જઈ શકતાં. બંને જણ પ્રયત્ન કરતાં. નૅશ જોહ્ન ચાર્લ્સને નર્સરી સ્કૂલમાં લઈ જતા અને લાવતા. પ્રવાહી વિજ્ઞાનનાં ગતિનાં સમીકરણોનું કામ ચાલુ જ હતું અને તેમણે નાવિઅર સ્ટોક્સનાં સમીકરણો (Navier - Stokes) ઉપર ભાષણો પણ આપેલાં. થોડોક વખત બધું બરાબર હોય તેવું લાગતું. યુનિવર્સિટીના ફ્રેન્ચના વર્ગમાં જઈને ફ્રેન્ચ ભાષા શીખતા. ફ્રાન્સ જવાનું તેમણે વિચાર્યું. તેમણે તૈયાર કરેલું ગતિનાં સમીકરણોનું પેપર ફ્રાન્સના ગણિતના જર્નલને મોકલ્યું. ઍલિસિયાને નૅશે ફ્રાન્સ આવવાનું ન કહ્યું અને ઍલિસિયાએ તેમને ફ્રાન્સ ન જવા પણ ન કહ્યું એવું લાગ્યું કે લગ્નમાં ભંગાણ પડી રહ્યું છે, બંને જણ અલગ અલગ રસ્તે જઈ રહ્યાં છે.

જૂન, ૧૯૬૨માં નૅશ યુરોપ જવા નીકળ્યા. પૅરિસની કૉલેજ ડી ફ્રાન્સમાં (College de France) કૉન્ફરન્સ હતી. આ કૉનફરન્સમાં નૅશે પિડગિન ફ્રેન્ચ (Pidgin French) ભાષામાં ભાષણ આપ્યું. નોટમાં જોઈને અમેરિકન ઉચ્ચારમાં બહુ જ નમ્ર અવાજે પરિણામો રજૂ કર્યાં. હૉર્મેન્ડર (Hormander) જે આ કૉન્ફરન્સમાં હાજર હતા તેમણે આ કૉન્ફરન્સ યાદ કરતાં જણાવ્યું, ''ગણિતની રીતે માન માગે તેવું પેપર હતું. અમારા બધાના માટે આશ્ચર્યકારક પ્રસંગ હતો. અમારા બધાના માટે જાણે કોઈ કબરમાંથી ઊભું થતું હોય.''

જ્યારે નૅશ પૅરિસમાં હતા, ત્યારે જુલાઈ-૨ના રોજ તેમના સસરા ડૉ. કારલોસ લાર્ડેનું (Carlos Larde) નિધન થયું. ઍલિસિયાએ નૅશનો સંપર્ક સાધવા ખૂબ જ પ્રયત્ન કરેલો, પણ સંપર્ક થઈ શકેલો નહિ. લંડન, જીનીવા વગેરે જગ્યાએ જઈને પ્રિન્સટન પાછા આવ્યા. ખૂબ જ માંદા હતા. ઍલિસિયાએ તેમને ઘરમાં આવવા દીધા.

ફરીથી નૅશે પત્રો લખવાનું અને ફોન કરવાનું શરૂ

કરી દીધું. ઍલિસિયા આ બધાથી થાકી ગઈ હતી અને એવું લાગ્યું કે આ પરિસ્થિતિ સુધરશે નહિ. આથી છૂટાછેડા લેવાનું ઍલિસિયાએ નક્કી કર્યું અને આ માટેની અરજી ડિસેમ્બર ૨૬, ૧૯૬૨માં કરી. ઑગસ્ટ ૨, ૧૯૬૩માં કાયદેસર છૂટાછેડા મળ્યા અને ઍલિસિયાને તેમના પુત્ર જ્હૉન્નીની કસ્ટડી મળી.

નૅશની વિચિત્ર વર્તણૂકના કારણે ઘણા બધાને તકલીફ પડતી. છેલ્લે તો આઈએએસનો પ્રસંગ હદ કરી ગયો. ફુલ્ડ હૉલના મુખ્ય દરવાજામાંથી આવનાર દરેક વ્યક્તિ પાણીથી પલડી જતો. તપાસ કરતાં ખબર પડી કે નૅશ મુખ્ય દરવાજાની ઉપરની બારીમાંથી પાણી રેડતા હતા. ઍલિસિયા, માર્થા અને વિર્જિનિયાને નૅશને ફરીથી માનસિક ચિકિત્સાલયમાં મૂકવાની જરૂર લાગી. આ વખતે તેમણે ખાનગી કેરિઅર ક્લિનિક પસંદ કરી.

**કેરિઅર ક્લિનિક (Carrier Clinic)**

ઍલિસિયાએ નૅશને કેરિઅર ક્લિનિકમાં લઈ જવાની વ્યવસ્થા કરી, કારણ કે નૅશ જાતે તો ત્યાં જવાના નથી. આ ક્લિનિકમાં સ્કિઝોફ્રેનિઆના દરદીઓ માટે ઇલેક્ટ્રોશૉકની સારવાર સામાન્ય હતી. નૅશના મગજને ઈજા ન થાય તે માટે અગાઉથી જ ઍલિસિયાએ ઇલેક્ટ્રોશૉકની સારવાર ન આપવા વિનંતી કરી.

આ ક્લિનિકમાં નૅશની પોતાની રૂમ હતી. નૅશને પોતાને ગમે તે કપડાં પહેરવાની છૂટ હતી. ફોન પણ હતો. નૅશને શાકાહારી ભોજન જોઈતું હોઈને તેમને શાકાહારી ભોજન આપવામાં આવતું. છેલ્લે દરદીને તેમની પદવી અને છેલ્લા નામથી સંબોધવામાં આવતા. જ્હૉનના બદલે ડૉ. નૅશથી સંબોધવામાં આવતા.

જે દિવસે નૅશ ક્લિનિકમાં આવ્યા તે દિવસે માનસશાસ્ત્રી ડૉ. હોવર્ડ મીલી (Howard Mele) ફરજ ઉપર હતા. ડૉ. મીલી નૅશની કાળજી રાખતા. ડૉ. મીલી હોશિયાર ડૉક્ટર હતા અને દરદીઓની ચિંતા કરનારા માણસ હતા.

ડૉ. મીલીએ થૉરેઝાઈનનો (Thorazine) ઉપચાર ચાલુ કર્યો અને આ ઉપચારની અસર નૅશ ઉપર જલદીથી થઈ. અભ્યાસ પ્રમાણે અઠવાડિયામાં તો નાટકીય રીતે દરદી ઉપર અસર થતી. બે અઠવાડિયાં પછી નૅશે રૉબર્ટ વિનરને સરસ પત્ર લખેલો. ડૉ. મીલી બધા દરદીઓની સાથે થેરેપી દરમિયાન નૅશને વારંવાર મળતા અને જરૂર પડે એકલા નૅશની પણ કાળજી રાખતા. ડૉ. નીલીને નૅશને જલદીથી રજા આપવાનો ખ્યાલ ન હતો.

નૅશ અને ઍલિસિયા પાર્ટીમાં સાથે જતાં પણ ઍલિસિયાને ફરીથી લગ્ન શરૂ કરવાનો ખ્યાલ ન હતો. ઍલિસિયાને નોકરી ઉપર મુશ્કેલી હતી અને ઘેર પણ પુત્રને રાખવાનું અઘરું બનતું જતું હતું. છતાંયે જ્યારે ઍલિસિયાનાં બા જ્હૉન ચાર્લ્સને તેમની સાથે એલ સલ્વાડોર (El Salvador) લઈ ગયાં, ત્યારે ઍલિસિયાને તેમના પુત્ર વગર રહેવું અઘરું પડતું.

નૅશ તેમનું ગણિતનું કામ કરે જતા હોઈને પ્રિન્સટનના ગણિત વિભાગના વડાએ ડૉ. મીલીને પૂછીને પહેલા સેમેસ્ટરમાં એક વિષય ભણાવવાનો અને પછીના સેમેસ્ટરમાં બે વિષયો ભણાવવાનો પ્રસ્તાવ નૅશની આગળ રજૂ કર્યો. નૅશને આનંદ થયો. જ્યારે યુનિવર્સિટીએ ઑફર આપી, ત્યારે તેમણે ફ્રાન્સ જવાનું નક્કી કર્યું. એટલું જ નહિ, પણ તેમણે યુનિવર્સિટીને જણાવ્યું પણ નહિ કે તે તેમની ઑફર સ્વીકારતા નથી. આવું જ તેમણે આઈએએસને કર્યું.

ક્વીન મેરી આગબોટમાં ન્યૂયૉર્કથી લંડન ગયા. લંડનથી પૅરિસ, પૅરિસથી રોમ અને રૉમથી પૅરિસ આવ્યા. પૅરિસમાં થોડુંક રોકાઈને ક્વીન મેરીમાં ન્યૂયૉર્ક પાછા આવ્યા. ન્યૂયૉર્કથી પ્રિન્સટન.

પ્રિન્સટન આવીને ફોન કરવાનું ચાલુ. આઈએએસમાં પહોંચીને જુદાજુદા સેમિનાર રૂમમાં જઈને વિચિત્ર સંદેશાઓ લખતા. આખરે ઍલિસિયાએ ડિસેમ્બરમાં કેરિઅર ક્લિનિકમાં નૅશને ફરીથી મૂક્યા.

ડૉ. મીલીના નૅશ દરદી હતા અને ડૉ. મીલીએ તેમને એન્ટિફ્રિઝિઓટિક દવાઓ આપવાનું શરૂ કર્યું. આ દવાઓની અસર સારી થઈ, પણ ડૉ. મીલી તેમને કોઈ જગ્યાએ કામ મળે અને એ જગ્યાની આસપાસ કોઈ માનસિક રોગોના ચિકિત્સક મળે તો જ તેમને ક્લિનિકમાંથી રજા આપવાના મતના હતા.

એપ્રિલ, ૧૯૬૫માં પ્રિન્સટનના કેમ્પસમાં ગેઈમ થિયરીનો સેમિનાર હતો. આ સેમિનારમાં તેમના કામનો વારંવાર ઉલ્લેખ થયેલો. આથી છેલ્લે બેનક્વિટમાં (Ban-

quet) તેમની હાજરીએ બધાને ખૂબ જ ઉત્સાહિત કરેલા.

એમઆઈટીના નૅશના જૂના મિત્ર લેવિન્સનને તેમની ઓએનઆર (ONR) અને એનએસએફની (NSF) ગ્રાન્ટ્સમાંથી નૅશને ટેકો આપવા જણાવ્યું, પણ એટલા માટે નૅશની એમઆઈટીમાં ઑફિસ હોવી થોડુંક વહેલું લાગ્યું. બધું બરાબર લાગતાં ડૉ. મીલીએ જુલાઈ ૧૫, ૧૯૬૫ની આસપાસ ક્લિનિકમાંથી રજા આપી. પ્રિન્સટન ગણિત વિભાગના વડા જૉહ્ન મિલનર જૂના મિત્ર હોઈને થોડોક વખત તેમના ત્યાં રહીને, ટ્રેઈનમાં બોસ્ટન ગયા. તેમને લાગ્યું કે ઍલિસિયા વગર જિંદગી જીવવી પડશે.

**બૉસ્ટન ૧૯૬૫-૬૭; રોનોકી ૧૯૬૭-૧૯૭૦**

નૅશે પ્રિન્સટનથી કેમ્બ્રિજ આવીને ભાડે એપાર્ટમેન્ટ શોધી કાઢ્યું અને જૂની ગાડી ખરીદી. પછી તેમના મિત્ર લેવિન્સનને (Levinson, Norman) મળ્યા જેમણે નૅશને જણાવ્યું કે તે નૅશનલ સાયન્સ ફાઉન્ડેશન અને નેવીની ગ્રાન્ટમાંથી તેમનો પગાર આપશે અને નૅશ અગાઉની જેમ તેમને મન ગમતા સવાલો ઉપર સંશોધન કરશે. હાલમાં તો તેમને ભણાવવાની કોઈ જવાબદારી નથી. પછી તેઓ માનસિક રોગોના નિષ્ણાત ડૉ. પૅસ્ટિસન ઇસ્મૉઈલને મળ્યા અને તેમણે ઓછામાં ઓછા ડૉસની (dose) સ્ટીલઝિનની (Stelzine) ગોળીઓ નિયમિત લેવા જણાવ્યું.

ઈલીનૉર અને તેમના પુત્ર જૉહ્ન ડેવિડને મળ્યા. હવે તો જૉહ્ન ડેવિડ બાર વર્ષનો રૂપાળો દેખાતો હતો. નૅશ તેને શનિ કે રવિવારે બૉલિંગ કરવા કે સિનેમા જોવા લઈ જતા. તેનું અંગ્રેજી સુધારતા અને શાળામાં વધારે મહેનત કરવા પ્રેરતા.  એક દિવસ નૅશ તેને લઈને બાઈસીકલની દુકાને જઈને દસ સ્પીડની રેસર સાઇકલ લઈ આપી. બીજા વર્ષે નિશાળમાં બરાબર મહેનત કરીને આખા બૉસ્ટનના વિદ્યાર્થીઓની લેવાતી પરીક્ષામાં નંબર મેળવ્યો.

રિચાર્ડ પેલૅઇસના (Richard Palais) અને જો કોહ્નના (Joe Kohn) કારણે બ્રાન્ડિઝ (Brandis) યુનિવર્સિટીમાં ભણાવવાનું મળ્યું. બ્રાન્ડિઝ યુનિવર્સિટી વૉલ્ધમમાં (Woltham) આવેલી છે જે બૉસ્ટનથી પંદરેક કિલોમીટર દૂર છે. નૅશને પોતાની ઑફિસ મળી, સેમિનારમાં જવાનું મળ્યું, અને ગણિતશાસ્ત્રીઓ જોડે બપોરનું જમવાનું મળ્યું. તેમને ઍલિસિયા અને જૉહ્ન ચાર્લ્સની મોટી ખાધ લાગી. ઘણા વખતે પહેલી વખત લાગ્યું કે ભવિષ્ય છે. અહીંયાં તેમના સંશોધનનું પેપર એનાલ્સ ઑફ મેથેમેટિક્સમાં (Annals of Mathematics) પ્રસિદ્ધ થતાં આત્મવિશ્વાસ વધ્યો. બીજું પેપર ‘‘કેનોનિકલ રેઝોલ્યુશન ઑફ સિન્ગુલારિટિઝ (Canonical resolution of singularities)’’ Annalsમાં મોકલ્યું પણ પ્રસિદ્ધ ન થયું. આખરે નૅશના માનમાં ૧૯૯૫ના ડ્યુક જર્નલ ઑફ મેથેમેટિક્સના (Duke Journal of Mathematics) સ્પેશિયલ ઇસ્યૂમાં પ્રસિદ્ધ થયું.

કંઈક બરાબર ચાલતું ન હોય તેવું લાગ્યું. એપ્રિલના અંત ભાગમાં નૅશે પોતાના ઉપરનો કાબૂ ખોયો. બોલવાનું બંધ ન કરે અને બોલે તેમાં સમજ ન પડે. ઉનાળો આવતાં બધાંની સાથે બોલવાનું બંધ થઈ ગયું. શક્ય છે કે વધારે પડતા વિશ્વાસથી દવા લેવાનું બંધ કર્યું હોય. જૂનના અંતમાં જો કૉહ્ન સેબેટિકલ રજાઓ ઇક્વેડોરમાં લેવાના હોઈને તેમનું ભાડાનું એપાર્ટમેન્ટ નૅશે ભાડે રાખ્યું.

જાન્યુઆરી ૧, ૧૯૬૭ પછી બૉસ્ટનથી સાનફ્રાન્સિસ્કો આવ્યા. તેમના સંબંધી રિચાર્ડ નૅશની (Richard Nash) જોડે થોડોક વખત રહ્યા. ફેબ્રુઆરી ૩ના રોજ સીયાટલ (Seattle) આવ્યા. ડૉ. ઇસ્મીઑલને (Esmial) ફોન કરતા, પણ તેમના કહેવા પ્રમાણે ન કરતા. ક્યારે કેમ્બ્રિજ પાછા આવ્યા તેનો ખ્યાલ નથી, પણ આવ્યા ત્યારે ખૂબ જ માંદા હશે. જૂન ૨૬, ૧૯૬૭ના રોજ તેમની બાની જોડે રોનોક જવા નીકળ્યા. એપાર્ટમેન્ટ સાફ કર્યા વગર જ ગયેલા અને તેના કારણે ઘણા બધા તેમના ઉપર નાખુશ છે. પહેલાં કેમ્બ્રિજથી પ્રિન્સટન ગયા, પ્રિન્સટન હૉટલમાં રહ્યા અને ત્યાંથી તેમની બાના ત્યાં રોનોક ગયા.

રોનોકમાં પહેલું વર્ષ પૂરું થયું. નૅશ તેમની બાની સાથે નાના ગાર્ડન એપાર્ટમેન્ટમાં રહેતા. નૅશની પાસે જૂની ગાડી રેમ્બલર છે અને થોડીક બચત. છેલ્લાં આઠ વર્ષની બીમારીએ તેમનાં પહેલાનાં પત્ની ઍલિસિયાને અને ઘણા

મિત્રોને થકવી નાખ્યા અને દુનિયામાં તેમની કોઈ શાખ નથી. શરીરે પણ હાડપિંજર જેવા, આંખો ઊંડી ઊતરી ગયેલી, વાળ ધોળા થઈ ગયેલા. ચાલીસ વર્ષની ઉંમર થઈ, પણ સિત્તેર વર્ષથીયે વધારે ઘરડા લાગે.

ઘણા દિવસ એપાર્ટમેન્ટની આસપાસ ફર્યા કરે. રોડના છેડા સુધી જાય. ઘણી વખત રોગની અને રોગની દવાની અસર વચ્ચેનો ભેદ ઓળખવો અઘરો છે. જ્યારે રોનોકમાં રોગની અસર ચોખ્ખી દેખાય. ઇન્સ્યુલિનની સારવારને છ વર્ષ થઈ ગયાં. તેની અસર તે સમયની યાદશક્તિ ગઈ. સ્ટેલઝાઈનની અસરે તેમને કેમ્બ્રિજમાં ઘણા શાંત રાખ્યા.

વિર્જિનિયાનું નિધન નવેમ્બર, ૧૯૬૪માં થયું. ઇલિનૉરે તેમના પુત્ર નૅશને ભરણપોષણના પૈસા આપવાનો કૉર્ટનો હુકમ મેળવ્યો. જ્યારે નૅશના પૈસા ખૂટી જાય, ત્યારે વિર્જિનિયા આપવાનાં હતાં. વિર્જિનિયા તેમના બંને પૌત્રો માટે નાની યાદગીરી મૂકતાં ગયેલાં.

નૅશ તેમની બહેન માર્થા અને બનેવી ચાર્લી (Charlie) જોડે થોડોક વખત રહ્યા. તેમની બહેન માટે અઘરું હતું. તેમની બહેન બાળકો અને ઘરની કાળજી રાખે, જ્યારે જૉહ્ન ચા પીતા જાય અને વ્હિસલો વગાડતા જાય તે માર્થા માટે અસહ્ય હતું.

માર્થાનો ખ્યાલ વિર્જિનિયાને જે સોશિયલ સિક્યોરિટીના માસિક પૈસા મળતા તે નૅશની તબિયતના કારણે નૅશ અને તેના બાળકોને મળે તો અપાવવાનો હતો. આના માટે હૉસ્પિટલનો અભિપ્રાય જોઈએ. આ માટે નૅશને હૉસ્પિટલમાં દાખલ કરાવવા પડે જે માર્થાએ કર્યું. હૉસ્પિટલને બધી તપાસ કરતાં લાગ્યું કે નૅશને ઘણા બધા પ્રશ્નો છે પણ તે તેમની કાળજી લઈ શકે તેમ છે. આથી વિર્જિનિયાની સોશિયલ સિક્યોરિટી નૅશને ન મળે અને નૅશને હૉસ્પિટલમાંથી રજા આપી.

નૅશને હૉસ્પિટલમાં દાખલ કરાવવા માટે નૅશ તેમની બહેન માર્થા ઉપર ગુસ્સો ભરાયાં. માર્થાને છેલ્લો પત્ર લખીને બધો સંબંધ કાપીને પ્રિન્સટન જવા બસમાં બેઠા.

**૧૯૭૦-૧૯૯૦ સૌમ્ય દિવસો (Quiet Days)**

જ્યારે ઍલિસિયાએ નૅશને એમની સાથે રહેવાનું કહ્યું ત્યારે તે ફક્ત દયાથી, વફાદારીથી અને દુનિયામાં નૅશને કોઈ રાખશે નહિ તેનો ખ્યાલ હોવાથી જ કહ્યું. નૅશના માતાનું નિધન થયું અને બહેન માર્થા નૅશનો ભાર સહન કરી શકે તેમ ન હતાં. ઍલિસિયાએ છૂટાછેડા લીધેલા છતાંયે ઍલિસિયા નૅશની પત્ની. માનસિક અસમતુલા સાથેના અગાઉના પતિ સાથે રહેવાનું સરળ ન હતું, પણ ઍલિસિયાએ તેનો જરાયે વિચાર ન કર્યો. ઍલિસિયા નૅશને આધાર વગરના રાખવા તૈયાર ન હતી.

ઍલિસિયાની RCA કંપનીની નોકરી છૂટી ગઈ. બીજે શોધવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો, પણ ક્યાંય બીજે નોકરી ન મળી. નોકરી વગરનાઓ માટે સરકારી યોજનાઓ છે, તેનો ઍલિસિયાને ઉપયોગ કરવો પડ્યો, વેલફૅર (Welfare) અને ખોરાક માટે ફૂડ સ્ટેમ્પ્સની (Food Stamps) યોજનાનો ઉપયોગ કરવો પડ્યો. સારી જગ્યાએ સારા મકાનમાં તેમની માતા સાથે ભાડે રહેતાં, તે ખાલી કરીને નાનું, પુરાણું અને સસ્તું મકાન ભાડે રાખ્યું. આ મકાન રેલવે સ્ટેશનની બાજુમાં હતું. બાર વર્ષના તેમના પુત્ર જૉહ્ની (Johnny) માટે બધા મિત્રો અને શાળા છોડવી અઘરી હતી.

નૅશના માતાના ટ્રસ્ટમાંથી નૅશને ઘરના ભાડા માટે અને ખર્ચ પેટે થોડાક પૈસા મળતા તે ઍલિસિયાને આપતા. બધાં સાથે રહેતાં અને જમતાં. નૅશ જૉહ્નીને હોમવર્કમાં મદદ કરતા. શેરથામાં અમે નાના હતા ત્યારે કોઈ ગાંડો માણસ હોય તો ગામનાં બાળકો તેમને પજવતાં તે મને યાદ છે. આવું અહીં પ્રિન્સટનમાં પણ બનતું. નૅશ લાંબા-ધોળા વાળવાળા, દાઢીવાળા અને ગમે તેવાં કપડાં પહેરીને તેમની સ્ટ્રીટ નૅસ્સૉ (Nassu) ઉપર ફરતા, ત્યારે બાળકો તેમના મોઢા ઉપર ગમે તેમ બોલતાં અને હેરાન કરતાં. જાણે કે નૅશ ખૂબ જ શાંત થઈ ગયેલા અને કોઈનાયે માટે કોઈ જાતની મુશ્કેલી ઊભી ન કરતા.

ઍલિસિયા ખૂબ જ ધીરજવાળાં હતાં. નૅશની જોડેથી ખૂબ જ ઓછી અપેક્ષા રાખતાં. ઍલિસિયાના સૌમ્ય સ્વભાવના કારણે નૅશ ધીરેધીરે સારા થઈ શક્યા. ઍલિસિયાએ ૧૯૬૦માં બોઇંગ કંપનીમાં નોકરી માટે અરજી કરેલી. ઍલિસિયા સ્ત્રી હોવાના કારણે બોઇંગે નોકરી ન આપેલી. આના લગતો કૉર્ટમાં કેસ ચાલતો હતો. કૉર્ટની બહાર બધું પતતાં ઍલિસિયાને ૧૯૭૩માં થોડાક પૈસા મળેલા, જેના કારણે તેમનો ઉત્સાહ ઘણો

વધ્યો. ન્યૂયૉર્કમાં કૉન ઍડિસન કંપનીમાં (Con Edison) પ્રોગ્રામિંગની નોકરી મળી. સરળ કામ ન હતું. સવારના સાડા ચાર વાગે ઊઠીને પ્રિન્સટન જંકશનથી બે કલાકની મુસાફરી કરીને મેનહટ્ટન (Manhattan) આવવું પડતું. ત્યાંથી કૉન ઍડિસન દૂર ન હતું. સાંજે આઠ વાગે ઘેર આવતાં અને પગાર પણ સારો મળતો. આથી જોહન્નીને સારી સ્કૂલમાં દાખલ કરાવી શક્યાં. જૉહન્ની દેશવ્યાપી હરીફાઈમાં રેન્સસલર (Rensselar) મેડલ પણ જીતેલો. જોહન્નીને પ્રિન્સટન યુનિ.ના ગણિત વિભાગના ફાઈન હૉલમાં જતો, ચેસ રમતો અને ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ જોડે ગણિતની વાતો કરતો.

### આખરે છૂટ્યા (કદાચ, Remission)

પીટર સેરનેક (Peter Sarnak) પૉલ કૉહેનના વિદ્યાર્થી હતા અને પ્રિન્સટનના ગણિત વિભાગમાં અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૯૦માં તેમનો સેમિનાર હતો. પૂરો થયો અને લગભગ બધા ગયા. આ બધાના ગયા પછી છેલ્લે બેસનારા પાતળા અને સફેદ વાળવાળા ભાઈએ પીટરના પેપરની નકલ માગી. પીટરે નૅશ માટે ઘણું સાંભળેલું આથી નૅશને પેપરની કૉપી મોકલી આપી. પ્રિન્સટનના ગણિત વિભાગના ત્રણ વાગ્યાના ચાના સમયે, થોડાક દિવસ પછી નૅશ પીટરને મળ્યા. અને નૅશે આપેલા પેપરને લગતા પ્રશ્નો પીટરને પૂછવાના શરૂ કર્યા. પીટર શાંતિથી સવાલો સાંભળતા હતા. પીટરને ખ્યાલ આવ્યો કે તેમની સાબિતીની દલીલમાં નૅશે સાચો પ્રશ્ન ઊભો કર્યો છે. આથીયે વધારે નૅશે આનો ઉકેલ પણ બતાવ્યો. પીટરે જણાવ્યું, ''નૅશની જોવાની રીત મોટા ભાગના માણસોની જોવાની રીતથી જુદી છે. તુરત જ (Instant) ઊંડાણથી જોવાની રીત હું માનતો નથી કે હું કોઈ દિવસ મેળવી શકું. ''અસામાન્ય સૂક્ષ્મદષ્ટિ'' તે બંને જણ કોઈ કોઈ સમયે એકબીજા જોડે વાતો કરતા. દરેક વાતચીત પછી થોડાક દિવસ ન દેખાય. જ્યારે દેખાય ત્યારે કમ્પ્યૂટરની ગણતરીઓથી છાપેલા કાગળો જોડે હોય જ, સેરનેકને લાગ્યું કે નૅશ સંપૂર્ણ વિવેકી છે જે તેમના માટે સાંભળેલું તેનાથી તદ્દન જુદું છે. સેરનેકને લાગ્યું કે ગણિતશાસ્ત્રીઓ આવા મોટા અસાધારણ ગણિતશાસ્ત્રીને ખરેખર ભૂલી ગયા છે તે સારું ન કહેવાય.

નૅશમાં થઈ રહેલો ફેરફાર ૧૯૯૦માં પ્રિન્સટનના ગણિતશાસ્ત્રીઓ નોંધી રહ્યા હતા. ૧૯૯૨માં શેપલી (Shapley) પ્રિન્સટન આવેલા ત્યારે ઘણાં વર્ષો બાદ નૅશની જોડે આનંદિત વાર્તાલાપ સાથે જમેલા અને કહેલું કે, ''નૅશ ખૂબ તીક્ષ્ણ હતા અને ઘણાં વર્ષોની ગંભીર માંદગીમાંથી હવે ગણિતની વ્યક્તિના સામાન્ય ક્ષેત્રમાં છે.

### નોબેલ ઇનામ (Nobel Prize)

૧૮૯૪માં સ્વીડનના ઉદ્યોગપતિ અને શોધક આલફ્રેડ નૉબેલે (Alfred Nobel) તેમના વસિયતનામામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, વૈદક (Medicine), સાહિત્ય અને શાંતિ માટેનાં અગત્યનાં કામો માટે ઇનામો આપવાનું લખેલું. અર્થશાસ્ત્ર તેમાં ન હતું. સ્વીડનની સેન્ટ્રલ બૅંકના વડાને ૭૦ વર્ષ પછી અર્થશાસ્ત્રના ઇનામનો વિચાર આવ્યો. તે ઇનામનું નામ 'આલફ્રેડ નોબેલની સ્મૃતિમાં ધી સેન્ટ્રલ બૅંક ઑફ સ્વીડનનું અર્થશાસ્ત્ર વિજ્ઞાનનું ઇનામ છે. આ ઇનામના નિયમો, કાર્યપ્રણાલી (Procedure), માનદંડ (Criteria) નોબેલનાં ઇનામો જેવા જ છે. ઉમેદવાર જીવતો હોવો જોઈએ. વધારેમાં વધારે ત્રણ ઉમેદવારો વચ્ચે ઇનામ વહેંચવું. આ ઇનામ કોઈ ખાસ શોધ (invention) કે સિદ્ધિ (achievement) માટે અપાય છે. આ ઇનામ જિંદગીભરની સિદ્ધિ માટે કે સારામાં સારા માણસાઈના ગુણ માટે નથી.

અર્થશાસ્ત્રનું ઇનામ કોને આપવું તે નક્કી કરવા પાંચ સ્વીડીશ અર્થશાસ્ત્રીઓની કમિટિ હોય છે. આ કમિટિ કોને ઇનામ આપવું તેનાં નામો દુનિયાભરના અર્થશાસ્ત્રીઓ કે અર્થશાસ્ત્રના શિક્ષણ સાથે સંકડાયેલા અધ્યાપકો પાસેથી માગે છે. કોઈ પણ વ્યક્તિ તેમને યોગ્ય લાગે તે માણસનું નામ અને કામ આ કમિટિને મોકલી આપે છે. આ કમિટિના સભ્યો ઇનામોને લાયક વ્યક્તિઓના જેટલી લાયકાત ધરાવનાર તો હોય છે. આ બધાં નામોમાંથી યોગ્ય વ્યક્તિઓની પસંદગી ખરેખર કોઈ પણ જાતના ગ્રજ વગર કે રાજકીય અપેક્ષા વગર કરવામાં આવે છે.

૧૯૮૭માં પ્રો. વાઈબુલે (Weibull) ગેઈમ થિયરીના મુખ્ય વિચારો અને તેની અગત્યતતાની રજૂઆત આ કમિટી સમક્ષ કરી અને તે રજૂઆતમાં છથી બાર જણાના કામનો ઉલ્લેખ કરેલો. આ નામોમાં નૅશનું

નામ પણ હતું. આ રજૂઆત ઉપરથી પ્રો. વાઈબુલને લાગેલું કે ગેઈમ થિયરીનો કામોને પ્રોત્સાહન આપવા માટે ગેઈમ થિયરીમાં કામ કરનારને ઇનામ અપાશે.

બે વર્ષ પછી એટલે કે ૧૯૮૯માં વાઇબુલ પહેલી જ વખત પ્રિન્સટન યુનિવર્સિટીના કેમ્પસ ઉપર આવે છે. ગણિત વિભાગના વડાની મદદથી નૅશની જોડે વાઈબુલના બપોરના જમવાની ગોઠવણ કરવામાં આવે છે. બંને જણે સાથે બેસીને બપોરનું ભોજન લીધું અને સાથે ઘણી વાતો પણ કરી. વાઈબુલે નૅશને તેમના કામ સંબંધી ઘણા પ્રશ્નો પૂછ્યા. નૅશ ચક્રમ, બુદ્ધિહીન, શક્તિપાત ન લાગ્યા. આ સમાચાર સ્વીડનની ઇનામ નક્કી કરનાર કમિટિને મળ્યા.

જૉન વૉચ નૉયમન અને મોર્ગનસ્ટર્નના થિયરી ઑફ ગેઇમ્સ અને ઇકોનોમિક બીહેવિઅરને પચાસ વર્ષ પૂરાં થતાં હોઈને ૧૯૯૪માં ગેઈમ થિયરીને મહત્ત્વ આપવા માટે ગેઈમ થિયરીના કામ માટે અર્થશાસ્ત્રનું ઇનામ આપવાનો નિર્ણય લેવાયો.

આ ઇનામ માટે નૅશની ઘણી ચર્ચા થઈ. નૅશ ગણિતશાસ્ત્રી છે અર્થશાસ્ત્રી નથી. ચાલીસ વર્ષથી ગેઈમ થિયરીમાં રસ લેવાનું બંધ કર્યું છે અને માનસિક રોગના દરદી છે, આથી સમારંભ વખતે કંઈક વિચિત્ર કરી બેસે તો શું ? આની સામેની દલીલ એ હતી કે બૌદ્ધિક કામ ઇનામને લાયક હોઈને ઇનામ કેમ ન આપવું ?

મોટા ભાગના નોબેલ ઇનામ મેળવનારા તેમના ક્ષેત્રમાં પ્રસિદ્ધ થયેલા હોય છે અને તેમને માનપાન મળેલાં હોય છે. નોબેલ ઇનામ તેમના માટે ખ્યાતિનો મુગટ હોય છે. જ્યારે નૅશ પ્રસિદ્ધ નથી અને ગરીબાઈમાં રહે છે. તેમનામાં આ ઇનામ ઉત્સાહ પ્રેરશે. આ બધી દલીલોમાં આખરે ત્રણમાંના એક નૅશને ૧૯૯૪નું અર્થશાસ્ત્રનું નોબેલ ઇનામ આપવાનો કમિટિએ નિર્ણય લીધો.

આ ઇનામની જાહેરાતના દિવસે બપોરના પ્રિન્સટન યુનિવર્સિટીના ગણિત વિભાગના ફાઈન હૉલમાં શૅમ્પેનની (champagna, મોંઘામાં મોંઘો દારૂ) પાર્ટી હતી. નૅશે ભાષણ આપવાની ના પાડી, પણ તેમણે ત્રણ વાત કહી : એમને ક્રેડિટ કાર્ડની જરૂર હોઈને, આ ઇનામ મળવાથી ક્રેડિટમાં સુધારો થશે અને આના કારણે ક્રેડિટ કાર્ડ મળશે તેવી આશા રખાય. બીજું : ઘણા બધાને બીજાની જોડે ઇનામ મેળવવાનો આનંદ થતો હોય છે. જ્યારે મારે પૈસાની ખરેખર જરૂર હોઈને, મને એકલાને મળ્યું હોત તો સારું, ત્રીજું મને ગેઈમ થિયરી માટે નોબેલ ઇનામ મળ્યું છે તે સ્ટ્રીંગ થિયરી (String Theory) જેવી છે. લોકો ઇચ્છી રહ્યા છે કે સ્ટ્રીન્ગ થિયરીનો ઉપયોગ થાય.

નોબેલ ઇનામ અપાતી વખતના ભવ્ય સમારંભમાં નૅશ કંઈક આડું-અવળું તો કરી નહીં બેસે તેવો ડર ઘણાને હતો, પણ તેમાંનું કંઈ બન્યું નથી. નૅશે અને ઍલિસિયાએ બહુ જ શાંતિપૂર્વક સમારંભમાં ભાગ લીધો. સ્વીડનના રાજા રિવાજ પ્રમાણે નૉબેલ ઇનામ મેળવનારને આ પ્રસંગે પાંચ મિનિટ માટે મળે છે. નૅશનો વારો આવ્યો ત્યારે તે ગભરાતા લાગતા એટલે એવું લાગતું કે કદાચ તે રાજાને મળવા નહિ જાય. પણ રાજાને મળવા ગયા એટલું નહિ રાજાની સાથે પાંચ મિનિટ નહિ પણ દશ મિનિટ વાતો કરી.

નૅશને નોબેલ ઇનામ મળ્યા પછી ચારે બાજુથી બીજાં ઘણાં ઇનામો અને માનનીય ડિગ્રીઓ મળી.

નૅશ અને એલિસિયાનો પુત્ર જૉહન્ની હાઈસ્કૂલના ડિપ્લોમા વગર સ્કૉલરશિપ સાથે રટગર્સ (Rutgers) યુનિવર્સિટીના અનુસ્નાતકના પ્રોગ્રામમાં જોડાયો અને રટગર્સ યુનિવર્સિટીમાંથી Ph.D. થયો. નૅશની જેમ જૉહ્ન પણ માનસિક રોગોનો ભોગ બનેલો છે. આ રોગના કારણે હૉસ્પિટલમાં રાખવો પડેલો. જૉહન્નીનો પ્રશ્ન પણ આ બંને માટે ખૂબ જ ચિંતાજનક હતો.

લગ્નનાં ચાલીસ વર્ષ પછી ૨૦૦૧માં પ્રિન્સટનના મેયરે ખ્રિસ્તી ધર્મની વિધિ પ્રમાણે ફરીથી તેમનાં લગ્ન કરી આપ્યાં.


આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખ્યો છે.

(૧) નાસર (Nasar), એસ. એ બ્યુટીફૂલ માઈન્ડ (A Beautiful Mind). સિમન અને સ્ચુસ્ટર પેપરબેક્સ (Simons & Schuster Paperbacks), ૨૦૧૧.

(૨) કુહ્ન (kuhn), એચ. અને નાસર, એસ. ધી ઇસેન્શલ જૉહન નૅશ (The Essential John Nash). પ્રિન્સટન યુનિવર્સિટી પ્રેસ, ૨૦૦૨.



(વિઠ્ઠલભાઈ અં. પટેલ નરસિંહજી મંદિર પાસે, ઉવારસદ રોડ, મુ. પો. શેરથા, જિ. ગાંધીનગર, મો. ૯૪૨૮૦૧૯૦૪૨)

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**સુભાષિત – સૌરભ :** ચૂંટેલા સુભાષિતો, અન્વય, સમશ્લોકી અને ગદ્ય અનુવાદ / કુલીનચંદ્ર પો. યાજ્ઞિક. અમદાવાદ ગૂર્જર પ્રકાશન ૨૦૧૫. ૧૦,૧૯૮ પૃ. કિં. રૂ. ૩૦૦ ISBN : 978-93-5175-156-4

સમગ્ર ભારતીય વાઙ્મય-સંસ્કૃત, પ્રાકૃતથી શરૂ કરી આધુનિક ભારતીય ભાષાઓ સમેત – સદ્દૂકિતઓ / સુભાષિતોના હર્યાભર્યા ઉપવન સમાન છે. આપણા પ્રાચીનતમ આર્ષગ્રંથ ઋગ્વેદ ઇત્યાદિ વેદો, ઉપનિષદો, પુરાણો, આદિકાવ્યો – રામાયણ, મહાભારત, – લૌકિક વાઙ્મય વગેરેમાં ઉત્તમોત્તમ સૂકિત / સુભાષિતો ગૂંથાયેલાં જોવા મળે છે. આ સૂકિતઓ / સુભાષિતોમાં આપણા આર્ષદ્રષ્ટા ઋષિઓ / કવિઓના જીવનચિંતનનો અર્ક પ્રસ્તુત થયો છે, જેમાં ભારતીય ધર્મ, જીવનદૃષ્ટિ અને સંસ્કૃતિનો પ્રાણ સંનિહીત છે, જે આપણને ઉન્નત જીવન જીવવા માટેનો રાહ ચીંધી રહ્યાં છે. અહીં પ્રસ્ફૂટિત થયેલું ચિંતન કાળ અને અનુભવની એરણ ઉપરથી પસાર થયેલું હોવાથી શાશ્વત મૂલ્ય ધરાવે છે અને તેથી સુભાષિતોની કવિઓએ પણ મુક્તકંઠે પ્રશંસા કરતાં ગાયું છે કે –

**भाषासु मुख्या मधुरा दिव्या गीर्वाण भारती ।**
**तस्माद्धि काव्यं मधुरं तस्मादपि सुभाषितम् ॥**

(અર્થાત્ દેવવાણી સંસ્કૃત ભાષા ભાષાઓમાં મુખ્ય, મધુર અને દિવ્ય છે. તેના કરતાં સંસ્કૃત કાવ્ય વિશેષ મધુર છે અને સુભાષિત તો તેનાથી પણ વધારે મધુર છે.)

**संसारस्य कटुवृक्षे द्वे फले ह्यमृतोपमे**
**सुभाषितरसास्वादः संगतिः सुजने जने**

(સંસારના કડવાશ ભરેલા વૃક્ષ ઉપર બે ફળ ખરેખર અમૃતસમા છે – સુભાષિતના રસનો સ્વાદ અને સજ્જનોનો સંગ)

પ્રાચીન / મધ્યકાલીન સમયથી સંસ્કૃત – પ્રાકૃતમાં સુભાષિત – સંચયની પરંપરા પ્રચલિત રહી છે. પ્રાકૃતમાં શાલિવાહન સંપાદિત ગાહા સત્તસઈ = ગાથા સપ્તસતી, મુનિ જયવલ્લભ સંકલિત **'वज्जालग्ग'**, સમયસુંદરગણિ સંપાદિત **'गाहासहस्री'**, જિનેશ્વરસૂરિ સંપાદિત **'गाथाकोष'**, જ્યારે સંસ્કૃતમાં સંભવતઃ પ્રથમ જ્ઞાત સંચય અજ્ઞાત સંપાદક કૃત **'कविन्द्रवचनसमुच्चय'**, નંદન સંપાદિત **'प्रसन्नसाहित्यरत्नाकर'**, **'सदूक्तिकर्णामृत'**, (શ્રીધરદાસ), **सूक्तिमुक्तावली** (જલ્હણ), **शार्ङ्धरपद्धति** (શાર્ઙ્ધર), આધુનિક સમયમાં નિર્ણયસાગર પ્રેસ પ્રકાશિત **'सुभाषितसंग्रह'**, જર્મનીના પૌર્વાત્યવિદ્દ્ ઓટોબોતલિંક દ્વારા સંસ્કૃતમાંથી જર્મનીમાં અનુવાદિત ૭૬૧૩ સૂક્તિઓનો સંચય, પોલેન્ડના સંસ્કૃત વિદ્વાન લુડવિક સ્ટર્નબાખ સંપા. – અનુ. **'महासुभाषितसंग्रह'** વગેરે વિશેષ ઉલ્લેખનીય સંપાદનો છે. અનેક કર્તાઓનાં સુભાષિતોના સંચય ઉપરાંત એક જ કર્તાનાં સૂક્તિ / સુભાષિતોના સંચયોની પરંપરા પણ પ્રબળ રહી છે જેમ કે વિદુરજી કૃત **'विदुरनीति'**, ચાણક્ય કૃત **'चाणक्यनीति'**, ભર્તુહરિ કૃત **'शतकत्रय'** ઘટકર્પર કૃત **'नीतिसार'**, હલાયુધ કૃત **'धर्मविवेक'**, દક્ષિણામૂર્તિ કૃત **'लोकोक्तिमुकतावलि'** વગેરે. આ બધા પ્રકારના સંચયોની સટિપ્પણસૂચિ તેના રસપ્રદ ઇતિહાસશોધ–વિશ્લેષણનો એક મહત્ત્વપૂર્ણ સ્રોત બની શકે.

સંસ્કૃત – પ્રાકૃત સુભાષિતોના મૂળપાઠ અને તેના ગુજરાતી ભાષામાં અનુવાદોના સંગ્રહોની પણ ઘણા લાંબા સમયથી સમૃદ્ધ પરંપરા રહી છે. આ પૈકી સન ૧૮૯૯માં સ્વ. વસનજી પરમાનંદ ચાહેવાળા મુંબઈ તરફથી પ્રગટ થયેલ **'सुभाषितरत्नभांडागारम्'** ના પુનર્મુદ્રણ હકો મેળવીને સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય દ્વારા પ્રકાશિત **'सुभाषितरत्नभांडागार'** (૧૯૫૭) વિશેષ ઉલ્લેખનીય છે. આ સંગ્રહની અંતિમ તૃતીય આવૃત્તિ (૧૯૭૫)માં વિવિધ વિષયક ૬૩૦૩ સુભાષિતોનો

મૂળપાઠ અને ગુજરાતી અનુવાદ આપવામાં આવેલ છે. પ્રસ્તુત સંગ્રહ ઘણા લાંબા સમયથી અપ્રાપ્ય હોવાથી તેની મહત્તા અને ઉપયોગિતાને ધ્યાને લઈ તેનું પુનર્મુદ્રણ ઇચ્છનીય બની રહે છે.

સમીક્ષિત કૃતિ 'સુભાષિત – સંગ્રહ' – 'અવનિનું અમૃત' ગુજરાત રાજ્યના સેવાનિવૃત્ત શિક્ષણ સચિવ (Retd. I. A. S.), હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ અને જાણીતા શિક્ષણવિદ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકસાહેબની સાધનાનું સુફળ છે. સામાન્યતઃ સુભાષિત સંગ્રહો વિદ્યાર્થીઓ કે જિજ્ઞાસુઓને ધ્યાને લઈ મૂળકૃતિઓ / સુભાષિત સંપાદનોના આધારે સંપાદિત – અનુવાદિત કરવામાં આવતાં હોય છે, પરંતુ, પ્રસ્તુત સંગ્રહમાં સંગૃહીત ઘણાં ખરાં સુભાષિતો યાજ્ઞિકસાહેબને બાલ્યવયથી કંઠસ્થ છે. આ જ્ઞાનસમૃદ્ધ વારસાનું શ્રેય તેમના ધર્મપરાયણ કુટુંબની પરંપરાને અને સંનિષ્ઠ શિક્ષક પિતાજીનાં રસ-રુચિ ને જાય છે. આ વિશે તેમના જ શબ્દોમાં જોઈએ : 'પંચોતેર વર્ષ પહેલાંની કોઈ એક હૂંફાળી સાંજ... હીંચકા ઉપર અમે – એક બેન એક ભાઈ બેઠાં છીએ – દીવા ટાણે ઘેર આવી જવાનું, એ શિસ્તને અનુસરીને... એક શ્લોક પિતાજી ગાય, પછી અમારો વારો. એક વિરુદ્ધ ત્રણ. અમારો ખજાનો પૂરો થાય એટલે પિતાજી આગળ ચલાવે. નવા શ્લોક હોય તેના અર્થ કાયમ સમજાવે. સંસ્કૃત ન આવડે પણ અર્થ સમજી શકીએ. બાની વળી જુદી. સવારે રાંધણિયામાં બેસે ત્યારથી સ્તોત્રોની માળા શરૂ થાય – નર્મદાષ્ટક, ગણેશ, શિવજી, રામરક્ષા, શક્રાદય, મહિમન અને બીજાં રોજ એકધારા ક્રમમાં મોટેથી ગાય... જનોઈ દીધુ ત્યારથી રોજ રોજ સંધ્યા પછી ગીતાના ૫-૧૦ શ્લોક વાંચવાનો નિયમ હતો... મોટાં બેન કીકીબહેનને લગભગ આખી ગીતા મોઢે.'

અહીં કુલ ૨૨૩ સુભાષિતો તેના મૂળ પાઠ, અન્વય, મોટા ભાગના શબ્દોના અર્થ, ગુજરાતીમાં ગદ્યમાં અનુવાદ અને જે તે સુભાષિતના મૂળ છંદમાં ગુજરાતી પદ્યાનુવાદ સાથે આપવામાં આવેલ છે. આ બધાં સુભાષિતો ૧. પ્રાર્થના, ૨. ચિંતન, ૩. નીતિ-ઉપદેશ, ૪. ચાતુરી અલંકાર, ૫. વર્ણન, ૬. પ્રકીર્ણ અને ૭. સુભાષિત – પ્રશંસા વિષયો હેઠળ વર્ગીકૃત કરીને આપવામાં આવ્યાં છે, તેમજ પ્રત્યેક વિષય હેઠળનાં સુભાષિતો તેમાં પ્રયુક્ત નાનાથી મોટા છંદો પ્રમાણે ગોઠવવામાં આવ્યાં છે. વળી, પ્રત્યેક વિષયના પ્રારંભમાં જે તે વિષયનું હાર્દ મૂઠીભર શબ્દોમાં સમજાવીને જે તે વિષયનાં સુભાષિતો કયા કયા કે કયા પ્રકારના ગ્રંથોમાંથી મળી શકે, સુભાષિતોની મહત્તા, ઐતિહાસિક – સામાજિક સંદર્ભે વગેરેનો તથા ક્વચિત કોઈ સુભાષિતના વિષયવસ્તુ સંદર્ભે પ્રચલિત કિંવદન્તીના ઉલ્લેખો પણ કરવામાં આવ્યા છે જે સંપાદક - અનુવાદકના વ્યાપક વાચન અને ગહનજ્ઞાનનાં પરિચાયક બની રહે છે. આ સાથે પરિશિષ્ટમાં સુભાષિતોની પ્રથમ પંક્તિના પ્રારંભિક શબ્દોના આધારે સૂચિ પણ આપવામાં આવી છે. આ સૂચિ કોઈ ઇચ્છિત સુભાષિત શોધવા માટે ખૂબ જ ઉપયોગી બની રહે છે.

આજે છંદનું જ્ઞાન તેમજ છંદોબદ્ધ કાવ્યરચના વિસરાતાં જાય છે તેવા સમયે સુભાષિતોના છંદોબદ્ધ અનુવાદ અનેકવિધ રીતે ઉપયોગી બની રહે છે. પ્રસ્તુત અનુવાદ સંદર્ભે અનુવાદકની નિખાલસતાપૂર્ણ નોંધ ગદ્ય અનુવાદમાં સંસ્કૃત ભાષાનો ઓછો પરિચય હોય તેવા વાચકોને ધ્યાને લઈ થોડી છૂટ લીધી છે. ઉદા. તરીકે સંસ્કૃતમાં કર્મણિ પ્રયોગ હોય ત્યાં કર્તરિ પ્રયોગ કરવો વધારે સારું ગુજરાતી કહેવાય. આ દૃષ્ટિએ અનવ્યમાં આપેલા શબ્દાર્થો, પ્રત્યયો વગેરેમાં કાંઈક ફેરફાર કર્યો હોય તો તે ગુજરાતીમાં અર્થ સારી રીતે સમજી શકાય તે માટે કર્યો છે... સમશ્લોકી અનુવાદ મૂળ શ્લોકને શક્ય તેટલો વફાદાર રાખવા પ્રયત્ન કર્યો છે. માત્ર અનિવાર્ય હોય ત્યાં કોઈક શબ્દો છોડી દીધા હોય અથવા ઉમેર્યા હોય તેટલી છૂટ લીધી છે'' અનુવાદકના નિર્દંભ વ્યક્તિત્વની પરિચાયક બની રહે છે. પ્રત્યેક સુભાષિતનો અન્વય અને અનુવાદ હૃદ્ય હોઈ તેના વાચકને સંસ્કૃત ભાષામાં રસ-રુચિ કેળવવા પ્રેરશે.

આજના ઇન્ફરમેશન કોમ્યુનિકેશન ટેકનોલોજીના યુગમાં કંઠસ્થ પરંપરા ભૂસાતી જાય છે ત્યારે આ પ્રકારનાં સુભાષિતો તેના ધારકને કુશળ અને ધારદાર વક્તૃત્વ, જ્ઞાનસમૃદ્ધ વ્યક્તિત્વ ઘડતર, શાણપણ, નરને નરરત્નમાં પરિવર્તિત કરવા, રોજબરોજની જીવન સમસ્યાઓ – મૂંઝવણોના ઉકેલ અર્થે, સુભાષિતો છંદોબદ્ધ હોવાથી છંદોના જ્ઞાન અને ગાન, સંગીતનો લ્હાવો મેળવવા, સંસ્કૃત વ્યાકરણ અને શબ્દોની જોડણી-ઉચ્ચારજ્ઞાન તથા સંસ્કૃત ભાષા શિક્ષણ વગેરે માટે અત્યંત ઉપયોગી બની રહેશે. આ જ્ઞાન-પરંપરાની કંઠોપકંઠ જાળવણી માટે સવિશેષતઃ વિદ્યાર્થીઓ અને

હરકોઈ ક્ષેત્રની વ્યક્તિઓ ચિરંજીવ રુચિ કેળવશે તો શિક્ષણવિદ્ સંપાદક – અનુવાદક શ્રી યાજ્ઞિકસાહેબનો આ જ્ઞાનયજ્ઞ હાથ ધરવા પાછળનો મૂળભૂત હેતુ સાર્થક થશે. 'અવનિનું અમૃત' પ્રસ્તુત કરતો આ ગ્રંથ પ્રત્યેક સાર્વજનિક તથા શાળા - કૉલેજ ગ્રંથાલયનું આભૂષણ બની રહેશે.

આ સાથે 'શાર્ઙ્ગધર પદ્ધતિ'ના સંપાદક કવિ શાર્ઙ્ગધરની શીખ પણ આત્મસાત કરવા કૃતસંકલ્પ બનીએ.

(વસન્તતિલકા)

**ते सज्जना : सुकविशाखिकवित्वपुष्पा -**
**ण्यादाय गुम्फितवतः सुगुणैर्ममेतत् ।**
**संधारयन्तु कुसुमोज्ज्वलहाररुपं ।**
**कण्ठे सुभाषितमपास्तसमस्तदोषम् ॥**

**શાર્ઙ્ગધર :**

સમર્થ કવિઓરૂપી વૃક્ષોનાં કાવ્યોરૂપી પુષ્પો વીણીને ઉત્તમ ગુણોથી ભરેલી (અર્થાત્ ગુણ એટલે દોરાથી ગૂંથેલી માળા) સુશોભિત કુસુમોના હાર જેવાં સુભાષિતોની સર્વ દોષોનો નાશ કરનારી આ માળા સૌ સજ્જનો કંઠસ્થ કરો (અર્થાત્ માળા ગળામાં પહેરો) ।

**મણિભાઈ પ્રજાપતિ**

◆

**શ્વેતકેશી મિતર :** શ્રી નરોત્તમ પલાણ અભિનંદન ગ્રંથ / સંપાદન : મનસુખ ઠાકર અને મહેન્દ્ર વાળા. રાજકોટ : પ્રવીણ પ્રકાશન, ૨૦૧૫. ૪૪૮ પૃ. કિં. રૂ. ૪૫૦/- ISBN : ૯૭૮-૮૧-૭૭૯૦-૮૪૦-૪

હૃદયના ઉમળકાથી ખડખડાટ નિર્દોષ હાસ્ય સાથે સૌનું અભિવાદન કરતા શ્વેત કેશી મિતર અને પ્રવાસી જીવ શ્રી નરોત્તમ પલાણ સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ-સવિશેષતઃ સૌરાષ્ટ્રના ઇતિહાસ-પુરાતત્ત્વ, પુરાણવિદ્યા, લોકવિદ્યા, સંતસાહિત્ય વગેરે વિષયક્ષેત્રોના વિશ્રુત જ્ઞાતા અને સંશોધક તરીકે ખ્યાત છે. આશ્ચર્ય તો એ છે કે સાહિત્ય અને ઇતિહાસ વિષયક્ષેત્રના લોકોએ પોતાના વિષયના ન ગણતાં સામેના વિષયના કહીને તેમની બાદબાકી કરી છે ત્યારે પણ તેઓશ્રી રમૂજ અનુભવીને જણાવે છે કે 'સરવાળે મને ફાયદો થયો છે. મારાં વાચન – વિચાર વધ્યાં છે.' તેમની પાસેથી આપણને વિવિધ વિષયક ૪૨ મૌલિક અને સંપાદિત ગ્રંથો પ્રાપ્ત થયા છે, જ્યારે એકાદ ડઝનથી અધિક ગ્રંથો પ્રકાશ્ય છે. તેમના ગ્રંથો પૈકી ઇતિહાસ : 'ઇતિહાસ વિમર્શ (૧૯૭૯), 'ઘૂમલી સંદર્ભ' તથા 'ઘૂમલી : રાજકીય અને સાંસ્કૃતિક (૧૯૮૨), 'બોલતા પથ્થર' (૨૦૦૬), વિવેચન : લોચન (૧૯૮૬), 'વ્યક્તિ-સમષ્ટિ' અને 'સરવંગા' (૨૦૦૯), નવલકથા : 'હુ હુ' (૨૦૦૭), ડાયરી :' એક અધ્યાપકની ડાયરી ૧૯૯૦', (૨૦૦૯) પ્રવાસઃ' 'સરસ્વતીને તીરે તીરે' (૧૯૭૨), સંપાદન : માધવમધુ (૧૯૭૬) 'ગ્વાલગ્રંથ' (૧૯૮૧), 'બારોટ અને બારોટી સાહિત્ય' (૨૦૦૧) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. પ્રવાસ એ તેમનો શોખ છે. તેમણે પુરાતત્વવિદ મણિભાઈ વોરા અને મોહનપુરી ગોસ્વામી સાથે સૌરાષ્ટ્રના ૧૦૦૦ કિલોમીટરના દરિયાકાંઠાનો, આઠ મુખ્ય નદીઓનો મૂળથી મુખ સુધી વગેરેનો પગપાળા પ્રવાસ કરી અઢળક મૂલ્યવાન માહિતી એકઠી કરી છે.

પ્રસ્તુત 'અશીતીપર્વ ગ્રંથ'ના પૂર્વાર્ધમાં પલાણસાહેબના સાહિત્યકારમિત્રો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, સ્નેહીજનો વગેરેના હૃદયનાં ઉમળકાભેર સંભારણાંની સાથે સાથે સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્વ, પ્રવાસ, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં તેમના પ્રદાનને વાસ્તવના ધરાતલ ઉપર રહીને મૂલવતા ૨૭ લેખો સમાવિષ્ટ છે. આ ઉપરાંત ત્રણ સાક્ષાત્કાર / પ્રશ્નોત્તરીઓ અને છેલ્લે જીવનક્રમ, સાહિત્યયાત્રા અને સંદર્ભસૂચિ આપવામાં આવેલ છે. આ બધા લેખોના માધ્યમથી મૂઠીઊંચેરા માનવ અને બહુમુખી પ્રતિભાસંપન્ન ડૉ. પલાણનાં અંતરંગ વ્યક્તિત્વ અને પ્રતિભાનાં સહજમાં દર્શન થાય છે. અહીં ગ્રંથસ્થ પ્રત્યેક સંસ્મરણાત્મક લેખ ચરિત્રનાયકનાં જ્ઞાત-અજ્ઞાતપાસાંઓને જાતઅનુભવ અને અભ્યાસના આધારે ઉજાગર કરી આપતો હોઈ તાજગીપૂર્ણ બની મહમહી રહ્યો છે. સંત શિરોમણિ મોરારી બાપુ અને અન્ય સંતો તથા સૌ ભાવકોએ એક વાતનો સ્પષ્ટ એકરાર કર્યો છે કે તેમને સાંભળવા તથા તેમની સાથે પ્રવાસ કરવો એ જીવનનો એક લ્હાવો છે.' પૂ. ભાઈ નોંધે છે કે 'અન્ય પુરાતત્ત્વવિદ્ મિત્રોની સાથે એમની બરડો, બારાડી, સોરઠ અને અન્ય પ્રદેશો અભ્યાસયાત્રાઓ અને ખંડેરો અને પથ્થરો સાથે વોતામાંથી ઉભરાઈને બહાર આવતી

વાતો સાંભળવાથી માહિતીમાં વૃદ્ધિ સાથે એક અદ્‌ભુત રસસૃષ્ટિ ખડી થતી અનુભવી છે. મૌન હોય ત્યારે પ્રસન્ન મુખમુદ્રા અને વક્તવ્ય આપે ત્યારે વિષય સાથેનું એમનું સાયુજ્ય અને ક્યારેક અવશેષોની જાળવણી પ્રત્યેની ઉપેક્ષાથી ઊઠતી પીડા અને કદિક આક્રોશ એટલાં જ ધારદાર હોય છે.'' જ્યારે પ્રવાસ સંદર્ભે ભોળાભાઈ પટેલ ઉપરના એક પત્રમાં ઉમાશંકરભાઈ જણાવે છે કે 'તમે સૌરાષ્ટ્ર ગયા એ તો ઠીક, પણ પલાણ સાથે તમે બધે ફર્યા એની મને ઈર્ષ્યા આવે છે.' ચંદ્રવાડિયા, રાજેશ અને પુષ્પાબહેને વિદ્યાર્થી વત્સલ સર અને અધ્યયનશીલ અધ્યાપક સાથેનાં પોતાનાં સંસ્મરણો વર્ણવીને ગુરુ તરીકે પલાણસાહેબને મેળવીને ધન્યતા અનુભવી છે. પુષ્પાબહેન નોંધે છે કે 'ગુરુકુળ મહિલા કૉલેજમાં 'સર' એવા લાડકા નામથી પલાણસાહેબ ઓળખાતા. સરનો પિરિયડ છે એમ સમાચાર મળે કે ગમે ત્યાંથી વિદ્યાર્થીની એમના વર્ગમાં હાજર થઈ જતી. અંગ્રેજી, અર્થશાસ્ત્ર જેવા વિષયોની વિદ્યાર્થિનીઓ પણ જો એમનો વર્ગ ન હોય તો 'સર'નો વર્ગ ભરવા આવતી... આજે હું ગૌરવ અનુભવું છું કે તેમની વિદ્યાર્થિની બનવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે.'' મોરારીબાપુ આ રૂડા કાર્યને આવકારતાં જણાવે છે કે 'શ્વેતકેશી મિતર' એ તો સૌ માટે છે અને યોગ્ય પણ છે, પરંતુ મારા માટે તો બાપા-શ્વેતકેશી મુરબ્બી છે... હું આ બાપાને જેટલું મળી શક્યો, જાણીને અનુભવી શક્યો એમાં મને તો હંમેશાં જીવનના આંતરિક વિકાસ અને વિશ્રામ માટે કાંઈક ને કાંઈક નૂતન પ્રસાદ મળ્યો છે.'' અહીં સામેલ ડૉ. નીતિન વડગામાની પલાણ સાથેની મુલાકાતથી ચરિત્રનાયકના જન્મ, ઉછેર, શિક્ષણ, પ્રવાસ, કયા સાહિત્યસ્વરૂપમાં રસ-રુચિ, ગાંધીવિચાર, ધાર્મિક - સામાજિક ખ્યાલો, પૂ. ભાઈ અને પૂ. મોરારિબાપુ વિશેના અનુભવો વગેરે સંબંધી દસ્તાવેજી માહિતી સુલભ થાય છે, જ્યારે હર્ષદ ત્રિવેદીએ 'વિવેચક અને વિવેચન' સંદર્ભે પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાં તેમના વિવેચકીય અભિગમનાં દર્શન થાય છે. 'સદ્‌ભાવના ફોરમ' દ્વારા નવલકથા 'હુહુ' સંદર્ભેની પ્રશ્નોત્તરીમાં ગુજરાતમાં હિન્દુ - મુસ્લિમ એકતાનાં સંખ્યાબંધ ઉદાહરણો ટાંકીને જણાવે છે કે' આપણે મીડિયાના આધારે જ શ્વાસ લઈએ છીએ. જાણે કે પેપર, ટી. વી. કહે એ જ સર્વસ્વ ! મીડિયામાં જે બતાવાય છે તે ખરેખર જિવાતા જીવનમાં હોય એવું હોતું નથી. મેં નોંધ્યું છે કે ગુજરાતમાં કુલ ૧૮૦૦૦ વસાહતો છે, જેમાંથી ફક્ત ૧૨ એકમોમાં જ રમખાણો થયાં છે. કદાચ થોડાં વધારે ગણીએ તો ૧૮ એકમોમાં જ રમખાણો થયાં એમ ગણાય, પરંતુ એમાં તો મીડિયા વાતને એવી ચગાવશે કે આખું ગુજરાત ભડકે બળે છે... દુઃખ એ વાતનું છે કે આપણે સામાજિક સંવાદની ઘટનાઓ ઉપર ફોકસ નથી કરતા.'

ગ્રંથના ઉત્તરાર્ધમાં પલાણસાહેબના બહુશ્રુત અને બહુઆયામી ગ્રંથસ્થ – અગ્રંથસ્થ વાઙ્મયનું અવગાહન કરીને તેની શબ્દપ્રસાદી રૂપે પ્રવાસ, નિબંધ, ચરિત્ર, વિવેચન, ડાયરી, લોકસાહિત્ય, સંતસાહિત્ય, ઇતિહાસ, પુરાતત્વ, શિક્ષણ વગેરે ૧૬ વિષયોના સાહિત્યિક – સાંસ્કૃતિક મૂલ્ય ધરાવતા પસંદગીના ૬૩ લેખો વર્ગીકૃત કરીને આપવામાં આવ્યા છે. ઉદા. તરીકે 'ગિરનાર શબ્દનિધિ અને કથાનિધિ 'વ્યાખ્યાનમાં ગિરનારની ઐતિહાસિકતા તથા ગિરનાર સાથે સંકળાયેલ સાહિત્યિક, ધાર્મિક, સાંસ્કૃતિક પરંપરાઓ વર્ણવીને ગિરનાર પ્રદેશમાં વપરાતા શબ્દો ઉદા. તરીકે ખોડી, ખમાઈશો, ઉમાવો, કાદંબરી વગેરે કે જેનો સાર્થ ગુજરાતી કોશમાં પણ ઉલ્લેખ નથી તેના પ્રયોગો અને અર્થવિસ્તાર સમજાવીને તેના સંપાદન માટે અંગુલિનિર્દેશ કરેલ છે. આ જ રીતે ગિરનારનાં ચડાવાવ, ભરથરી ગુફા, નારાયણધરો, બ્રાહ્મણ પરંપરા, બૌદ્ધધર્મ, નાગવંશી રાજવી પિંગળ, નેમિનાથ – રાજુલની જૈનકથા, ચારણીકથાઓ, ગિરનારના ભોંયરા સાથે સંકળાયેલી રૂપસુંદરી – વનરાજની કથા, જમિયલશા દાતાર વગેરે સ્થળો સાથે સંકળાયેલ ઐતિહાસિક – પૌરાણિકકથાઓના તંતુઓને ઉજાગર કરી આપે છે. આજના વિવેચનનું પોત પાતળું પડવામાં સંશોધનની નિર્માલ્યતા અને તેમાંય પીએચ. ડી. ડિગ્રી હેતુ મહાનિબંધોમાં ભાષા અને વિષયવસ્તુના દારિદ્રયથી દ્રવિત થઈ નોંધે છે કે 'ગુજરાતી ભાષાના હજાર વર્ષના ઇતિહાસમાં વાંચન-મનન-લેખનનું આવું ઘોર અધઃપતન અન્યત્ર કોઈ સમયગાળામાં જોવા મળતું નથી. પીએચ.ડી.ના બે જવાબદાર માર્ગદર્શકો અને લેભાગુ સંશોધનાર્થીઓને કયા શબ્દોમાં ઠપકો આપવો ?' લોકસાહિત્ય સંદર્ભેના લેખમાં ગુજરાત પાસે

લોકસાહિત્યનો સમૃદ્ધ ખજાનો છે, પરંતુ તેના સઘન અભ્યાસનો અભાવ, સંપાદનો – વિવેચનોમાં અસ્પષ્ટતાઓ, નિર્ણાયક ધોરણો અંગે અનિશ્ચિતતા વગેરે પ્રશ્નો હલ કરવાનો નિર્દેશ કરેલ છે. ગુજરાતની ઇતિહાસ પ્રવૃત્તિ લેખમાં જૂનાગઢને ગુજરાતના ઇતિહાસનું પારણું લેખાવીને ૧૯મી સદીથી શરૂ થયેલી ગુજરાતની ઇતિહાસ પ્રવૃત્તિનાં લેખાંજોખાં રજૂ કરીને ઇતિહાસના હેતુ અને દર્શનની દૃષ્ટિએ ગુજરાતની ઇતિહાસપ્રવૃત્તિને દીન ગણાવી નોંધે છે કે ''દર્શકના ધન્ય અપવાદ સિવાય ઇતિહાસનો એક પણ દાર્શનિક અદ્યાપિ ગુજરાતને પ્રાપ્ત નથી.'' તેમનો ગામનામોનો અભ્યાસ અને ઇતિહાસ, સંસ્કૃતિ, સમાજ, ભાષાવિજ્ઞાન, સાહિત્ય વગેરે વિષયક સંચિત જ્ઞાનનિધિ પણ કાબિલેદાદ છે. આમ આ બધા લેખોમાં અભ્યાસુ – સંશોધક તરોતાજા પલાણ ઊભરી આવે છે. અહીં ગ્રંથસ્થ પ્રત્યેક લેખ નવી દિશા અને દૃષ્ટિ પ્રેરક હોવા ઉપરાંત ભાષા સૌષ્ઠવ, લાઘવતા, સાધાર સ્પષ્ટ રજૂઆત, મૌલિકતા વગેરે દૃષ્ટિએ ધ્યાનાર્હ બની રહે છે અને તેથી જ વારંવાર વાંચવા અને વિચારવા બાધ્ય કરે છે. આ ઉપરાંત પોતાને પ્રાપ્ત પત્રો પૈકી જાણીતા ૨૫ સારસ્વતો સર્વ શ્રી ઉમાશંકર જોશી, શ્રી ભોળાભાઈ પટેલ, કે. કા. શાસ્ત્રી, હરિવલ્લભ ભાયાણી, મનુભાઈ પંચોળી, મકરંદ દવે, વિજયશીલચંદ્રસૂરિજી વગેરેના પત્રોમાં વિદ્યાવ્યાસંગી પ્રવૃત્તિઓથી હર્યાભર્યા, જ્યારે પત્રચર્ચા શીર્ષક હેઠળ વિવિધ સામયિકોમાં પોતાના અભ્યાસ અને રસ-રુચિ વિષયક્ષેત્ર હેઠળ પ્રકાશિત કરેલ 'પત્ર ચર્ચાઓ' પૈકી પસંદગીની ૨૯ સમાવિષ્ટ છે, જેમાં સારા વાચક, સંશોધક અને નિર્ભીક અને કવચિત સામે પુરે તરનાર પલાણનાં દર્શન થાય છે. ઉદા. તરીકે 'અધ્યાપક સંદર્ભે'માં નોંધ્યું છે કે 'અત્યારે અધ્યાપકને જે કંઈ મળે છે તેના બદલામાં તે રાષ્ટ્રને કેટલું વળતર આપે છે ? વળતર આપી શકવાની કિંચિત્ ક્ષમતા પણ એણે કેળવી છે ખરી ? અથવા એ દિશામાં કાર્યરત છે ખરો ? ... શું અધ્યાપકે ધર્મ, પ્રદેશ, જ્ઞાતિના વાડા મજબૂત બનાવવા ભાગ નથી ભજવ્યો ? ... બ્રાહ્મણ, વણિક કે પટેલ ટ્રસ્ટ કોને સર્વિસ આપે છે ?... હું સ્પષ્ટ અનુભવું છું કે સ્વાધ્યાયવિહીન મનોદશાનું આ પરિણામ છે. પોતાના વિષયવસ્તુની અદ્યતન માહિતી તેની પાસે નથી, બીજા વિષયોનું જ્ઞાન નથી, એને ઉચ્ચ વિદ્યાનો કોઈ વ્યાસંગ નથી... શક્ય ત્યાં સુધી નવું નહીં વાંચવાની દાનતથી વારેવારે નિયત થતાં એનાં એ પાઠ્યપુસ્તકો, તૈયાર માર્ગદર્શિકાઓ અને પોતે ભણતા ત્યારે 'ગુરુ' એ ઉતરાવેલી એ જ નોટબૂકો !', ઉપરાંત 'રણછોડ' શબ્દ, દેવાંગના દેસાઈના 'ખજુરાહો ગ્રંથ', હસુ રાવળના 'લિપિવિમર્શ', કનુભાઈ કોઠ અને વસંતરાય દવે સંપાદિત 'મધ્યકાલીન ગુજરાતી કથાકોશ', 'પંચતંત્રનો પ્રથમ ગુજરાતી અનુવાદ', 'કોયલી મઠ', 'ગોપાલ બારોટ', 'સાંચીનાં શિલ્પો' વગેરે પત્રચર્ચાઓમાં તેમની નવનવોન્મેષશાલિનીપ્રતિભાની પ્રતીતિ તેના વાચકને થયા વિના રહેતી નથી. ગ્રંથાન્તે 'પ્રકીર્ણ' શીર્ષક હેઠળ અતિ સંક્ષેપમાં 'કેફિયત', સારા-માઠા પ્રસંગો વગેરે ગ્રંથસ્થ છે.

પલાણસાહેબના ગ્રંથોની કાળક્રમાનુસાર વિષયનિર્દેશતી સૂચિ આવકાર્ય છે, પરંતુ તેમાંથી પ્રકાશન સ્થળ અને પ્રકાશકોના નામની બાદબાકી કેમ ? ગ્રંથો ઉપરાંત લેખો અને પત્રચર્ચા સ્વરૂપેનું વિવિધ વિષયક અઢળક સાહિત્ય અનેકવિધ સામયિકોમાં ધરબાયેલું છે તેની તથા રેડિયો-ટીવી વાર્તાલાપો, ગ્રંથ આવકાર-આમુખો વગેરેની સૂચિ પ્રતિ ઉદાસીનતા કેમ ? તેમના ગ્રંથોની સમીક્ષાઓની સૂચિમાં જે તે સામયિકના અંક નંબર તથા સમીક્ષા કયા પૃષ્ઠ નંબરો ઉપર પ્રકાશિત થઈ છે તેનો તથા કેટલાક લેખોના પ્રકાશનના મૂળ સંદર્ભોનો ઉલ્લેખ કરવાનું પણ ટાળવામાં આવ્યું છે. ગ્રંથાન્તે આપવામાં આવેલ વ્યક્તિ અને કૃતિનામ સૂચિ તેની ઉપયોગિતાને ધ્યાને લેતાં ખરે જ શ્લાઘનીય છે. સમગ્રતયા દ્વય સંપાદકો મનસુખ ઠાકર અને મહેન્દ્ર વાળાએ વિશાળ અને વૈવિધ્યપૂર્ણ પલાણસાહિત્યનું અવગાહન કરીને ગાગરમાં સાગર સમાન તેના ઉત્તમોત્તમ અંશો સાહિત્યજગત સમક્ષ પ્રસ્તુત કરીને એક હાડોહાડ સ્વાધ્યાયશીલ અધ્યાપકનાં દર્શન કરાવ્યાં તે માટે તેઓશ્રી વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે. આ સંપાદકોનો ભક્તિભાવપૂર્ણ પુરુષાર્થ પ્રેરણાદાયી અને અભિનંદનીય છે. આજે વાચનપ્રવૃત્તિ સંકોચાતી જાય છે અને મૂળગ્રંથો વાંચવા પ્રતિ ઉપેક્ષા કરવામાં આવે છે ત્યારે જે તે કર્તા કે કૃતિઓના અર્ક પ્રસ્તુત કરતા આ પ્રકારના ગ્રંથો ઉપાદેય બની રહેશે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### ઇન્ટર્નશિપ પ્લેસમેન્ટ

● બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.), ગાંધીનગરના ત્રીજા વર્ષના ૭ વિદ્યાર્થીઓની "કોટક મહિન્દ્રા બેંક", ૩૬ વિદ્યાર્થીઓની "Bajaj Fivserv Ltd" કંપની, ૯ વિદ્યાર્થીઓની બેંક ઑફ ઇન્ડિયા, ૨૨ વિદ્યાર્થીઓની "કેપિટલ ફર્સ્ટ લિમિટેડ", ૪ વિદ્યાર્થીઓની DCB બેંક લિમિટેડ અને ૨૨ વિદ્યાર્થીઓની મધુર ડેરી, ગાંધીનગરમાં ઇન્ટર્નશિપ પ્લેસમેંન્ટ માટે પસંદગી થઈ. આ બધા વિદ્યાર્થીઓ કૉલેજનું શિક્ષણકાર્ય પૂર્ણ કર્યા બાદ પ્રાયઃ ૧.૦૦ કલાકથી સાંજના ૭.૦૦ સુધી જે તે કંપનીની કાર્યપ્રણાલી વિશે ૩૦ દિવસ સુધી તાલીમ મેળવશે.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના શારીરિક શિક્ષણના પ્રોફેસર અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીને વર્ષ ૨૦૧૪ - ૧૫ના બેસ્ટ પ્રોગ્રામ ઑફિસર તરીકેનો 'ઇન્દિરા ગાંધી નૅશનલ એન.એસ.એસ. ઍવોર્ડ' ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીના હસ્તે રાષ્ટ્રપતિભવનમાં એનાયત કરવામાં આવ્યો. આ ઍવોર્ડ અંતર્ગત ડૉ. રથવીને ટ્રોફી, મેડલ, પ્રમાણપત્ર અને રૂ. ૭૦,૦૦૦/-નો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ સાથે અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજને બેસ્ટ એન.એસ.એસ. યુનિટ તરીકેનો ઍવોર્ડ આપવામાં આવ્યો. આ ઍવોર્ડ અંતર્ગત ટ્રોફી, અને એક લાખ રૂપિયાનો ચેક મહામહિમ રાષ્ટ્રપતિના વરદ્હસ્તે ડૉ. રથવીને એનાયત કરવામાં આવ્યો. ઉલ્લેખનીય છે કે ડૉ. રથવી એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઑફિસર તરીકેની જવાબદારી સતત ૧૩ વર્ષથી સંભાળી રહ્યા છે. તેમની શ્રેષ્ઠ કામગીરી અને લોકસેવાનાં પ્રશંસનીય કાર્યોના કારણે તેમને આ નૅશનલ ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. તેમના નેતૃત્વમાં ૧૪થી વધુ વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા ૩૫૦૦થી વધારે વૃક્ષોનું વાવેતર, ૧૪ રક્તદાન શિબિર દ્વારા ૩૪૫૭ જેટલી રક્તની બૉટલ એકત્રિત કરવી, ૨૨ મેડિકલ તથા નેત્ર નિદાન ચેકઅપ કાર્યક્રમો દ્વારા હજારો લોકોને મફત નિદાન, દવા અને ચશ્માંનું વિતરણ, બાળકોને પોલિયોની રસી પિવડાવવી, થેલેસેમિયા જાગૃતિ માટેના ૨૫ કાર્યક્રમોમાં ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ચેક અપ કરવા, ૧૨ વાર્ષિક શિબિરોમાં સ્વચ્છતા, સાક્ષરતા, હેલ્થ અવેર્નેસ, ગ્લોબલ વૉર્મિંગ, પર્યાવરણ જાગૃતિ, બેટી બચાવો, વ્યસનમુક્તિના અનેક કાર્યક્રમો થકી હજારો લોકોમાં જાગૃતિ ફેલાવવી, ૩૫૦૦ જેટલાંને વ્યસનમુક્ત કરાવવા ઉપરાંત ગરીબ બાળકોને ભણાવવાં, પર્યાવરણ જાગૃતિ, મતદાન જાગૃતિ, લીડરશિપ તાલીમ, વ્યક્તિ વિકાસ તાલીમ, કુદરતી આપત્તિઓ સમયે સજાગતા અને સુરક્ષાના ઉપાયો વગેરે વિશે શિબિરોનું આયોજન, નૅશનલ કક્ષાના કાર્યક્રમો જેમ કે પ્રિઆરડી કૅમ્પ, નૅશનલ ઇન્ટિગ્રેશન કૅમ્પ અને ઇન્ટર સ્ટેટ યુથ એક્ષ્ચેનઝ પ્રોગ્રામ (અરુણાચલ પ્રદેશ) કડી સર્વ વિશ્વવિદ્યાલય અને અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના યજમાનપદે યોજવામાં આવ્યા હતા. ડૉ. રણછોડ રથવી આ સિદ્ધિ માટે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, કુલપતિશ્રી ડી. ટી. કાપડિયા અને ડૉ. વિજ્ઞા ઓઝા અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર હૃદય હૃદયનાં અભિનંદન પાઠવે છે.

### ઔદ્યોગિક મુલાકાત

● તા. ૫–૬-૭-૧૫ના રોજ બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.), ગાંધીનગર દ્વારા

એસવાયબીબીએના વિદ્યાર્થીઓ માટે પ્રતિષ્ઠિત ''કેડમેક મશીનરીઝ પ્રા.લિ.'' કંપનીની મુલાકાત ગોઠવવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ઉત્પાદનના વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા હતા. મશીનરીનું ઉત્પાદન અસેંબ્લી લાઇનમાં થઈ કઈ રીતે વેચાણ હેતુથી નાના તેમ જ મોટા બોક્સમાં ઓટોમેટિક પેકિંગ થઈ સ્ટોરરૂમમાં પહોંચે તેની માહિતી કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા આપવામાં આવી હતી. વધુમાં ઉત્પાદનના વિવિધ તબક્કાઓમાં સંચાલન કેવી રીતે કરવું તેમ જ ''પ્લાન્ટ લે આઉટ''ની ગોઠવણી કેવી રીતે કરવી તેની સમજૂતી આપી હતી, જેથી કરીને ''Optimum production with minimum cost''નો અભિગમ કેળવી શકાય. ઉલ્લેખનીય છે કે કંપની સમગ્ર ભારતમાં ૮૦ ટકા માર્કેટ પર આધિપત્ય ધરાવે છે તેમ જ વિદેશમાં પણ કંપનીનું મોટા પ્રમાણમાં વ્યાવસાયિક કાર્ય ચાલે છે. તા. ૧૯-૯-૧૫ના રોજ સેમેસ્ટર-૧ના ૧૨૪ વિદ્યાર્થીઓએ અમદાવાદ સ્થિત વરમોરા પ્લાસટેક પ્રાઈવેટ લિમિટેડ અંતર્ગત ફર્નિચર પ્લાન્ટ, પ્લાસ્ટિક પ્લાન્ટ અને હોમ વેર પ્લાન્ટની મુલાકાત લીધી હતી. આ કંપનીના વિવિધ વિભાગોના વડાઓ દ્વારા સંબંધિત વિભાગ વિશેની વિસ્તૃત માહિતી આપી હતી. તા. ૪ નવેમ્બરના રોજ ૭૬ વિદ્યાર્થીઓને ગાંધીનગરની મધુર ડેરીમાં લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને ઉત્પાદનના વિવિધ તબક્કાઓમાં સંચાલન કેવી રીતે કરવું તેમ જ પ્લાન્ટ લે-આઉટની ગોઠવણી કેવી રીતે કરવી તેની ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ મુલાકાત માટે મધુર ડેરીના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી મહેતાનો સારો સહકાર મળ્યો હતો. ડેરીના પ્રોડશન ડિપાર્ટમેન્ટના હેડ શ્રી કુંપાવત તેમ જ બી.બી.એ. કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને મધુર ડેરીના વર્તમાન સિનિયર માર્કેટિંગ ઑફિસર શ્રી પરેશભાઈ પટેલ એ વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાંઓથી વાકેફ કર્યા હતા.

● સેમેસ્ટર - ૪ના ૧૨૧ વિદ્યાર્થીઓ માટે અમદાવાદ સ્થિત અંકુર ઓઈલ ઇન્ડસ્ટ્રીઝ લિ.ની મુલાકાતનું આયોજન તા. ૫ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. કંપની તરફથી વિનોદભાઈ તેમ જ ભરતભાઈ દ્વારા કાચો માલ ગુજરાત તેમ જ મહારાષ્ટ્ર, હરિયાણા સહિતનાં રાજ્યોમાંથી મેળવવો, ૨૫૦ ટન તેલીબિયાંનો સંગ્રહ કરવાની ક્ષમતા ૮ પ્રકાર સ્ટોરેજ ટેક, ખાદ્ય તેલની પ્રોસેસ, અન્ય વેસ્ટેજ માલમાંથી ઓઈલ-સાબુ વગેરે બનાવવો વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત તા. ૩ તથા ૪ ડિસેમ્બરના રોજ ગોપાલ પોલિપ્લાસ્ટ લિ.ની મુલાકાત લેવામાં આવી હતી.

## જોબફેર

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ), ગાંધીનગર દ્વારા યુનિવર્સિટીના ''ઇન્ડસ્ટ્રી ઇન્સ્ટિટ્યૂટ ઇંટરેકશન સેલ'' (II-C)ના નેતૃત્વ હેઠળ યુનિવર્સિટી કક્ષાના જોબફેરનું આયોજન તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટી સંલગ્ન ૧૨ કૉલેજોના ૩૦૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જોબફેરમાં રાષ્ટ્રીયસ્તરે કાર્યરત ૧૫ કંપનીઓ જેમ કે કોટક મહેન્દ્રા બૅંક, આવા મિનરલ વોટર્સ, યૂરેકા ફોર્બ્સ પ્લેસમેંટ કન્સલ્ટન્સી કંપનીઓ કોર્પ એચ. આર. બ્રિન્દા, એચ. આર. સોલ્યૂશન વગેરે દ્વારા વિવિધ પ્રોફાઈલ માટે પ્રાથમિક કક્ષાનાં ઇન્ટરવ્યૂ તેમ જ સિલેકશન ટેસ્ટ કૉલેજમાં ગોઠવવામાં આવ્યાં હતાં. પ્રારંભમાં શ્રી બ્રહ્માણી કૃપા હૉલમાં પ્રિ. ડૉ. રમાકાંત પૃષ્ટિએ કંપની પ્રતિનિધિઓ તેમજ ઉમેદવારોનું સ્વાગત કરી યુનિવર્સિટી તેમજ ટ્રસ્ટ વિશેની માહિતી આપી હતી. ત્યાર બાદ વિવિધ કંપનીના પ્રતિનિધિઓ દ્વારા જોબ પ્રોફાઈલ તેમજ આવશ્યક શૈક્ષણિક લાયકાત અને કાર્ય અનુભવ, જોબ ઓફર્સ વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર ડૉ. જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું.

## ટૂંકી વાર્તા શિબિર

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV), ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને ટૂંકી વાર્તાની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે અને લેખનકાર્ય કરવા પ્રેરાય તે હેતુથી ટૂંકી વાર્તાની વિભાવના અને રચનાશિબિરનું આયોજન તા. ૨૯-૯-૧૫ના રોજ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે પ્રા. નરેન્દ્રભાઈ નાઈએ ઉપસ્થિત તજ્જ્ઞ ડૉ. સોમાભાઈ પટેલનો પરિચય આપી સાહિત્યક્ષેત્રે તેમના પ્રદાનની માહિતી આપી હતી. ડૉ. સોમાભાઈ પટેલે વાર્તા એટલે શું ? ટૂંકી વાર્તામાં કથાવસ્તુ, પાત્રાલેખનકલા, ભાષાશૈલી, સંવાદકલા અને સંઘર્ષ કેવો હોવો જોઈએ તથા કેટલાક વાર્તાકારોની વાર્તાઓની ઝીણવટપૂર્વકની માહિતી આપી હતી. ત્યાર બાદ શિબિરાર્થીઓએ વાર્તાલેખન કરી પોતાની સ્વરચિત વાર્તાઓનું પઠન કર્યું હતું.

## તકેદારી પરિસંવાદ

● વીપીએમપી પોલિટેકનિક, ગાંધીનગર તા. ૨૮-૧૦-૧૫ના રોજ વિજિલન્સ અવેરનેસના ઉપક્રમે 'એથિક્સ ઍન્ડ નેકસ્ટ જનરેશન' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે CBI-ACB, ગાંધીનગરના ડીઆઈજી શ્રી રમનીશ ગીર, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કૉર્પોરેશનના ડેપ્યુટી જનરલ મૅનેજર શ્રી સંજયકુમાર અને હિન્દુસ્તાન પેટ્રોલિયમના સિનિયર મૅનેજર - વિજિલન્સ શ્રી ડીએચવી આનંદ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં પ્રિ. પ્રો. એ. જે. પટેલે સૌનું સ્વાગત કરીને સંસ્થાનો ટૂંકો પરિચય આપ્યો હતો. સરદાર વલ્લભભાઈની જન્મજયંતીના ઉપક્રમે યોજાયેલ આ સેમિનારમાં એચપીસીએલના શ્રી સંજયકુમારે જણાવ્યું હતું કે આવનારી પેઢીને યુવાવસ્થાથી જ નીતિમત્તા અને પ્રામાણિકતાના પાઠ ભણાવવા જોઈએ, જેથી કરીને એક આદર્શ અને અખંડ રાષ્ટ્રનું નિર્માણ થઈ શકે. મુખ્ય વકતા ડીઆઈજી શ્રી રમનીશ ગીરે રોજ-બરોજના જીવનમાં મૂલ્યો કેવો ભાગ ભજવી શકે છે તે દૃષ્ટાંતો આપીને સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં ૬૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો.

## નાગરિક સંરક્ષણ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા F.Y B.Comના વિદ્યાર્થીઓ માટે તા. ૫થી ૯-૧૦-૧૫ દરમિયાન સિવિલ ડિફેન્સ ટ્રેનિંગનું આયોજન બ્રહ્માણી કૃપા હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક સારવાર, આગ સામે રક્ષણ, નાગરિકોને કેવી રીતે જુદી જુદી કુદરતી અને માનવસર્જિત આફતોમાં મદદ કરવી વગેરે વિષયો પર રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. વિષય નિષ્ણાત તરીકે શ્રી જયેશ વાઘેલા - આસિ. ચીફ વોર્ડન અને ચીફ ઇન્સ્ટ્રક્ટર, ટ્રેનર શ્રી એમ.એમ. રાઠોડ - સિવિલ ડીફેન્સ, ગાંધીનગર અને શ્રી દીક્ષિત પટેલ - ગાંધીનગર સિવિલ ડીફેન્સ યુનિટ હાજર રહ્યા હતા.

## પરિસંવાદ

● વિદ્યાર્થીઓને શેર માર્કેટથી જાણકાર બનાવવાના હેતુથી તથા તેમનો શેર માર્કેટમાં રસ વધે તે માટે અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૩૦ સપ્ટેમ્બરથી ૩ ઑક્ટોબર દરમિયાન સ્ટોક માઇન્ડ ગેમ કમ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પીએચ.ડી.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને તેમને Ph.D. ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**૧. Biotechnology :**

1. Jagwani, Jayshree Shankerlal : ઇDevelopment of a Process for Microbial Biodegradation of Textile Dyes in Industrial Effluentsઝ / Subject : Biotechnology / Guide : Dr. Lakshmi. B. Ref. NO. Ph.D. / ISO/ 2015. 29/10/2015.

**૨. Chemistry :**

2. Chauhan, Jayprakash Satishbhai : Spectrophotometric Determination of Metal Ions by Pyridine Dicarboxylic Acids and Characterisation of the Complexes / Subject : Chemistry / Guide : Dr. Ajit V. Pandya. Ref. NO. Ph.D. / 183/ 2015. 05/11/2015.

3. Dabhi, Batuk Damjibhai : Method Development and Their Validation of Some Active Pharmaceutical Ingredients and Bio-

Active Molecules Using Analytical Technique / Subject : Chemistry / Guide : Dr. Denish C. Karia. Ref. NO. Ph.D. / 176/ 2015.10/10/2015.

4. Parekh, Jignesh Mahendrakumar : Quantitation of Drugs in Biological Matrices by Liquid Chromatography-Tandem Mass Spectrometry / Subject : Chemistry / Guide : Dr. Pranav S. Shrivastav. Ref. NO. Ph.D. / 177/ 2015. 10/10/2015.

**૩. Computer Science :**

5. Kamani, Krunalkumar Chunilal : Analysis of Next Generation Proximity Transaction Technology in Wireless Technology for Short-Range Communication & Designing of Transaction System / Subject : Computer Science / Guide : Dr. D. R. Kathiriya. Ref. NO. Ph.D. / 173/ 2015. 29/ 09/2015.

**૪. Education :**

6. Gadhavi, Rajendra Banesinh : Construction and Standardization of a Mechanical Aptitude Test for the Students of Secondary Schools of Gujarat State / Subject : Education / Guide : Dr. Ashwinkumar D. Shah. Ref. NO. Ph.D. / 175/ 2015. 13/10/2015.

7. Gajjar, Falgunibahen Jayantilal : Effectiveness of Concept Attainment Model with Reference to Educational Achievement in the Subject of Gujarati of Standard Nine / Subject : Education / Guide : Dr. Rameshchandra J. Vyas. Ref. NO. Ph.D. / 170/ 2015.08/09/2015.

8. Modi, Jatin Hasmukhbhai : A Comparative Study of Organizational Culture and Organizational Learning in Grant In Aid and Non Grant In Aid Educational Institutes of Gujarat / Subject : Education / Guide : Dr. Ramesh B. Ukavat. Ref. NO. Ph.D. / 174/ 2015. 01/10/2015.

9. Pal, Chitra Shriram : A Study of Aspiration, Adjustment and Scholastic Achievement of Orphan Children / Subject : Education / Guide : Dr. Bhavik M. Shah. Ref. NO. Ph.D. / 163/ 2015. 06/08/2015.

10. Parmar, Gaurang Kanjibhai : Construction and Try out of Virtual Reality Based Learning Material in Cemistry Subject of Standard 4 XI / Subject : Education / Guide : Dr. Milan T. Mistry. Ref. NO. Ph.D. / 181/ 2015. 29/10/2015.

11. Soni, Sejal Bhagavanbhai : A Study of the Pragna - an Activity Based Learning Approach / Subject : Education / Guide : Dr. Satishprakash Shukla. Ref. NO. Ph.D. / 182 / 2015. 02/11/2015.

**૫. English :**

12. Chaudhari, Minaben Jesangbhai : Novels of Manju Kapur: A Study in Feministic Approach / Subject : English / Guide : Dr. NamrataBajaj. Ref. NO. Ph.D. / 178/ 2015. 19/10/2015.

13. Joshi, Chetankumar Prahladbhai : Dalit Autobiographies: A Critical Study / Subject : English / Guide : Dr. Jagdish S Joshi. Ref. NO. Ph.D. / 168/ 2015. 08/09/2015.

14. Padia, Manishkumar Narottambhai : Thematic World and its Concerns In Select Plays Of Girish Karnad: A Critical Study / Subject : English / Guide : Dr. Moghajibhai F. Patel. Ref. NO. Ph.D. / 179/ 2015. 19/10/2015.

15. Patel, Ishitabahen Nareshbhai : Diasporic Sensibility in the Fiction of

Bharati Mukherjee / Subject : English / Guide : Dr. NamrataBajaj. Ref. NO. Ph.D. / 167/ 2015. 08/09/2015.

16. Patel, Vashishtha Jayantibhai : A Comparative Cogitation Between John Steinbecks Novels and Movies of John Ford Highlighting the Themes of Social Protest and Lack of Humanism / Subject : English / Guide : Dr. Alkeshkumar A. Patel Ref. NO. Ph.D. / 169/ 2015. 08/09/2015.

**૬. Management :**

17. Chavda, Virendrakumar Natvarbhai : A Study of Celebrity Endorsement & its Effect on Buying Behaviour of College Students in Gujarat / Subject : Management / Guide : Dr. Jaya Ashish Sethi. Ref. NO. Ph.D. / 171/ 2015. 28/09/2015.

18. Pandya, Bhargav Haribhal : An Analysis of Shareholder Value Creation in Indian Banks / Subject : Management / Guide : Dr. Shantanu Mehta. Ref. NO. Ph.D. /162/ 2015. 06/08/2015.

19. Raval, Rahul Rajendrakumar : A Study of Childrens Influence in Family Buying Decision Making With Special Reference to Gujarat State / Subject : Management / Guide : Dr. Kishor Barad. Ref. NO. Ph.D. / 172/ 2015. 28/09/2015.

20. Singh, Anu : Effectiveness of Performance Management System and Its Impact on Employee Commitment and Satisfaction in Banks in Gujarat (With Special Reference to Private Banks) / Subject : Management / Guide : Dr. Jaya Ashish Sethi. Ref. NO. Ph.D. / 166/ 2015. 08/09/2015.

**૬. Pharmaceutical Science :**

21. Joshi, Hetal Rajeshkumar : Development of Quality Standards of Selected Ayurvedic Formulations / Subject : Pharmaceutical Science / Guide : Dr. Niranjan S. Kanaki. Ref. NO. Ph.D. / 165/ 2015. 08/09/2015.

22. Patel, Rakeshkumar Babulal : Investigation on Role of Renin Angiotensin System in Inflammation and Nociception / Subject : Pharmaceutical Science / Guide : Dr. Mukul R. Jain. Ref. NO. Ph.D. / 164/ 2015. 08/09/2015.

23. Rachh, Milankumar Rameshchandra : Formulation and Development of Novel Drug Delivery Systems for Ciclopirox Olamine an Antifungal Drug / Subject : Pharmaceutical Science / Guide : Dr. Shrikalp Deshpande. Ref. NO. Ph.D. / 161/ 2015. 06/08/2015.

## પ્રી. આર. ડી. કેમ્પ

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના એન. એસ. એસ. યુનિટના ત્રણ વિદ્યાર્થીઓએ તા. ૮-૧૧-૧૫ના રોજ નાગપુર ખાતે યોજાયેલ વેસ્ટ ઝોન પ્રી. આર. ડી. કેમ્પમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે યોજાયલ ડિબેટ સ્પર્ધામાં વૈષ્ણવ કાજલે પ્રથમ અને પટેલ અંજલિએ તૃતીય નંબર મેળવ્યો હતો, તેમજ સાત રાજ્યોના વિદ્યાર્થીઓ વચ્ચે બંને વિદ્યાર્થિનીઓએ બેસ્ટ ટીમ તરીકેનો ઍવોર્ડ પણ પ્રાપ્ત કર્યો હતો.

## ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં અધ્યાપકો માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું તા. ૭-૧૨-૨૦૧૫ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્વયે અધ્યાપકો સ્ટ્રેસ વિના હળવાશથી કામ કરી શકે તે માટે સ્ટ્રેટ મૅનેજમેન્ટ વિશે ટ્રેનર શ્રી જે. સી. પટેલે માર્ગદર્શન આપ્યું હતું. આ

ઉપરાંત શરીરને સ્વસ્થ રાખવા, વિવિધ અંગોને સારા રાખવા માટેની વિવિધ ટેક્નિક્સ પણ તેમણે શીખવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં કૉલેજનાં આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝા સહિત ૨૨ અધ્યાપકો એ ભાગ લીધો હતો.

## મેગ્નેટ મૅનેજમેન્ટ પ્રદર્શન

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીપીએ), ગાંધીનગર દ્વારા મૅનેજમેન્ટ એગ્ઝિબિશન આયના - મેગ્નેટનું આયોજન તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્‌ઘાટન કડી સર્વ વિશ્વવિદ્યાલયના રિસર્ચ અને ડેવલપમેન્ટના ડીન ડૉ. રાજમલ જૈન દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજ દ્વારા કુલ ૧૨ પ્રોજેક્ટ વિદ્યાર્થીઓને નિદર્શન માટે પૂરા પાડવામાં આવ્યા હતા. 'ક્વૉલિટી મૅનેજમેન્ટ' થીમ આધારિત આ કાર્યક્રમમાં ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ફાઈનાન્સ, માર્કેટિંગ, માનવ સંસાધન, ઉત્પાદન વગેરેમાં ક્વૉલિટીના મહત્ત્વને સમજાવે તથા ઉદ્યોગોમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનનું અમલીકરણ કેવી રીતે થાય તે દર્શાવતાં વિવિધ પ્રદર્શન, પ્રોજેક્ટસના મોડલ્સ, ચાર્ટ, વીડિયો તેમજ કમ્પ્યૂટર પર પાવર પોઇન્ટ પ્રેજન્ટેશન દ્વારા નિદર્શન કર્યું હતું. આ પ્રદર્શનની રાજ્યની ૧૬ શાળાઓના ૧૫૦૦ વિદ્યાર્થીઓ તથા ૩૦ શિક્ષકોએ મુલાકાત લીધી હતી. કાર્યક્રમનું આયોજન પ્રિ. ડૉ. રમાકાન્ત પૃષ્ટિ, ડૉ. જયેશ તન્ના તેમજ મેગ્નેટ ઈવેન્ટ ઇન્ચાર્જ પ્રો. અમિતા પ્રજાપતિ અને સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

## યુવા સશક્તિકરણ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૩-૧૦-૧૫ના રોજ VPMP હૉલ (સેક્ટર-૧૫, LDRP કેમ્પસ), ગાંધીનગર ખાતે યુથ એમ્પાવર પ્રોગ્રામ અંતર્ગત જીવનમાં કેવી રીતે સફળ થવું, હકારાત્મક અભિગમ, માનવસંબંધો વધારવાની કળા તથા વ્યક્તિગત કૌશલ્ય વિકાસ વિશેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૬૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિષય નિષ્ણાત તરીકે શ્રી પરેશ પંડ્યા (કૉર્પોરેટ ટ્રેનર) - AMA હાજર રહ્યા હતા.

## રમતગમત

● ગુજરાત યુનિવર્સિટી આંતર ઝોન યુથ ફેસ્ટિવલમાં ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિની કુ. શ્રદ્ધા ગઢવી મિમિક્રિમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયેલ છે. આ પૂર્વે એલિસબ્રિજ ઝોનમાં કુ. શ્રદ્ધા ગઢવી બેસ્ટ ત્રણમાં પસંદગી પામી હતી. હવે કુ. શ્રદ્ધા આંતર યુનિવર્સિટી યુથ ફેસ્ટિવલમાં ભાગ લેશે.

## રિસર્ચ પ્રોજેક્ટ

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના અંગ્રેજી વિભાગનાં અધ્યક્ષા તથા એસોસિએટ પ્રોફેસર મિતા આર. શાહે, કડી સર્વ વિશ્વવિદ્યાલયના રિસર્ચ સેલ તરફથી આર્થિક સહાય પ્રાપ્ત કરી તાજેતરમાં રિસર્ચ પ્રોજેક્ટ - "Eco Criticism in Select Poems of Kalidasa" (૨૦૧૩-૨૦૧૫) પૂર્ણ કરેલ છે, જેને યુનિવર્સિટીના રિસર્ચ સેલના ડીન પ્રોફે. ડૉ. રાજમલ જૈને પ્રમાણભૂત કરેલ છે. ઇકો ક્રિટિસિઝમ થિયરી ૧૯૯૬માં સ્વીકૃત થયેલ છે, જેમાં પ્રકૃતિ નિરૂપણ, પ્રકૃતિ સંવર્ધન, પ્રકૃતિની માનવજીવન પર અસર, પ્રાણી - પક્ષીઓનું રક્ષણ, સમાજ તથા સંસ્કૃતિનું પ્રકૃતિ, માનવસમાજ તથા સંસ્કૃતિનું પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય તથા સુસંવાદિતા વગેરે તત્ત્વોનો અભ્યાસ થાય છે. અત્યારે ગ્લોબલ વોર્મિંગના કારણે ઋતુચક્રમાં પરિવર્તન જોવા મળે છે. આ થિયરી દ્વારા વ્યક્તિને પ્રકૃતિનો દૂરુપયોગ ન થાય તેવી ચેતવણી આપવામાં આવી છે. અને તેની જાણકારી માટે સતર્ક રહેવાની શીખ આપવામાં આવી છે. સંસ્કૃત સાહિત્યના પ્રખ્યાત કવિ અને નાટ્યકાર કવિકુલગુરુ કાલિદાસ કૃત છંદોબદ્ધ પ્રકૃતિ તથા ઊર્મિકાવ્યો : 'ઋતુસંહાર' અને 'મેઘદૂત'માં પ્રતિબિંબત ઈકોક્રિટિકલ તત્ત્વો ઉદાહરણ સહિત આ સંશોધનમાં દર્શાવેલ છે. આમ, આ સંશોધનમાં પશ્ચિમની થિયરી અને ભારતીય કૃતિઓનો સુભગ સમન્વય થયેલો છે અને આ રીતે આ ક્લાસિકલ કૃતિઓ પશ્ચિમી થિયરીના નવા અભિગમથી અહીં પ્રસ્તુત થયેલ છે. ઇન્ટર ડિસિપ્લિનરી સંશોધન ક્ષેત્રમાં આ સંશોધન કાર્યને એક નૂતન તથા આગવું પ્રદાન કહી શકાય.

આ ઉપરાંત અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા ડૉ. પ્રણવ જોષીપુરાને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા મેજર રિસર્ચ પ્રોજેક્ટ : ''પ્લેઈઝ ઑફ ઇન્ડિયન ડાયસ્પોરા ઈન સાઉથ આફ્રિકા'' વિષય પર સંશોધન કાર્ય માટે વર્ષ ૨૦૧૩થી ૨૦૧૫ માટે ઍવોર્ડ એનાયત થયેલ. આ પ્રોજેક્ટ અંતર્ગત ડૉ. જોષીપુરાએ દક્ષિણ આફ્રિકામાં વસતા ભારતીયો દ્વારા લખાયેલાં અંગ્રેજી નાટકો પર સંશોધન કરેલ છે. તેમણે પ્રસ્તુત અભ્યાસમાં નાટકો ઉપરાંત ઇતિહાસ અને કલ્ચર સ્ટડીઝનો પણ સમાવેશ કરેલ છે. આ નાટકો દક્ષિણ આફ્રિકામાં વસતા ભારતીયોની સ્થિતિનું નિરૂપણ કરે છે. તેમણે બે વર્ષના સઘન સંશોધન બાદ એપ્રિલ, ૨૦૧૫માં આ પ્રોજેક્ટ પૂર્ણ કરી UGCને સુપ્રત કરેલ છે. જોષીપુરાએ આ પૂર્વે UGCનો માઈનોર રિસર્ચ પ્રોજેક્ટ પણ ભારતીય નાટ્યકાર મહેશ દત્તાણીનાં નાટકો વિશે સંપન્ન કરેલ છે.

### વ્યાખ્યાન

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં M.comના વિદ્યાર્થીઓ માટે તા. ૧૨-૧૨-૧૫ના રોજ ડૉ. એન. એન. જાની (ડાયરેક્ટર - કમ્પ્યૂટર વિભાગ)ના 'ઇન્ટર્નશિપ વેલ્યૂ' વિશે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓની આવડતને લગતા પ્રશ્નો અને તેની જરૂરિયાત તથા ઇન્ડસ્ટ્રી સાથે કેવી રીતે સંપર્ક કરવો અને કેવી રીતે પોતાની જાતને તેમની સામે મૂકવી તે ઉદાહરણ સાથે સમજાવ્યું હતું. આ ઉપરાંત તા. ૧૯-૧૨-૧૫ના રોજ સૌરભ પાંડે (ફાઉન્ડર બ્રાન્ડ વેદાઝ)ના ડિજિટલ માર્કેટિંગ વિશે તથા. ૨૬-૧૨-૧૫ના રોજ 'ટ્રેનિંગ સ્કીલ ડેવલપમેન્ટ' વિશે શ્રી યોગેશ ત્રિવેદીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શૈક્ષણિક મુલાકાત

● સૂરજબા મહિલા બી. એડ્ કૉલેજ, કડી દ્વારા તા. ૧૦-૧૨-૧૫ના રોજ પ્રા. જગદીશ એસ. પટેલ અને લાઇબ્રેરિયન શ્રી કલ્પનાબહેન દવેના માર્ગદર્શન નીચે શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે GCERT/DIET પાઠ્યપુસ્તક મંડળ અને મહાત્મા મંદિર તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરની મુલાકાત માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન GCERTના સચિવશ્રી આર.આર. પટેલે તેમજ દરેક શાખાના અધ્યાપકો દ્વારા તાલીમાર્થી બહેનોને વિવિધ શાખાઓની વર્તમાન કામગીરીઓથી તથા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પણ તેમની વિવિધ શાખાઓ વિશેની કામગીરીથી તથા પ્રવૃત્તિઓ અને પ્રકાશનોથી વાકેફ કરવામાં આવી હતી.

## સ્પર્ધાત્મક પરીક્ષાઓ

● બી.પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.), ગાંધીનગર દ્વારા તા. ૧૬-૯-૧૫ના રોજ સરકારી તેમ જ બિનસરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી થાય તેમ જ ઉચ્ચ અભ્યાસ માટે શ્રેષ્ઠ કોર્સમાં દાખલ થઈ શકે તે હેતુથી જનરલ નોલેજ, ઇંગ્લિશ, રીઝનિંગ, મેથ્સ જેવા વિષયોની આવરી લેતી ૧૦૦ પ્રશ્નોની મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવતાં કૉલેજના ૬૪૧ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. ''ઇમરજિંગ ઓપર્ચ્યુનિટિસ ઈન ગવર્નમેન્ટ સેક્ટર'' વિષય પર તા. ૩ ઑક્ટોબરના રોજ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરતી પરીક્ષાઓ ક્યારે હોય, કઈ પોસ્ટ માટે, પરીક્ષામાં શું પુછાઈ શકે પરીક્ષાની તૈયારી કરવા શું વાંચવું, ઇન્ટરવ્યૂ કેવી રીતે આપવો વગેરે જેવા વિદ્યાર્થીઓના પ્રશ્નોના સમાધાન અર્થે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે વિનિત ઇન્સ્ટિટ્યૂટના શ્રી ભૌમિક પટેલ અને શ્રી મંગળભાઈ પટેલે સેવા આપી હતી. આ ઉપરાંત તા. ૧૮-૯-૧૫ના રોજ તૃતીય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્ગદર્શન આપતા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં કારકિર્દીના ઘડતર માટે જરૂરી વિષયો જેમ કે અંગ્રેજી, ગણિત, તર્કશક્તિ, સામાન્ય જ્ઞાન તેમ જ ઇન્ટરવ્યૂ માટેની કેટલીક ટીપ્સ આપવામાં આવી હતી તેમ જ વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ થાય તેવું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## અભ્યાસક્રમ

● ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧૧ના તત્ત્વજ્ઞાન વિષયના શિક્ષકશ્રીઓ માટે પરામર્શન કાર્યક્રમ ત્રિમંદિર સંકુલ ખાતે તા. ૬થી ૮-૧૦-૧૫ દરમિયાન યોજવામાં આવ્યો હતો, જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ ઉ.મા. શાળા, ગાંધીનગરના શિક્ષક શ્રી દેવરાજભાઈ એચ. દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## ઉજાણી

● શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધોરણ ૧ અને ૨ની ૩૩૨ વિદ્યાર્થિનીઓ માટે તા. ૧૬-૧૨-૧૫ ના રોજ શાળાના મેદાનમાં દાબલા ઉજાણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કલા મહોત્સવ

● NCERT, ન્યુ દિલ્હી દ્વારા પ્રેરિત અને RMSA ગુજરાત પ્રાયોજિત અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી (ગ્રામ્ય) દ્વારા ગુરુકુળ વિદ્યાલય, મેમનગર, અમદાવાદ ખાતે તા. ૨૮-૧૦-૧૫ના રોજ "બેટી બચાવો, બેટી પઢાઓ" વિષય પર ભવાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ ઉ.મા. શાળા, ગાંધીનગરની ૧૩ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં આ શાળાએ ગુજરાત રાજ્ય કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરતાં ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ શ્રીમતી કામિનીબહેન મહંત, શ્રીમતી જયશ્રીબહેન મહંત, શ્રીમતી નંદાબહેન ગઢવી તથા શ્રી પંકજભાઈ પટેલે તૈયાર કરાવ્યો હતો. કાર્યક્રમનું વિષયવસ્તુ શ્રીમતી કામિનીબહેન મહંત અને સ્ક્રિપ્ટ (ડાયલૉગ્સ) શ્રીમતી નંદાબહેન ગઢવીએ તૈયાર કર્યાં હતા.

## કારકિર્દી સેમિનાર

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ ઉ. મા. શાળા, ગાંધીનગરની ધો-૯થી ૧૨ની વિદ્યાર્થિનીઓ ઉજ્જ્વળ કારકિર્દી ઘડી શકે તે હેતુથી શાળા પરિસરમાં તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ શ્રી ધવલ ગોકાણીનું વક્તવ્ય ગોઠવવામાં આવ્યું હતું. શ્રી ગોકાણીએ વિદ્યાર્થિનીઓને કારકિર્દી ઘડતર માટે આત્મસંતોષ, સમજણ, તૈયારી, પુનરાવર્તન અને રજૂઆતને ધ્યાનમાં લેવા જણાવ્યું હતું, તેમજ તેમણે ધો-૧૦ અને ધો-૧૨ પછી ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમો અને તેમાં રહેલ નોકરીની તકો અંગે વિગતવાર છણાવટ કરી હતી. આ ઉપરાંત તા. ૮ ડિસેમ્બરના રોજ 'બ્રહ્માણી કૃપા' હૉલમાં કારકિર્દી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉ. મા. વિભાગની ૩૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ હાજરી આપી આ સેમિનારમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડીન એસ. એમ. શાહે ધો-૧૨ પછીના વિવિધ અભ્યાસક્રમોની વિગતવાર માહિતી આપી, તેમજ કમ્પ્યૂટરના જ્ઞાનની ઉપયોગિતાની સમજ આપી હતી. આ ઉપરાંત B.B.A., B.Com., LL.B. જર્નાલિઝમ, ફૅશન ડિઝાઇન, સાયબર ક્રાઈમને લગતા અભ્યાસક્રમોની પ્રવર્તમાન સમયમાં મહત્તા સમજાવી હતી. વધુમાં B.B.A. કૉલેજના પ્રો. આશિષ ભુવા M.B.A. With Finance, Marketing, H.R. જેવા અભ્યાસક્રમોની તથા અશ્વિનભાઈ કૉમર્સ કૉલેજના પ્રો. સમીર પંડ્યાએ B.com, C.A., C.S., ICWA જેવા અભ્યાસક્રમોની વિગતવાર માહિતી રજૂ કરી હતી.

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

● તા. ૨૯-૩૦, સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સરકારી પ્રાથમિક શાળા સેક્ટર–૨૦/૧, ગાંધીનગર ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે.બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલી કૃતિ સમુદ્રના પાણીમાંથી સૂર્ય પ્રકાશની મદદથી વીજળી ઉત્પન્ન કરવી અને મીઠું મેળવવું જિલ્લા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શન માટે પસંદગી પામી છે.

● તા. ૨૯ તથા ૩૦-૯-૧૫ના દિવસોમાં તાલુકા

કક્ષાએ આયોજિત ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૫માં શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ રજૂ કરેલ કૃતિ 'લાઇટ સેન્સર સર્કિટ' જિલ્લા કક્ષા માટે પસંદગી પામી છે.

● શ્રીમતી કમળાબહેન અમૃતલાલ શિવહરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના વિદ્યાર્થીઓએ સતલાસણા મુકામે યોજાયેલ જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન આપત્તિ વ્યવસ્થાપન વિભાગમાં રજૂ કરેલ હાઈડ્રોલિક જેક કૃતિ રાજ્યકક્ષાએ પસંદગી પામી.

## ગરમ કપડાંનું વિતરણ

● શિયાળાની ઋતુમાં ખૂબ જ ઠંડી પડી રહી છે ત્યારે ગાંધીનગરનાં ઝૂંપડાં અને ફૂટપાથ પર વસવાટ કરતા ગરીબ પરિવારોનાં બાળકોને મદદરૂપ નીવડવાની ભાવનાથી પ્રેરાઈને શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં વિદ્યાર્થીઓ દ્વારા ગરમ સાલ, સ્વેટર, જાકિટ તેમજ અન્ય કપડાં એકત્ર કરી ચરેડી છાપરામાં વિતરણ કરવામાં આવ્યું. આ સમાજસેવાનું કાર્ય પૂર્ણ કર્યા બાદ બાળકોએ બલરામ મંદિરમાં યોજાયેલ પુસ્તકમેળાની મુલાકાત લઈ સારાં પુસ્તકોની ખરીદી કરી હતી, તેમજ સેક્ટર-૨૧ના પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ પોલીસ અધિકારીઓની કામગીરીની માહિતી મેળવી હતી.

## ચિત્રસ્પર્ધા

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૧૦-૧૨-૧૫ના રોજ ધોરણ ૭થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૭૮૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

## ટ્રેકિંગ કૅમ્પ

● તા. ૨૮થી ૩૧-૧૦-૧૫ દરમિયાન શ્રી જે.બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ૪૫ વિદ્યાર્થીઓએ માઉન્ટઆબુ એડવેન્ચર કૅમ્પમાં જોડાઈને રોપવે, ટ્રેકિંગ, જંગલની વનસ્પતિ અને પ્રાણીઓનો અભ્યાસ કર્યો તથા ટેન્ટ જીવનનો અનુભવ માણ્યો હતો. આ કૅમ્પમાં શાળાના ચાર શિક્ષકો શ્રી રૂચિતભાઈ ઠાકોર, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી ડાહીબહેન પટેલ અને શ્રી સરોજબહેન એસ. પટેલ જોડાયાં હતાં.

ઉપર્યુક્ત કૅમ્પમાં શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ૩૨ વિદ્યાર્થીઓ અને ૩ શિક્ષકો શ્રી આર. આર. પટેલ, શ્રી જગદીશભાઈ પટેલ અને શ્રી પંકજભાઈ ડી. પટેલે ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ઝીપ લાઈન, ટ્રેકિંગ (પર્વતારોહણ) જેવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. જ્યારે શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ ઉ.મા. શાળા, ગાંધીનગરની ૨૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓ સાથે શાળાના શિક્ષકો સર્વશ્રી શ્રી મંજુલાબહેન ડોડિયા, શ્રી સોનલબહેન પટેલ અને શ્રી આર. જી. પટેલ પણ જોડાયાં હતાં. વિદ્યાર્થિનીઓએ પર્વતારોહણ ઉપરાંત માઉન્ટ આબુનાં ઐતિહાસિક સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લીધી હતી.

## ડૉ. આંબેડકર જન્મજયંતી

● ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ની જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે ગુજરાતની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉ. મા. શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓનું શાળા કક્ષાએ, ક્યુડીસી કક્ષાએ, એસ. વી. એસ. કક્ષાએ અને જિલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવ્યું હતું. માધ્યમિક અને ઉ.મા. વિભાગમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ ઉ.મા. શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ ચૌધરી હિરલ અને શાહ રાજવી વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમક્રમે અને નિબંધ સ્પર્ધામાં રાઠોડ સીમા અને પંડ્યા ક્રિના પ્રથમ ક્રમે રહેતાં પ્રત્યેકને રૂ. ૨૦૦નો રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવેલ. SVS કક્ષાની સ્પર્ધા તા. ૨૨-૯-૧૫ના રોજ શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલયમાં યોજવામાં આવી હતી, જેમાં વક્તૃત્વ સ્પર્ધામાં માધ્યમિક અને ઉ. મા. વિભાગમાં ચૌધરી હિરલ અને શાહ રાજવી પ્રથમ ક્રમે અને નિબંધ સ્પર્ધામાં માધ્યમિક વિભાગની રાઠોડ સીમા પ્રથમ ક્રમે વિજેતા થતાં રૂ. ૪૦૦નો રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવેલ. જિલ્લા કક્ષાની સ્પર્ધા તા. ૧-૧૦-૧૫ના રોજ DIET, ગાંધીનગર ખાતે યોજાઈ હતી જેમાં વકતૃત્વ સ્પર્ધામાં માધ્યમિક અને ઉ.મા. વિભાગમાં ચૌધરી હિરલ અને શાહ રાજવી પ્રથમ ક્રમે

રહ્યાં હતાં. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થિનીઓને રૂ. ૮૦૦નો રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ.

## નવી શિક્ષણનીતિ

● ગુજરાત રાજ્ય જિલ્લા કક્ષાની નવી શિક્ષણનીતિનાં ઓનલાઈન સૂચનોના અંગ્રેજી ભાષાંતરની કામગીરી બી. આર. સી. ભવન, ગાંધીનગરમાં યોજવામાં આવી હતી, જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ. મા. શાળા, ગાંધીનગરના શિક્ષકશ્રી કમલેશભાઈ આર. શર્માએ તા. ૨૪-૯-૨૦૧૫ અને ૯-૧૦-૨૦૧૫ના દિવસોમાં ભાગ લઈ પ્રાપ્ત સૂચનોનું ભાષાંતર કર્યા પછી બધા જ પ્રશ્નો અંગેનાં સૂચનો ઓનલાઈન ડાઉનલોડ કર્યા હતા.

## નાતાલ પર્વ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૨૩-૧૨-૨૦૧૫ના રોજ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓ માટે કાવ્યગાન અને ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે-સાથે વિદ્યાર્થીઓએ ક્રિસમસ ગીત ડાન્સ સાથે સાન્તા ક્લોઝની વેષભૂષા રજૂ કરી હતી.

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમમાં તા. ૨૩-૧૨-૧૫ના રોજ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી, જેમાં ઈસુ ખ્રિસ્તના જન્મદિનની ઉજવણી નિમિત્તે મનપસંદ એવા સાન્તાક્લોઝ અને મધર મેરીનું પાત્ર શિક્ષકોએ ભજવ્યું હતું.

## નિબંધ સ્પર્ધા

● શ્રી અરવિંદના ૧૪૩મા જન્મદિન નિમિત્તે ગાંધીનગરના સેક્ટર-૨૩મા સ્થિત શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે ‘અમને શ્રી અરવિંદની વાત કહો’ વિશે નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ.મા. શાળા, ગાંધીનગરની ધોરણ ૯થી ૧૨ની ૨૬ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ધોરણ ૧૦/એની વિદ્યાર્થિની કુ. નીકી વિનોદભાઈ પાઠકે દ્વિતીય ક્રમાંક અને ધોરણ ૧૦/એની ઝાલા મનીષા આર.એ ચોથો ક્રમાંક પ્રાપ્ત કરતાં અનુક્રમે રૂ. ૨૫૦ અને રૂ. ૧૦૦નો પુરસ્કાર મેળવ્યો.

## પૂજ્ય છગનભા પદ્મ સ્પર્ધા

તા. ૨૬-૧૨-૧૫ના રોજ કડી ખાતે આયોજિત પૂજ્ય છગનભા પદ્મ સ્પર્ધામાં શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ૧૧ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો, જેમાં લાંબીકૂદમાં પ્રથમ નંબરે ચંપાવત ભાગ્યશ્રી સંજયસિંહ (૮-અ), ગોળાફેંકમાં પ્રથમ નંબરે ચૌધરી નિમિષા ભગવાનભાઈ (૮-ક), સ્કેટીંગમાં ત્રીજા સ્થાને પટેલ યાત્રી હસમુખભાઈ (૮-ક), ટેબલ ટેનિસમાં ત્રીજા નંબરે જાની તુલસી હિતેશભાઈ (૭-અ) એ વિજેતા થઈ શિલ્ડ મેળવેલ છે. શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં ૧૨ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં લાંબીકૂદમાં પટેલ રાજ પંકજભાઈએ તૃતીય સ્થાન, ગોળાફેંકમાં રાવત સતીષ રણજિતસિંહે તૃતીય સ્થાન, વક્તૃત્વમાં પરમાર વૈભવ મણિલાલે દ્વિતીય સ્થાન, કેરમમાં શ્રીવાસ્તવ રોશન મનોજભાઈએ દ્વિતીય સ્થાન, ચેસમાં પટેલ વ્રજ કનુભાઈએ તૃતીય સ્થાન, ટેબલ ટેનિસમાં ગાંધર્વ મોહિન યુનુસભાઈએ પ્રથમ, સ્કેટીંગમાં આચાર્ય જય હરિરામે પ્રથમ અને બેડમિન્ટનમાં વણઝર ભાવેશ પ્રવીણભાઈએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ. ઈનડોર ગેઇમ્સમાં આ શાળાએ ચેમ્પિયનશિપ પ્રાપ્ત કરી. સેકન્ડરી અને હાયર સેકન્ડરી વિભાગમાં એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર ચેમ્પિયન બની. શાળામાંથી ૪ વિદ્યાર્થિનીઓ અને ૧૨ વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં વિજેતા થયા હતા.

## પ્રદૂષણમુક્ત દિવાળી

● શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨-૧-૧૫ના રોજ ‘પ્રદૂષણમુક્ત દિવાળી’ની ઉજવણી શા માટે કરવી જોઈએ તે અંગેનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે ફટાકડા ફોડવાથી વાતાવરણ કેટલું પ્રદૂષિત થાય છે તથા તેનાથી આપણા

આરોગ્ય પર કેવી ખરાબ અસર થાય છે તેની ચર્ચા કરવામાં આવી હતી અને ફટાકડા નહીં ફોડવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ધોરણ ૫થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે 'સ્વચ્છ ભારત નિર્મળ ભારત', 'પ્રદૂષણ એક વૈશ્વિક સમસ્યા', 'આપણી નૈસર્ગિક સંપત્તિ અને તેનું જતન' વિષય નિબંધ સ્પર્ધાનું આયોજન તા. ૧ ઑક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું.

## બાળપ્રતિભા સ્પર્ધા

● શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ ગાંધીનગર શહેર મહાનગરપાલિકા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા - ૨૦૧૫માં વિવિધ સ્પર્ધાઓ પૈકી (અ વિભાગ) : નિબંધલેખન : બલોલિયા આયશા (૪-ક) પ્રથમ, ચિત્રકલા : ગઢવી ઝલક (૫-ક) પ્રથમ, વક્તૃત્વ સ્પર્ધા : જોષી આર્યા (૫-અ) બીજો, સર્જનાત્મક કારીગરી : પટેલ હેત્વી (૫-અ) પ્રથમ, એકપાત્રિય અભિનય : શર્મા જીલ (૪-બ) પ્રથમ, ચિત્ર સ્પર્ધા : ચૌધરી પુષ્પદીપ હિંમતસિંહ, પ્રથમ, ભજન સ્પર્ધા : પટેલ દર્શન ગિરીશભાઈ, પ્રથમ, તથા બ વિભાગ : નિબંધ લેખન : ભાયાણી પ્રિયા (૮-ક), પ્રથમ, સર્જનાત્મક કારીગરી દેસાઈ : નિકીતા (૮-ક) પ્રથમ, એકપાત્રીય અભિનય : દવે વિશ્વા (૮-ડ) પ્રથમ તથા છંદ દોહા ચોપાઈ : બલોલિયા સલિકા (૮-ડ) પ્રથમ, લોકગીત : બલોલિયા સલિકા (૮-ડ) બીજો નંબર તથા સમૂહસ્પર્ધા : લગ્નગીત સમૂહગીત લોકનૃત્ય, નૃત્ય નાટિકા એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

## બાળવિજ્ઞાન કૉંગ્રેસ પરિષદ

● તા. ૧૯-૧૦-૧૫ના રોજ જિલ્લા કક્ષાની બાળ વિજ્ઞાન કૉંગ્રેસ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં, શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા ટપક સિંચાઈ પદ્ધતિ અને ઔદ્યોગિકરણ એમ બે પ્રોજેક્ટસ રજૂ કરવામાં આવ્યા હતા. આ બન્ને પ્રોજેક્ટસની પસંદગી રાજ્ય કક્ષાની બાળ વિજ્ઞાન કૉંગ્રેસ પરિષદ માટે થઈ.

## યુવક મહોત્સવ

● તાજેતરમાં ભિલોડા મુકામે રાજ્યકક્ષાનો યુવક મહોત્સવ યોજાયો હતો, જેમાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના ચિત્ર શિક્ષક શ્રી ભરતજી બાબુજીએ સમગ્ર તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ ચિત્ર સ્પર્ધા 'અ' વિભાગમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો.

## રમતગમત

● તા. ૯-૧૧-૨૦૧૫ના રોજ સાંઈ સ્પોર્ટ્સ, સેક્ટર-૧૫ ખાતે યોજાયેલ ૨૭બી ફૂટબૉલ અંડર-૧૪મા શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ દેસાઈ માનસી લાભુભાઈ ૭-બે અને ભાયાણી પ્રિયા દિલીપભાઈ ૮-ક એ પ્રથમ સ્થાન તથા ચૌધરી વિદ્યા માંડળભાઈ ૮-ડ અને જોષી હર્ષિદા પરસોત્તમભાઈ ૮-ક એ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

● શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિની પટેલ યાત્રી હસમુખભાઈ (ધો-૮-ક) એ રાજ્યકક્ષાની 'ઊંચીકૂદ' સ્પર્ધામાં નંબર મેળવી તા. ૧૧-૧૦-૧૫ના રોજ 'નૅશનલ વેસ્ટઝોન'ની અજમેર ખાતે યોજાયેલ 'ઊંચીકૂદ' સ્પર્ધામાં ભાગ લીધો.

● શ્રી જે.બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં સંસ્થાના આદ્ય સ્થાપક સ્વ. શ્રી પુરુષોત્તમદાસ આર. પટેલ (પૂજ્ય દાસકાકા) સ્મૃતિ શિયાળુ રમોતોત્સવ અને બાલમહોત્સવનું આયોજન તા. ૩ અને ૪ ડિસેમ્બર, ૨૦૧૫ના દિવસોમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી આર. સી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્ય શ્રી ચીનુભાઈ પટેલે મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહી પૂજ્ય દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આતસ જ્યોત પ્રગટાવી રમતત્સવને ખુલ્લો મૂક્યો હતો. આ રમોતોત્સવમાં દોડ, જંપદોડ, લીંબુચમચી, ગોળાફેંક, સંગીતખુરશી, ઝેરી ઢીંગલી, બુકબેલેંસ વગેરે સ્પર્ધાઓ તથા યુવક મહોત્સવમાં રંગોળી, વક્તૃત્વ, ચિત્રસ્પર્ધા, ગીત, એકપાત્રીય અભિનય, નિબંધ, વાર્તા, સુલેખન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લગભગ ૧૨૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સાથે શાળાના શિક્ષકો પણ ગોળાફેંક, મટકાદોડ, સંગીતખુરશી તથા દોરડાકૂદ જેવી સ્પર્ધાઓમાં જોડાયા હતા.

## રોબોટીક્સ સેમિનાર

● તારીખ ૮-૧૨-૨૦૧૫ના રોજ શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે રોબોટીક્સ અંગેની માહિતી મળી રહે તે હેતુથી રોબોટીક્સ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કડીની સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરો દ્વારા રોબોટીક્સ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## લોકજાગૃતિ

● તા. ૨૨-૯-૧૫ના રોજ D.S.P. કચેરી દ્વારા શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ - ૮ના વિદ્યાર્થીઓ સાથે લોકજાગૃતિ અને જીવન આસ્થાનો કાર્યક્રમ યોજાયો, જેમાં D.S.P. કચેરી ગાંધીનગરના કર્મચારી શ્રી કિરીટભાઈ જોષી, શ્રી મોહનભાઈ પરમાર, શ્રી મેઘ સોલંકી અને રાજશ્રીબહેનની ટીમ દ્વારા જન જાગૃતિ અભિયાનની માહિતી આપવામાં આવી. આ માહિતી અંતર્ગત મહિલા સુરક્ષા, સાવચેતીમાં જ સુરક્ષા, સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પોલીસ સહાયતા કેન્દ્ર દ્વારા મળતી તમામ સહાય તેમ જ વિડિયો કોન્ફરસ દ્વારા બાળકોને માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

## વક્તૃત્વ

● ગાંધીનગરમાં તા. ૬-૧૨-૧૫ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરના શિક્ષણ, રાજનીતિ, કારકિર્દી તથા સરળ વ્યક્તિત્વ અને જીવન ઝરમર જેવા વિષયો પર યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધામાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ. મા. શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ ચૌધરી હિરલ શિવરામભાઈ (માધ્યમિક વિભાગ) અને શાહ રાજવી (ઉ. માધ્યમિક વિભાગ) એ જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો.

## વિજ્ઞાનમેળો

● તાજેતરમાં સતલાસણા મુકામે આયોજિત જિલ્લાકક્ષાના વિજ્ઞાન મેળામાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના ધોરણ ૧૦ની વિદ્યાર્થિનીઓ પ્રજાપતિ પલ્લવી તથા ચૌધરી સ્વીટીએ તૈયાર કરેલ 'હાઇડ્રોલિક જેક' રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે. આ વિદ્યાર્થિનીઓને શિક્ષક શ્રી રાજેન્દ્રભાઈ પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## વિદ્યાર્થી સન્માન સમારોહ

● મહેસાણા જિલ્લા શાળા માધ્યમિક સંઘ દ્વારા મહેસાણા જિલ્લા સંઘ સાથે જોડાયેલી માધ્યમિક શાળાઓના તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ ગુરુકૃપા વિદ્યાવિહાર, દેદિયાસણ મહેસાણા ખાતે તા. ૪-૧૦-૧૫ના રોજ યોજાયો હતો, જેમાં શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ૧. હિરેનસિંહ વાઘેલા (ધોરણ ૧૦, ગુજરાતી વિષયમાં દ્વિતીય નંબર) ૨. ઠક્કર લખનકુમાર હસમુખભાઈ (ધોરણ ૧૦, મહેસાણા જિલ્લા શાળા માધ્યમિક સંઘમાં પ્રથમ સ્થાન) અને ૩. બારોટ શિવાની પી. અને દેસાઈ દિશા ઈશ્વરભાઈ (ધોરણ ૧૨ સાયન્સમાં બહેનોમાં ત્રીજો નંબર) પ્રાપ્ત કરી ઇનામ મેળવેલ છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવાનો સમારોહ તા. ૬-૧૧-૨૦૧૫ના રોજ વડવાળા મંદિર, દહેગામ – મોડાસા રોડ, રખિયાલ ખાતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની હાજરીમાં યોજાયો હતો, જેમાં શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓ ૧. ઠક્કર લખનકુમાર હસમુખભાઈ (ધોરણ ૧૦માં પ્રથમ) ૨. શાહ નિકુંજ ચિરાગભાઈ (સમાજવિદ્યામાં પ્રથમ) ૩. શાહ કૌશલ કિરીટકુમાર (ધોરણ ૧૨માં પ્રથમ) અને ૪. બારોટ શિવાની પ્રકાશકુમાર અને દેસાઈ દિશા ઈશ્વરભાઈ (બહેનોમાં પ્રથમ) સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## શૈક્ષણિક પ્રવાસ

● શ્રી જે.બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધો. ૧થી ૩ના વિદ્યાર્થીઓ માટે તા. ૧૪-૧૦-૧૫ના રોજ મહુડી તથા અમરનાથ પ્રવાસનું આયોજન તથા ધો. ૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે સાપુતારા, નાસિક, ત્ર્યંબકેશ્વર, શિરડી અને એસેલ વર્લ્ડ (મુંબઈ)ના ત્રણ

દિવસના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધો. ૭ અને ૮ની વિદ્યાર્થિનીઓ માટે સાપુતારા તથા સરદાર સરોવર બંધના શૈક્ષણિક પ્રવાસનું તા. ૨૫થી ૨૮ ઑક્ટોબર, ૨૦૧૫ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. સાપુતારા ખાતે કુદરતી સૌંદર્યનાં દશ્યો, સનસેટપોઇન્ટ, ગીરાધોધ, બોટનીકલ ગાર્ડન, મધઉછેર કેન્દ્ર વગેરે તથા ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવરબંધની મુલાકાત લીધી હતી. જળવિદ્યુતમથક તથા સ્ટેચ્યૂ ઑફ યુનિટીની તથા તેના ચાલુ કાર્યની પણ માહિતી મેળવી હતી. આ ઉપરાંત ધો. ૪ અને ૫ની વિદ્યાર્થિનીઓ માટે વડોદરાના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થિનીઓએ કમાટીબાગ, પ્રાણીસંગ્રહાલય, પ્લેનેટોરિયમ વગેરેની મુલાકાત લીધી હતી.

● શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધો. ૧નાં બાળકોને તા. ૨૯-૯-૧૫ના રોજ સેક્ટર-૨૮ના બગીચાની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. બાળકોમાં સમૂહભાવના કેળવાય તે હેતુથી સમૂહ નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા દ્વારા નિઃશુલ્ક બસની વ્યવસ્થા કરવામાં આવી હતી.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ ૫ અને ૬નાં વિદ્યાર્થીઓનો બે દિવસનો સરદાર સરોવર, વડોદરા, કબીરવડ, આજવા નિમેટા (ફનવર્લ્ડ)નો પ્રવાસ યોજવામાં આવ્યો હતો જેમાં શાળાનાં ૧૫૬ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ આ બધાં સ્થળોની મુલાકાત લઈ શૈક્ષણિક તેમજ ઐતિહાસિક માહિતી મેળવી હતી.

● શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડી દ્વારા તારીખ ૩૦-૧૦-૨૦૧૫ના રોજ માંડવી, અંજાર, નારાયણ સરોવર, કોટેશ્વર ભુજ વગેરે સ્થળોના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૪ વિદ્યાર્થીઓ તથા ૩ શિક્ષકો જોડાયા હતા.

● શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ધોરણ ૯ તથા ૧૦ના વિદ્યાર્થીઓ માટે સાપુતારા, નાસિક, ત્ર્યંબકેશ્વર, શનિદેવ અને મુંબઈ દર્શન, એસલ વર્લ્ડના શૈક્ષણિક પ્રવાસનું તા. ૨૩થી ૨૮-૧૦-૨૦૧૫ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસમાં શાળાના ૧૦ શિક્ષકો કર્મચારીઓ પણ જોડાયા હતા. આ ઉપરાંત ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે સુંધા માતાજી, આબુ અને અંબાજીના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૨ વિદ્યાર્થીઓ અને શાળાના ૧૦ શિક્ષકો / કર્મચારીઓ પણ જોડાયા.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ. મા. શાળા, ગાંધીનગરની વિજ્ઞાન પ્રવાહની ધો. ૧૧ અને ૧૨ની વિદ્યાર્થિનીઓ માટે માઉન્ટઆબુ, સુંધા માતાજી અને અંબાજીના શૈક્ષણિક પ્રવાસનું આયોજન તા. ૧૧ અને ૧૨ ડિસેમ્બર, ૨૦૧૫ દરમિયાન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાની કુલ ૧૦૫ વિદ્યાર્થિનીઓ અને ૮ શિક્ષકો જોડાયા હતા.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધોરણ ૮ની ૩૫૦ વિદ્યાર્થિનીઓએ તા. ૯-૧૨-૧૫ના રોજ ગાંધીનગર નાગરિક કો. ઓ. બૅંક લિ. તથા જીસીએસ કો. ઓ. બૅંકની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ગાં. ના. કો બૅંક લિ.ના એડિશનલ જનરલ મૅનેજર શ્રી પ્રકાશ કપૂર તથા જીસીએસ બૅંકના મૅનેજર શ્રી અનિલભાઈ પટેલે વિદ્યાર્થિનીઓને બૅંકની કામગીરી, એટીએમ, લૉકર્સ, ચેક, તથા ખાતના પ્રકાર, કેશ વિભાગ ઉપરાંત ૫૦૦ કે ૧૦૦૦ની નોટની સાચી ઓળખ કેવી રીતે કરી શકાય તેની ઊંડાણપૂર્વક રસપ્રદ માહિતી અને વિદ્યાર્થિનીઓને મૂંઝવતા પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. આ ઉપરાંત ધોરણ-૩ની વિદ્યાર્થિનીઓ માટે ગાંધીનગર જિલ્લાના પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ અડાલજની વાવ, પ્રભાહનુમાન મંદિર તથા ત્રિમંદિરના શૈક્ષણિક પ્રવાસનું આયોજન તા. ૧૬-૧૨-૧૫ના રોજ કરવામાં આવ્યું હતું.

## સરદાર જન્મજયંતી

● તા. ૩૧-૧૦-૧૫ના રોજ અખંડ ભારતના શિલ્પી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી પ્રસંગે ગુજરાત રાજ્યની રાજધાની ગાંધીનગરમાં વિધાનસભા ગૃહની સામે તથા ટાઉનહૉલની પાસેના

બગીચામાં સરદાર વલ્લભભાઈ પટેલની ૩૦ ફૂટની પ્રતિમાનું અનાવરણ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ. મા. શાળા, ગાંધીનગરની ૧૫૦ વિદ્યાર્થિનીઓ રેલીમાં તથા ૨૦૦ વિદ્યાર્થિનીઓ શ્રી સરદાર પટેલની જીવનયાત્રાના વિવિધ પ્રસંગોને જાણવા સમજવા પુસ્તક વાચન કાર્યમાં જોડાઈ હતી, તેમજ સરદારસાહેબના જીવનની ઝાંખી કરાવતા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૫૭ વિદ્યાર્થિનીઓ દ્વારા ''મેરે દેશ કી ધરતી'' શૌર્યગીત રજૂ કર્યું હતું. આ ઉપરાંત ૫થી ૭ મિનિટના નાના વક્તવ્યમાં ચૌધરી હિરલ શિવરામભાઈ એ. ''વિવિધતામાં એકતામાં સરદાર વલ્લભભાઈ પટેલ'' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. શેઠ સી. એમ. હાઇસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ૩૦૦ વિદ્યાર્થીઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પૈકી ૧૦૦ વિદ્યાર્થીઓ સરદાર વલ્લભભાઈ પટેલના પોશાકમાં હાજર રહ્યા. શાળાના શિક્ષકો શ્રી હરિભાઈ કે. પટેલ, શ્રી લાભુભાઈ દેસાઈ, અને આચાર્યશ્રી બી. કે. પટેલે હાજરી આપી. આ પ્રસંગે ઉપસ્થિત પ્રત્યેક વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને સરદાર પટેલના જીવન આદર્શોને દર્શાવતું પુસ્તક સરકારશ્રી તરફથી ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું.

## સાહિત્ય પર્વ

શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંતર્ગત સાહિત્ય પર્વની ઉજવણી તા. ૨૩ ડિસેમ્બરના રોજ કરવામાં આવી હતી, જેમાં ધોરણ ૧થી ૮ની ૨૭૦ વિદ્યાર્થિનીઓએ પોતાના અભ્યાસક્રમમાં આવતા ભાષા વિષયોનાં બાળગીત, અભિનય, નાટક, વેશભૂષા, રાસગરબા વગેરે સુંદર રીતે રજૂ કર્યાં હતાં. આ ઉપરાંત તા. ૧૮-૧૨-૨૦૧૫ના રોજ વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવવાની સ્પર્ધા ધોરણ ૬થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે યોજાઈ ગઈ જેમાં ૯૭૭ બાળાઓએ ભાગ લીધો હતો.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ

એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાયમરી શાળા, ગાંધીનગરમાં તા. ૨-૧૨-૧૫ના રોજ ધો-૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે વાર્તાકથન સ્પર્ધાનું, તા. ૪-૧૨-૧૨ના રોજ ધો-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું તથા ૯-૧૨-૧૫ના રોજ ધો. ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે એમ્બ્યુલન્સ નિદર્શનના કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ૧૦૮ એમ્બ્યૂલન્સ સેવા વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી. તા. ૩૦-૧૨-૧૫ના રોજ સલાડ મેકિંગ સ્પર્ધા અંતર્ગત વિદ્યાર્થીઓએ વિવિધ શાકભાજી અને ફળોના સલાડ બનાવ્યાં હતાં.

## સ્કાઉટ ગાઈડ રેલી

શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ તા. ૨૨-૧૨-૨૦૧૫ના રોજ ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઇડ સંઘ દ્વારા યોજાયેલ રેલીમાં તથા કેમ્પ ફાયર, છાવણી, નિરીક્ષણ, અવલોકન સહિતની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓએ આરોગ્ય, સમાજસેવા તથા માતૃભૂમિ અને લોકસેવા તથા ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા કેળવવાનું શિક્ષણ મેળવી સારા નાગરિક બનવાની શીખ મેળવી હતી. વિદ્યાર્થિનીઓ સાથે શાળાના સ્કાઉટ માસ્ટર સરિતાબહેન ત્રિપાઠી ઉપસ્થિત રહ્યાં હતાં.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૫, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૫, સળંગ અંક : ૩૦**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



←

શ્રી વી. એમ. પટેલ કુમાર
અને
શ્રીમતી એચ. વી. પટેલ કન્યા
બાલમંદિર દ્વારા આયોજિત
દિપાવલીપર્વ તથા
નાતાલપર્વની
ઉજવણીનાં દશ્યો.

↓





જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગર
દ્વારા આયોજિત નાતાલપર્વની ઉજવણીનું દશ્ય

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 5, Issue No. 6 November-December 2015
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના શારીરિક શિક્ષણના અધ્યાપક અને એન. એસ. એસ.ના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. રણછોડ રથવીને બેસ્ટ પ્રોગ્રામ ઑફિસર તરીકેનો 'ઇંદિરા ગાંધી નેશનલ એન. એસ. એસ. એવોર્ડ ૨૦૧૪-૧૫' એનાયત કરતા ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી પ્રવણ મુખરજી.

